# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

08 JUNE-2026 MONDAY

વર્ષ-15 । અંક-207 । વિક્રમ સંવત-2082 । જેઠ વદ-08 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





પેજ-08
રકુલ પ્રીત સિંઘે ટ્રોલરોની જોરદાર ઝાટકણી કાઢી...





પેજ-09
20 વર્ષ સુધી ક્રિકેટ પર રાજ કરવા વૈભવ સૂર્યવંશીની તૈયારી


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 40.00 | 30.00 |
| વડોદરા | 39.00 | 31.00 |
| સુરત | 35.00 | 30.00 |





પેજ 5 — મોંઘવારીના મારથી મધ્યમવર્ગના બજેટમાં પડ્યું મોટું ગાબડું





પેજ 10 — અમેરિકી કંપનીઓની કમાણી પર રશિયન પ્રહાર


**.....સુવિચાર.....**
ક્ષમા આપવી એ ઉત્તમ છે, પણ ભૂલી જવું એ એના કરતાંય વધુ ઉત્તમ છે.

## 4 આલીશાન મકાન, 13 પ્લોટ અને પત્નીનાં લોકરમાં 2 કરોડ રોકડા

# પગાર માત્ર 6 હજાર...મિલકત કરોડોની!

### ભુવનેશ્વરમાં એન્જિનિયરના ઘરેથી નોટો ભરેલી 5 બેગ જપ્ત કરાઈ, તમામ સંપત્તિઓની કિંમત કરોડોમાં આંકવામાં આવી રહી છે

(એજન્સી) ભુવનેશ્વર। તા. 07

માત્ર 6 હજાર રૂપિયાના માસિક પગાર પર સરકારી નોકરી શરૂ કરનાર ઓડિશાના બૈકુંઠ નાથ બેહેરાની કરોડોની સંપત્તિનો ખુલાસો થયો છે. બૈકુંઠ નાથ કંધમાલ જિલ્લાના બલિગુડા સ્થિત એકીકૃત આદિજાતિ વિકાસ એજન્સી (ITDA) ના આસિસ્ટન્ટ એક્ઝિક્યુટિવ એન્જિનિયર છે.

ઓડિશા વિજિલન્સને બેહેરા પાસે આવક કરતાં વધુ સંપત્તિ હોવાની ફરિયાદ મળી હતી. આ પછી, ભુવનેશ્વરના વિશેષ ન્યાયાધીશ (વિજિલન્સ) ના સર્ચ વોરંટના આધારે વિજિલન્સે શુક્રવારે ભુવનેશ્વર, જાજપુર, બારીપદા અને કંધમાલ જિલ્લાના કુલ 9 સ્થળો પર એકસાથે દરોડા પાડ્યા.

આ દરમિયાન 5 બહુમાળી ઈમારતો, 13 પ્લોટ, સોનાના દાગીના અને બેંક લોકરમાંથી આશરે 2.4 કરોડ રોકડ જપ્ત કરવામાં આવી છે. તમામ સંપત્તિઓની કિંમત કરોડોમાં આંકવામાં આવી રહી છે. આને તાજેતરના વર્ષોની સૌથી મોટી આવક કરતાં વધુ સંપત્તિની કાર્યવાહીઓમાંની એક માનવામાં આવે છે.



### ભુવનેશ્વરમાં ચાર બહુમાળી આલીશાન મકાનો

ભુવનેશ્વરના 4 વિસ્તારો ઉપરાંત જાજપુર જિલ્લાના ધર્મશાળા સ્થિત પૈતૃક ઘર, સંબંધીઓના આવાસ, સરકારી ક્વાર્ટર અને ઓફિસમાં પણ તલાશી લેવામાં આવી. કાર્યવાહીમાં 2 એડિશનલ SP, 5 DSP, 6 ઈન્સ્પેક્ટર અને મોટી સંખ્યામાં અન્ય અધિકારીઓને કામે લગાડવામાં આવ્યા. તપાસમાં અત્યાર સુધી પાંચ મોટી ઈમારતો મળી આવી છે. તેમાં ભુવનેશ્વર સ્થિત નીલાદ્રી વિહારમાં લગભગ 10,500 ચોરસ ફૂટ ક્ષેત્રફળ ધરાવતી ચાર માળની ઈમારત સૌથી મોટી છે. આ ઉપરાંત, સેલશ્રી વિહારમાં ત્રણ માળનું ભવન, પટિયામાં બે માળનું મકાન, ચંદ્રશેખરપુરમાં બે માળનું મકાન છે. જાજપુર જિલ્લાના ધર્મશાળામાં પૈતૃક જમીન પર પણ બે માળની ઈમારત બનેલી છે. વિજિલન્સને બેહરા અને તેમના પરિવારના નામે 13 પ્લોટ પણ મળ્યા છે. તેમાંથી 7 પ્લોટ ભુવનેશ્વર, 5 જાજપુર જિલ્લાના ધર્મશાળા અને એક બારીપદામાં આવેલા છે. ભુવનેશ્વરમાં વધુ જમીન હોવાની માહિતી સામે આવી છે.

### પત્નીના બેંક લોકરમાંથી 2 કરોડ રોકડા મળ્યા

દરોડા દરમિયાન અધિકારીઓએ અલગ-અલગ ઠેકાણેથી માત્ર 2.66 લાખ રોકડ જપ્ત કર્યા. જોકે, તપાસકર્તાઓને જાણવા મળ્યું કે બેહરાની પત્નીના નામે ભુવનેશ્વરના ચંદ્રશેખરપુર સ્થિત એક્સિસ બેંક અને યુનિયન બેંક ઓફ ઈન્ડિયામાં બે લોકર છે. લોકર ખોલવામાં આવતા લગભગ 2 કરોડ રોકડા મળ્યા. નોટોની ગણતરી બેંકની મશીનો દ્વારા કરવામાં આવી રહી છે. આ ઉપરાંત, સોનાના દાગીનાનું વજન અને કિંમત પણ આંકવામાં આવી રહી છે. વિજિલન્સ બેંક ખાતાઓ અને અન્ય રોકાણોની પણ તપાસ કરી રહી છે.

## બંગાળમાં રોજ 200-300 લોકોનું વેરિફિકેશન; બોર્ડર પર બંને દેશોમાં એક સરખો તણાવ

# બાંગ્લાદેશ પાછા ફરવા જાતે જ સામે આવી રહ્યા છે અપ્રવાસીઓ

(એજન્સી) પશ્ચિમ બંગાળ। તા. 07

પશ્ચિમ બંગાળના ઉત્તર 24 પરગણા જિલ્લાની હકીમપુર ચેકપોસ્ટ પર આ દિવસોમાં ગેરકાયદેસર રીતે ભારતમાં રહેતા બાંગ્લાદેશી નાગરિકોની ભીડ એકઠી થઈ રહી છે. આ લોકો પોતાની ઓળખ જણાવીને બાંગ્લાદેશ પાછા ફરવાની ઈચ્છા વ્યક્ત કરી રહ્યા છે.

જોકે, સીમા સુરક્ષા બળ (BSF) તેમને સીધા સરહદ પાર મોકલવાને બદલે બાયોમેટ્રિક અને અન્ય ઓળખપત્રો લઈને બંગાળમાં બનાવેલા હોલ્ડિંગ સેન્ટરોમાં મોકલી રહ્યું છે. હકીમપુર બોર્ડર પર વેરિફિકેશન સેન્ટર પર રોજ લગભગ 200 થી 300 લોકો વેરિફિકેશન માટે પહોંચી રહ્યા છે.

આમાંથી ઘણા લોકો વર્ષો પહેલા ગેરકાયદેસર રીતે ભારતમાં આવ્યા હતા અને હવે બદલાતી પરિસ્થિતિઓ વચ્ચે પોતાના ભવિષ્યને લઈને ચિંતિત છે. ઘણા લોકો પાસે ભારતીય દસ્તાવેજો છે, પરંતુ બાંગ્લાદેશી ઓળખ સંબંધિત કાગળ નથી.





### અધિકારીઓએ કહ્યું- પહેલીવાર ગેરકાયદેસર પ્રવાસીઓને શોધવા પડતા નથી

BSFના એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું કે પહેલીવાર એવી સ્થિતિ સર્જાઈ છે જ્યારે ગેરકાયદેસર પ્રવાસીઓને શોધવાની જરૂર પડતી નથી. લોકો પોતે વેરિફિકેશન કરાવવા અને પોતાની ઓળખ નોંધાવવા માટે ચેકપોસ્ટ પર પહોંચી રહ્યા છે. અધિકારીના જણાવ્યા અનુસાર, સવારથી સાંજ સુધી લોકોની લાંબી લાઈન લાગેલી રહે છે અને વેરિફિકેશનમાં ઘણો સમય લાગી રહ્યો છે. સ્થાનિક સંગઠન 'ભૂખા માનુસેર અધિકાર અભિયાન'ના અધ્યક્ષ મોહર મંડલના જણાવ્યા અનુસાર, વેરિફિકેશન કરાવવા પહોંચી રહેલા મોટાભાગના લોકો બાંગ્લાદેશના છ જિલ્લાના છે અને ગેરકાયદેસર રીતે ભારતમાં આવ્યા હતા.

### પ્રવાસીએ કહ્યું- ભારતમાં રહી શકતા નથી, બાંગ્લાદેશ જઈ શકતા નથી

મુંબઈમાં રહેતા મોહમ્મદ અખ્તર શેખે જણાવ્યું કે તેઓ 22 વર્ષ પહેલા બાંગ્લાદેશથી ભારત આવ્યા હતા. તેમની પાસે ભારતીય આધાર કાર્ડ છે, પરંતુ બાંગ્લાદેશનો કોઈ દસ્તાવેજ નથી. તેમને ડર છે કે હવે તેઓ ન તો બાળકો સાથે રહી શકશે અને ન તો બાંગ્લાદેશ જઈ શકશે. આ જ રીતે, 20 વર્ષ પહેલા મુર્શિદાબાદના જલંગી બોર્ડરના રસ્તે ભારત આવેલા ઈસ્લામ સરદાર વાત કરતા-કરતા રડવા લાગ્યા. તેઓ કહે છે, 'હું બાંગ્લાદેશના બારીસાલ જિલ્લામાંથી આવ્યો હતો. દિલ્હીની ઝૂંપડપટ્ટીમાં આખી જિંદગી વિતાવી દીધી. સૌથી મોટો ડર એ જ છે કે જો બંને દેશોમાંથી કોઈએ અમને સ્વીકાર્યા નહીં તો શું થશે.'

## ફરી LPG સિલિન્ડરનાં ભાવ વધ્યાં, 29 રૂપિયા મોંઘો થયો ગેસ, ત્રણ મહિનામાં બીજીવાર વધારો ઝીંકાયો

# પેટ્રોલ-ડીઝલ બાદ હવે રસોડું ભડકે બળ્યું!

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

ઘરેલુ LPG સિલિન્ડર 29 રૂપિયા મોંઘો થયો છે. નવા દર આજે રાત્રે 12 વાગ્યાથી લાગુ થઈ ગયા છે. દિલ્હીમાં હવે 14.2 કિલોગ્રામવાળા ગેસ સિલિન્ડરની કિંમત 913 થી વધીને 942 થઈ જશે. ત્રણ મહિનામાં બીજી વાર LPGની કિંમત વધારવામાં આવી છે. આ પહેલા 7 માર્ચના રોજ LPG સિલિન્ડરના ભાવ 60 વધારવામાં આવ્યા હતા. આ રીતે 3 મહિનાની અંદર ઘરેલુ સિલિન્ડર 89 રૂપિયા મોંઘો થયો છે. ન્યૂઝ એજન્સી PTIના સૂત્રો અનુસાર, તેલ કંપનીઓનું કહેવું છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં વધેલી ઊર્જા ખર્ચ અને ઘરેલુ વેચાણ પર નુકસાનના કારણે કિંમતો વધારવી પડી છે.

**'કોઈ પણ પ્રકારની બચત કરવી સાવ અશક્ય બની ગઈ છે'**
તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, માત્ર રાંધણ ગેસ જ નહીં, પરંતુ છેલ્લા કેટલાક સમયથી LPG, લીલા શાકભાજી, દૂધ અને બાળકોની સ્કૂલ ફી સહિતની તમામ બાબતોમાં સતત ભાવ વધારો થઈ રહ્યો છે. મોંઘવારીના સમયમાં દર મહિને જાણે ગૃહિણીઓની અગ્નિપરીક્ષા લેવાતી હોય તેવું લાગી રહ્યું છે. દર વખતે નવો ભાવ વધારો આવે ત્યારે અમારે ઘર ચલાવવા માટે કયા આયોજનો કરવા અને કઈ રીતે પૈસા બચાવવા તે માટે નવા હુન્નર અજમાવવા પડે છે. એક સમય હતો જ્યારે મહિલાઓ ઘરખર્ચમાંથી થોડી-ઘણી કકસર કરીને ભવિષ્ય માટે બચત કરી શકતી હતી, પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં કોઈ પણ પ્રકારની બચત કરવી સાવ અશક્ય બની ગઈ છે.

## બિહાર-ઝારખંડમાં વીજળી પડવાથી 6નાં મોત

(એજન્સી) ભોપાલ । તા. 07

દેશમાં ગુજરાત સિવાયના અન્ય તમામ રાજ્યોમાં પ્રી-મોન્સુન વરસાદ થઈ રહ્યો છે. મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, બિહાર, ઝારખંડ, હરિયાણા, હિમાચલ પ્રદેશ સહિત દક્ષિણી અને નોર્થ ઈસ્ટના રાજ્યોમાં શનિવારે ભારે વરસાદ થયો.

બિહારના જમુઈ, મુંગેર, બાંકા અને બક્સર જિલ્લામાં ચાર લોકોના અને ઝારખંડમાં 2 લોકોના વીજળી પડવાથી મોત થયા. એમપીના 4 જિલ્લામાં ભારે વાવાઝોડા સાથે વરસાદ થયો. શાજાપુરમાં કરા પડ્યા. નર્મદાપુરમ જિલ્લામાં બોયઝ હોસ્ટેલની છત પર ઝાડ પડ્યું.

રાજસ્થાનના બીકાનેરમાં વરસાદ સાથે કરા પડ્યા. શ્રીડુંગરગઢમાં વેરહાઉસનો ટીનશેડ અને કોટપુતલી-બહરોડમાં તંબુ ઉડી ગયો. યુપીના મઉ અને ગાઝીપુરમાં શનિવારે 50kmphની ઝડપે પવન ફૂંકાયો અને વરસાદ થયો.

# યુસુફ પઠાણે કહ્યું- મમતાએ સાંસદ પદ છોડવાનું કહ્યું નથી

(એજન્સી) કોલકાતા । તા. 07

TMC સાંસદ યુસુફ પઠાણે કહ્યું કે મમતા બેનર્જીએ તેમને ક્યારેય લોકસભા બેઠક છોડવા માટે કહ્યું નથી. પાર્ટીના કોઈ નેતાએ પણ મને આવો કોઈ મેસેજ આપ્યો નથી. મીડિયામાં જે સમાચાર ચાલી રહ્યા છે તે ખોટા છે.

અમારી છેલ્લી જે મીટિંગ થઈ હતી, તેમાં પણ આવી કોઈ ચર્ચા થઈ ન હતી. મને દુઃખ થાય છે કે આવી કોઈ પણ ખબર જે ઓફિશિયલ નથી, તેના પર સોશિયલ મીડિયા પર વાત થઈ રહી છે.

4 જૂને બંગાળના અખબાર આનંદ બજાર પત્રિકાએ દાવો કર્યો હતો કે મમતાએ સૌરવ ગાંગુલીને કહ્યું છે કે તેઓ યુસુફને લોકસભા બેઠક છોડવા માટે મનાવે, જેથી મમતા પેટાચૂંટણી દ્વારા સંસદ પહોંચી શકે.

પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ શનિવારે આ અંગે સ્પષ્ટતા કરી હતી. તેમણે કહ્યું કે, મેં મમતા બેનર્જીના કહેવા પર TMC સાંસદ યુસુફ પઠાણને બહરામપુર બેઠક પરથી રાજીનામું આપવા કહ્યું નથી. મીડિયાએ આવી અફવાઓ અને અટકળો પર વિશ્વાસ ન કરવો જોઈએ. ગાંગુલીએ મીડિયા હાઉસને પત્ર જાહેર કરીને કહ્યું- સત્યતા જાણ્યા વગર સમાચાર પ્રકાશિત ન કરો.

## દીકરીએ પિયાનો પર 'હેપ્પી બર્થડે'ની ધૂન વગાડી; 25 દિવસ પહેલા નિધન થયું હતું

# પ્રતીક યાદવના જન્મદિવસ પર પત્ની અપર્ણા ભાવુક થઈ

(એજન્સી) લખનઉ । તા. 07

સપા પ્રમુખ અખિલેશ યાદવના ભાઈ પ્રતીકના જન્મદિવસ પર પત્ની અપર્ણા ભાવુક થઈ હતી. તેણે ફેસબુક પર પ્રતીક અને પોતાની નાની દીકરી પદ્મજા સાથે તસવીર શેર કરી. લખ્યું- જેમ તમે કહેતા હતા, તમે હંમેશા યુવાન રહેશો.

ખરેખરમાં, પ્રતીકનું 25 દિવસ પહેલા એટલે કે 13 મેના રોજ લખનઉમાં હાર્ટએટેકથી નિધન થયું હતું. આજે (7 જૂન) તેમનો જન્મદિવસ છે. મોટી દીકરી પ્રથમાએ પિયાનો પર 'હેપ્પી બર્થડે'ની ધૂન વગાડીને પપ્પાને યાદ કર્યા. સફેદ રંગનો પિયાનો પ્રતીકે પ્રથમાને ગિફ્ટ કર્યો હતો.

આ ઉપરાંત, અપર્ણાએ પ્રતીક યાદવ માટે ફેસબુક પર સ્ટોરી પણ મૂકી છે. તેમાં પ્રતીક કાર રેસિંગ કરતા દેખાય છે. આ પહેલા, દીકરી પદ્મજાએ પોતાના હાથ પર પપ્પા પ્રતીકને ગળે લગાવેલું ટેટૂ બનાવડાવ્યું હતું. ટેટૂમાં પ્રતીક, પદ્મજાને ખૂબ જ પ્રેમથી ભેટેલા છે.




*અપર્ણાએ સોશિયલ મીડિયા પર આ તસવીર પોસ્ટ કરી છે. તેમાં પ્રતીક અને તેમની વચ્ચે નાની દીકરી પદ્મજા બેઠી છે.*

### પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં કાર્ડિયાક અરેસ્ટનો ખુલાસો થયો હતો

પ્રતીક યાદવના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં કાર્ડિયાક અરેસ્ટથી મૃત્યુ થયાનું સામે આવ્યું હતું. લખનઉ મેડિકલ કોલેજમાં થયેલા પોસ્ટમોર્ટમમાં ડોક્ટરોએ જણાવ્યું હતું કે ફેફસાંમાં મોટા પ્રમાણમાં લોહીના જામી ગયું હતું. આ જ કારણોસર હૃદય અને ફેફસાંએ કામ કરવાનું બંધ કરી દીધું, જેના કારણે તેમનું મૃત્યુ થયું.

# માતાના બોયફ્રેન્ડે કરી દીકરીની હત્યા : નવાંશહરમાં ગળું દબાવ્યું

(એજન્સી) પંજાબ । તા. 07

પંજાબના હોશિયારપુરના જંગલમાં સૂટકેસમાંથી 14 વર્ષીય છોકરીનો સળગેલો મૃતદેહ મળવાના કેસમાં પોલીસે મોટો ખુલાસો કર્યો છે. તપાસમાં સામે આવ્યું કે યુવતીની હત્યા તેની માતાના લિવ-ઈન પાર્ટનરે કરી હતી. આરોપીનો દાવો છે કે તેને છોકરીનું છોકરાઓ સાથે હળવું-મળવું પસંદ નહોતું. તે જ્યારે તેને આ વાતને લઈને રોકતો-ટોકતો હતો ત્યારે છોકરી તેની માતા સાથેના તેના સંબંધની વાત બધાને કહી દેવાની ધમકી આપતી હતી. તેનાથી નારાજ થઈને આરોપીએ પહેલા ગળું દબાવીને હત્યા કરી, પછી મૃતદેહને સૂટકેસમાં પેક કરીને ખુરાલગઢના જંગલમાં લઈ જઈને સળગાવી દીધો.

પોલીસે CCTV ફૂટેજ અને પૂછપરછના આધારે આરોપીની ધરપકડ કરી લીધી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી અને મૃતક યુવતીની માતા છેલ્લા બે વર્ષથી લિવ-ઈન રિલેશનશિપમાં રહી રહ્યા હતા. આરોપીએ પૂછપરછમાં હત્યાની વાત કબૂલી લીધી છે. શુક્રવારે (5 જૂન) હોશિયારપુરના ખુરાલગઢ વિસ્તારના જંગલમાંથી એક સૂટકેસમાંથી યુવતીનો સળગેલો મૃતદેહ મળી આવ્યો હતો.

## 'ચોર-ચોર'ના નારા લગાવતા કાર પર ઈંડા ફેંક્યા, દાવો- ધારાસભ્ય કારમાં નહોતા

# TMC ધારાસભ્ય મદન મિત્રાની કાર પર હુમલો

### 10 દિવસમાં TMCના ત્રીજા મોટા નેતા પર જનતા ભડકી

(એજન્સી) કોલકાતા । તા. 07

કોલકાતાના કમરહાટીમાં શનિવારે રાત્રે TMCના ધારાસભ્ય મદન મિત્રાની કાર પર લોકોએ હુમલો કર્યો. અરિયાદાહા વિસ્તારમાં આ ઘટના ત્યારે બની જ્યારે ધારાસભ્ય મુલાકાત લેવા ગયા હતા.

સ્થાનિક રહેવાસીઓએ 'ચોર-ચોર'ના નારા લગાવતા ધારાસભ્યની કાર પર ઈંડા ફેંક્યા. આ લોકો કટમની તરીકે આપવામાં આવેલા પૈસા પાછા આપવાની માંગ કરી રહ્યા હતા. આ ઘટનાનો એક વીડિયો વાયરલ છે.

જોકે, TMC નેતાએ બાદમાં દાવો કર્યો કે હુમલા સમયે તેઓ ગાડીમાં નહોતા, પરંતુ તેમણે આરોપ લગાવ્યો કે તેમના ડ્રાઈવર પર હુમલો કરવામાં આવ્યો હતો. મીડિયા રિપોર્ટ્સ મુજબ, કમરહાટીના વોર્ડ નંબર 14ના એક કાઉન્સિલરના ઘરની બહાર એક મીટિંગ ચાલી રહી હતી. જ્યાં ઓટો-રિક્ષા અને ઈ-રિક્ષા ચલાવનારા ઘણા લોકો ભેગા થયા હતા. આ લોકોની માંગ હતી કે વર્ષોથી કટમની તરીકે આપવામાં આવેલા પૈસા પાછા કરવામાં આવે. પ્રદર્શનકારીઓએ સ્થાનિક નેતાઓ પર ગેરકાયદેસર વસૂલીનો આરોપ લગાવ્યો અને તેમની વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા. વિરોધ વધતો જોઈને મદન મિત્રા આ મીટિંગ છોડીને ચાલ્યા ગયા.



**30 મે ના રોજ અભિષેક બેનર્જી પર હુમલો:** દક્ષિણ 24 પરગનાના સોનારપુરમાં ચૂંટણી પછી થયેલી હિંસાના પીડિત અસરગ્રસ્ત પરિવારોને મળવા ગયા હતા. તેમના પર ઈંટ, પથ્થર અને ઈંડા ફેંકવામાં આવ્યા. ધક્કામુક્કી પણ થઈ અને આંખમાં ઈજા થવાના સમાચાર આવ્યા. બાદમાં ઘણા લોકોને પકડવામાં આવ્યા.

**31 મે ના રોજ કલ્યાણ બેનર્જી પર હુમલો:** હુગલી જિલ્લામાં પોલીસ સ્ટેશન પાસે વિરોધ પ્રદર્શન દરમિયાન કથિત રીતે હુમલો થયો. TMC એ તેને જીવલેણ હુમલો ગણાવ્યો.

## ફાયરિંગ કેસમાં જામીન અરજી પર સુનાવણી કાલે, વકીલે કહ્યું- મારા ક્લાયન્ટના કારણે ફાયરિંગ કરવામાં આવ્યું નથી

# ખાન સરની કોચિંગ પર કાર્યવાહી થઈ શકે છે

(એજન્સી) પટના । તા. 07

ગ્લોબલ સ્ટડીઝના સ્થાપક ફૈઝલ ખાન ઉર્ફે ખાન સર સામે FIR કરવામાં આવી છે, પરંતુ તેમની ધરપકડ અંગે સસ્પેન્સ હજુ પણ છે. આ દરમિયાન, ફાયર ઈન્સ્પેક્ટર જનરલ મનોજ કુમાર નટ્ટે જણાવ્યું હતું કે ખાન સરની કોચિંગ ઈન્સ્ટિટ્યૂટમાં કેટલીક ખામીઓ જોવા મળી છે. જો નિયમોનું પાલન કરવામાં આવે તો તે ઠીક છે, નહીં તો કાર્યવાહી કરવામાં આવશે.

ખાનના વકીલ, અરવિંદ મહુઆરે જણાવ્યું છે કે ખાન આત્મસમર્પણ કરવાની કોઈ શક્યતા નથી. તેમને જામીન મેળવવાની જરૂર પડી શકે છે. મારા ક્લાયન્ટ ગોળીબાર માટે જવાબદાર નહોતા, તેમણે કહ્યું. પોલીસે FIRમાં ગમે તે લખ્યું છે. ખાન સરે એવું કોઈ નિવેદન આપ્યું નથી કે ગોળી મારો, હું જોઈ લઈશ. જામીન અરજી કરવામાં આવી રહી છે.

કોર્ટમાં આગોતરા જામીન અરજી કરવાનો સમય શનિવારે પૂરો થઈ ગયો હતો. અમે તેને સોમવારે કરીશું.




### ખાન સર પર હત્યાનો પ્રયાસ, આર્મ્સ એક્ટ હેઠળ FIR

શિક્ષક પર હત્યાનો પ્રયાસ અને આર્મ્સ એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. પટના પોલીસની 5 ગાડીઓ શુક્રવારની આખી રાત અલગ-અલગ સમયે ખાન સરની કોચિંગમાં પહોંચી, પરંતુ 24 કલાક પછી પણ ધરપકડ કરી શકી નહીં. વિદ્યાર્થીઓ પણ આખી રાત કોચિંગની બહાર બેઠા રહ્યા હતા. પોલીસ ગાડીમાંથી વારંવાર જાહેરાત કરતી રહી - 'હટી જાઓ, પાછા જાઓ', પરંતુ વિદ્યાર્થીઓ આખી રાત મક્કમ રહ્યા. ખાન સરને જાણનારાઓનું કહેવું છે કે તેઓ કોચિંગની અંદર જ હાજર છે. શિક્ષકના ગાર્ડ્સે પોલીસને નિવેદન આપ્યું - તેમણે અમને કહ્યું કે તમે ગોળી ચલાવો, બાકીનું અમે જોઈ લઈશું. આ આધારે પોલીસે ખાન સર વિરુદ્ધ BNSની કલમ 109 હેઠળ કેસ નોંધ્યો છે. આમાં આગોતરા જામીન પણ મળી શકતા નથી. શુક્રવારે કાયદો અને વ્યવસ્થાને લઈને IG ઓફિસમાં પોલીસની ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. પોલીસે વિદ્યાર્થીઓને અપીલ કરી હતી કે તેઓ કોઈ કોચિંગ સેન્ટરની ઉશ્કેરણીમાં ન આવે. ખરેખરમાં, 2 જૂનની રાત્રે પટના સ્થિત ખાન સરની કોચિંગ પર હુમલો થયો હતો. ઘટના દરમિયાન તેમના બોડીગાર્ડ્સ દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું હોવાનો વીડિયો સામે આવ્યો હતો.



ગૃહમંત્રી ફાંકા ફોજદારી કરે છે પરંતુ રોજ ગુજરાતમાં હત્યા, બળાત્કાર, લૂંટની ઘટનાઓ જોવા મળે છે

# કતારગામમાં થયેલા બે મર્ડર કાયદો અને વ્યવસ્થા સામે મોટા સવાલ: યોગેશ જાદવાણી AAP

અમદાવાદ/સુરત/ગુજરાત

સુરતના કતારગામમાં બે મર્ડરની ઘટના મુદ્દે AAP પ્રદેશ પ્રવક્તા યોગેશ જાદવાણીએ વીડિયોના માધ્યમથી ભાજપ સરકાર સામે સવાલ ઉઠાવતા કહ્યું હતું કે, સુરતનું કતારગામ ફરી એકવાર ચર્ચામાં આવ્યું છે, કારણ કે સિંગણપોર ખાતે એકસાથે બે મર્ડર થયા છે. ગૃહમંત્રી મોટી મોટી વાતો કરીને ફાંકા ફોજદારી કરે છે પરંતુ આજે ગુજરાતની કાયદો અને વ્યવસ્થા કથળેલી સ્થિતિમાં છે. કારણ કે રોજ હત્યા, મર્ડર, બળાત્કારની ઘટનાઓ જોવા મળે છે. જે રીતે પોલીસને વિરોધ પક્ષની પાછળ ડરાવવા ધમકાવવામાં વ્યસ્ત રાખી છે, એના કારણે આ પરિસ્થિતિ ઊભી થઈ છે. પોલીસને માત્ર બુટલેગરોના સેક્શનો વધારવા ઘટાડવા, એમની સિક્યુરિટી અને એમના માલ સપ્લાય વ્યવસ્થિત રીતે થઈ રહે , આ પ્રકારની કાર્યવાહીમાં પોલીસ લાગેલી છે. બીજી બાજુ પોલીસ વાહવાહી મેળવવા માટે વિરોધ પક્ષના નેતાઓને પકડી પકડીને ભાજપમાં ભેળવી દે છે, જેથી ભાજપના નેતાઓ પોલીસ પર



ખુશ રહે છે. એના પરિણામ અને ફળ સ્વરૂપે ખાસ કરીને સુરતમાં, જે ગૃહમંત્રીનું હોમ ટાઉન છે, ત્યાં રોજ દિવસની બે ત્રણ હત્યાઓના સમાચાર આવે છે, અને હવે આ નાની અને સામાન્ય વાત બની ગઈ છે.વધુમાં AAP પ્રદેશ પ્રવક્તા યોગેશ જાદવાણીએ જણાવ્યું હતું કે, થોડા સમય અગાઉ સુરતના કતારગામના ધારાસભ્ય કહેતા હતા કે “કતારગામમાં કોઈ ગેંગ વધવા દીધી નથી” સૂર્યા મરાઠી સામે હાદાની ગેંગ હતી, એમ આ બંને ગેંગને પોલીસે નથી મારી અને આ બંને ગેંગ સામસામે મર્ડર કરીને મરી ગઈ. હજી પણ સુરતના કતારગામમાં ત્રણ પોલીસ સ્ટેશન આવે છે, ચોક બજાર, કતારગામ અને સિંગણપોર. અને 10માંથી આઠ અરજીઓમાં ધારાસભ્યની આરોપી તરફમાં ભલામણ હોય છે, એના ફળરૂપે આજે કતારગામમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી છે. સ્ટેજ પરથી ભાષણ આપવામાં આવે છે કે કે “હવે એક પણ ગેંગ વધવા દીધી નથી” હકીકતમાં બધી જ ગેંગને ભાજપમાં ભેળવી દીધી છે અને પોલીસ સાથે મિલીભગત કરાવી છે. એટલે સામાન્ય માણસ આજે અસલામતી અનુભવી રહ્યો છે. અને એના કારણે જ અત્યારે રોજ લુખ્ખાઓ, ટપોરીઓ બેફામ બન્યા છે.

ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાએ સોશિયલ મીડિયા પર મંજુર થયેલા કામોની યાદી શેર કરી

# વિસાવદર, ભેસાણ અને જૂનાગઢ તાલુકાના વિકાસ કામોની ગ્રાન્ટ વિગતો જાહેર કરતા AAP ધારાસભ્ય ગોપાલ ઇટાલિયા

અમદાવાદ | આમ આદમી પાર્ટી વિસાવદર વિધાનસભાના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા દ્વારા સરકાર તરફથી તેમના વિસ્તારમાં મળતી વિકાસ ગ્રાન્ટ હેઠળ મંજુર થયેલા વિવિધ કામોની યાદી સોશિયલ મીડિયા પર જાહેર કરવામાં આવી છે. આ યાદીમાં વિસાવદર, ભેસાણ અને જૂનાગઢ તાલુકાના અનેક ગામોમાં થયેલા તથા મંજુર થયેલા વિકાસ કાર્યોની વિગતો સમાવાઈ છે, જોકે તમામ ગામોના નામ આ એક જ લીસ્ટમાં દર્શાવવામાં આવ્યા નથી. ધારાસભ્ય દ્વારા શેર કરવામાં આવેલી માહિતીમાં ગ્રાન્ટના અલગ-અલગ કામોની વિગતોને લોકોને સરળતાથી સમજાય તે રીતે રજૂ કરવામાં આવી છે, જેથી સ્થાનિક લોકો પોતાના વિસ્તારના વિકાસ કાર્યો વિશે જાણકારી મેળવી શકે.આ સાથે એવી પણ માહિતી આપવામાં આવી છે કે વિસાવદર, ભેસાણ અને જૂનાગઢ તાલુકાના તમામ ગામોમાં મળતી વિવિધ ગ્રાન્ટ અને વિકાસ કાર્યોની વધુ વિગત માટે સંબંધિત લિંક પરથી સંપૂર્ણ માહિતી મેળવી શકાય છે. આમ, સોશિયલ મીડિયા મારફતે જાહેર થયેલી આ માહિતીનો હેતુ પારદર્શિતા જાળવીને લોકો સુધી સરકાર દ્વારા થતા વિકાસ કાર્યો પહોંચાડવાનો છે. ધારાસભ્ય દ્વારા શેર કરવામાં આવેલી માહિતીમાં ગ્રાન્ટના અલગ-અલગ કામોની વિગતોને લોકોને સરળતાથી સમજાય તે રીતે રજૂ કરવામાં આવી છે, આ રીતે સ્થાનિક સ્તરે થતા કામોની જાણકારી સતત લોકો સુધી પહોંચે અને લોકો પણ પોતાના વિસ્તારમાં થઈ રહેલા વિકાસ અંગે માહિતગાર રહે, તે માટે આ પ્રકારની માહિતી સમયાંતરે શેર કરવામાં આવે છે.

ઓછા ખર્ચે અને ઓછા વિઘ્ને વિસાવદર-સતાધાર બાયપાસ શક્ય : ગોપાલ ઇટાલિયા

# વિસાવદર-સતાધાર રોડ બાયપાસ માટે AAP ગોપાલ ઇટાલિયાની સરકાર સમક્ષ રજૂઆત

અમદાવાદ/જૂનાગઢ/ગાંધીનગર/ગુજરાત| આમ આદમી પાર્ટી વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ માર્ગ અને મકાન વિભાગને પત્ર લખી નવા વિસાવદર-સતાધાર રોડ બાયપાસ બનાવવા રજૂઆત કરી છે. તેમણે જણાવ્યું છે કે વિસાવદર શહેર ધાર્મિક અને પ્રવાસન ક્ષેત્રે મહત્વ ધરાવે છે. શહેરની આસપાસ સતાધાર યાત્રાધામ, સાસણ ગીર, શ્રી કનકેશ્વરી માતાજી મંદિર, આઈ શ્રી રૂપલમાં રામપરા, આઈ નાગબાઈ મંદિર રામપરા અને સંત શ્રી રોહીદાસ મંદિર સરસઈ જેવા પ્રસિદ્ધ યાત્રાધામો આવેલાં છે. ઉપરાંત ભગવાન સોમનાથ મહાદેવ તરફ જવાનો માર્ગ પણ વિસાવદર શહેરમાંથી પસાર થાય છે. વર્ષ દરમિયાન લાખો યાત્રાળુઓ અને પ્રવાસીઓ અહીં આવતા હોવાથી તેમજ દિવાળી, જન્માષ્ટમી, હનુમાન જયંતિ, નવરાત્રિ, મહાશિવરાત્રી અને શ્રાવણ માસ દરમિયાન શ્રદ્ધાળુઓની સંખ્યા વધતા વિસાવદર શહેરના સાંકડા રસ્તાઓ પર ભારે ટ્રાફિક સર્જાય છે, જેના કારણે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યું છે કે બગસરા, ધારી, જૂનાગઢ, ભેંસાણ અને જેતપુર તરફથી સતાધાર, કનકાઈ, રામપરા, સાસણ ગીર અને સોમનાથ તરફ જતા રાહદારીઓ અને શ્રદ્ધાળુઓને ફરજિયાતપણે વિસાવદર શહેરમાંથી પસાર થવું પડે છે. આ સમસ્યાના ઉકેલ માટે તેમણે વિસાવદર પ્રાંત અધિકારીની કચેરીની પાછળથી શરૂ થઈ આશ્રમશાળા મંદિર સુધી બાયપાસ રોડ બનાવવાનો વૈકલ્પિક રૂટ સૂચવ્યો છે. અંદાજે સાડા ત્રણ કિલોમીટર લાંબા આ રૂટમાં ખાનગી અને સરકારી જમીનો તેમજ



**યાત્રાધામો અને શ્રદ્ધાળુઓની સુવિધા માટે વિસાવદર-સતાધાર બાયપાસ રોડની માંગ: ગોપાલ ઇટાલિયા**
**વિસાવદર શહેરના ટ્રાફિકના ભારને ઘટાડવા નવા બાયપાસ રોડની ખુબ જરૂરત છે: ગોપાલ ઇટાલિયા**
**વિસાવદર પ્રાંત અધિકારીની કચેરીની પાછળની સાઈડથી સૂચિત બાયપાસ રોડની શરૂઆત કરીને શહેરની બહાર આવેલા આર્ય સમાજ મંદિર સુધી બાયપાસ બનાવી શકાય તેમ છે: ગોપાલ ઇટાલિયા**
**સતાધાર, રામપરા અને સોમનાથ જતાં શ્રદ્ધાળુઓ માટે વૈકલ્પિક માર્ગની માંગ : ગોપાલ ઇટાલિયા**

ધ્રાફડ નદી અને પોપટડી નદીનો પટ વચ્ચે આવે છે, જ્યારે રેલવે, જંગલ વિભાગ અથવા અન્ય સરકારી મિલકતોનો કોઈ પ્રશ્ન ઉભો થતો નથી. તેમણે જણાવ્યું છે કે આ રૂટ સૌથી ટૂંકો, પ્રમાણમાં ઓછો ખર્ચાળ અને જનતા માટે વધુ ઉપયોગી બની શકે છે, તેથી લોકો, ખેડૂતો, વેપારીઓ, વટેમાર્ગુઓ અને લાખો શ્રદ્ધાળુઓની સુવિધા માટે વિસાવદર-સતાધાર રોડ બાયપાસ બનાવવામાં આવે તેવી તેમની ભલામણ છે.

# જંતર-મંતરથી વિદ્યાર્થી આંદોલનનો શંખનાદ, સરકાર નહીં જાગે તો લડત વધુ તેજ બનશે : ગોપાલ રાય

**પેપર લીક અને પરીક્ષા ગેરરીતિઓ સામે વિદ્યાર્થીઓ રસ્તા પર, આ તો માત્ર શરૂઆત છે : ગોપાલ રાય**
**દેશના યુવાઓનું ભવિષ્ય દાવ પર, શિક્ષણ મંત્રીની બરતરફીની માંગ યથાવત : ગોપાલ રાય**
**વિદ્યાર્થી-યુવાઓની લડાઈ રોકાવાની નથી, અમે આ લડાઈ જીતીને જ રહીશું : ગોપાલ રાય**

અમદાવાદ/ગુજરાત આમ આદમી પાર્ટી ગુજરાત પ્રભારી ગોપાલ રાયએ વિડીયોના માધ્યમથી જણાવ્યું હતુ કે જંતર-મંતર પર દેશના વિદ્યાર્થી-યુવાઓએ આંદોલનનો શંખનાદ કરી દીધો છે. છેલ્લા ઘણા દિવસોથી દેશના વિદ્યાર્થીઓ અને યુવાઓ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને દેશના વડાપ્રધાનની પહેલની રાહ જોઈ રહ્યા હતા. પછી ભલે તે નીટમાં પેપર લીકનો મુદ્દો હોય, SSC ની પરીક્ષા હોય, CBSE ની પરીક્ષા હોય કે કેન્દ્રીય યુનિવર્સિટીની પ્રવેશ પરીક્ષા હોય, આ તમામ પરીક્ષાઓમાં જે રીતે દેશના યુવાઓનું ભવિષ્ય દાવ પર લાગ્યું છે, જે રીતે વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને આત્મહત્યા કરવા માટે મજબૂર થવું પડ્યું છે, તેના માટે જવાબદાર શિક્ષણ મંત્રીને બરતરફ કરવાની માંગને સરકારે ઠુકરાવી દીધી છે.
આમ આદમી પાર્ટી ગુજરાત પ્રભારી ગોપાલ રાયએ વધુમાં



જણાવ્યું હતું કે કદાચ તેઓ વિચારતા હતા કે આના વિરોધમાં લડવા માટે કોણ આવશે? પરંતુ જે રીતે જંતર-મંતર પર હજારોની સંખ્યામાં વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ આંદોલનનું બ્યૂગલ ફૂંક્યુ છે, તે એક શરૂઆત છે. જો સરકાર પોતાની જિદ્દ પર અડગ રહેશે, તો આ આંદોલન આગળ વધુ તેજ બનશે. અત્યારે તો આ માત્ર શરૂઆત છે, આગળ હજી મોટી લડાઈ છે. આ લડાઈ રોકાવાની નથી. આ લડાઈ આ દેશના વિદ્યાર્થી-યુવાઓ લડશે અને આ લડાઈને જીતશે.

# News Brief

## AAP નેતા પિયુષ પરમારે સ્માર્ટ મીટર મુદ્દે શરૂ કરેલા આંદોલનનો આવ્યો સુખદ અંત

**પીજીવીસીએલએ જોહુકમી કરીને જે કનેક્શન કાપ્યા હતા, તેને આજે ફરીથી જોડવામાં આવ્યા: પિયુષ પરમાર AAP**

**ગુજરાતમાં સરકારનો એવો કોઈ પણ પરિપત્ર નથી કે જેમાં સરકારે સ્માર્ટ મીટર લગાવવા ફરજિયાત કર્યા હોય: પિયુષ પરમાર AAP**

અમદાવાદ/જુનાગઢ/ગુજરાત | આમ આદમી પાર્ટીના ખેડૂત નેતા અને ઓબીસી સેલ પ્રદેશ પ્રમુખ પિયુષ પરમારે સ્માર્ટ મીટર વિરુદ્ધના આંદોલનના સુખદ સમાધાન બાદ પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, ગઈકાલે માળિયા હાટી તાલુકાના ખોરાસા ગામમાં પીજીવીસીએલ કંપનીની જોહુકમી સામે આવી હતી. તેમણે ગઈકાલે નાના અને મધ્યમ વર્ગના લોકોના વીજળીના કનેક્શનો સ્માર્ટ મીટર લગાવવાના નામે કાપી નાખ્યા હતા, જેના કારણે અમે ગઈકાલે લડત શરૂ કરી હતી. ત્યારબાદ આજે અમે ધરણા પર બેઠા હતા અને એક જ કલાકમાં આ સમગ્ર મુદ્દાનો સુખદ અંત આવ્યો છે.
આમ આદમી પાર્ટીના નેતા પિયુષ પરમારે વધુમાં જણાવ્યું હતું કે, ગઈકાલે જે પણ લોકોના કનેક્શન કાપવામાં આવ્યા હતા એ લોકોના કનેક્શન જોડાઈ ગયા છે અને સાથે સાથે ભાજપના જૂનાગઢ જિલ્લા પ્રમુખ ચંદુભાઈ મકવાણા આવેલા અને એમણે ખુદ સ્વીકાર્યું કે “સ્માર્ટ મીટર લગાવવું ફરજિયાત નથી.” જેના કારણે અમે શાંતિપૂર્ણ અને ગાંધીચિંધ્યા માર્ગે શરૂ કરેલ આંદોલનને અહીંયા પૂર્ણ કરીએ છીએ. અમે જાણેલી વિગત પ્રમાણે ગુજરાતમાં સરકારનો એવો કોઈ પણ પરિપત્ર નથી કે જેમાં સરકારે સ્માર્ટ મીટર લગાવવા ફરજિયાત કર્યા હોય.

## ગાંધીનગરમાં આંગડિયા પેઢીના કર્મચારીને લૂંટનારી મહેસાણાની ત્રિપુટી ઝડપાઈ...

ગાંધીનગર | ગાંધીનગરના પેથાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગત 2 જૂનના રોજ આંગડિયા પેઢીના કર્મચારીને નિશાન બનાવીને 1.10 લાખની લૂંટને અંજામ આપનારી મહેસાણાની ત્રિપુટીને લોકલ ક્રાઈમ બ્રાન્ચે ગણતરીના દિવસોમાં દબોચી લીધી છે. પોલીસે આરોપીઓ પાસેથી લૂંટની રોકડ રકમ, બાઈક અને મોબાઈલ સહિત કુલ 1.82 લાખનો મુદ્દામાલ જપ્ત કરી ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો છે.

કલોલના ગોલથરા ગામના વતની અને એરટેલ રિચાર્જનું કલેક્શન કરતા પોપટજી કાળાજી ઠાકોર ગત તા. 2 જૂનના રોજ કલેક્શનના પૈસા ભરીને કુડાસણ સ્થિત આર.કે. એન્ટરપ્રાઈઝ આંગડિયા પેઢીમાં પહોંચ્યા હતા. ત્યાં તેમણે 2 લાખનું આંગડિયું કર્યા બાદ બાકીના 1.10 લાખ રોકડા લઈને બાઈક પર પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન વાવોલ-કોલવડા રોડ પર પાછળથી આવેલા ત્રણ અજાણ્યા શખ્સોએ તેમની બાઈકને આંતરી, ઝપાઝપી કરી 1.10 લાખની રોકડ ભરેલી બેગ ઝૂંટવીને ફરાર થઈ ગયા હતા. જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમસેટ્ટીએ આ કેસની ગંભીરતા જોઈને આરોપીઓને તાત્કાલિક ઝડપી પાડવા પીઆઈ દિવાનસિંહ વાળાની ટીમને ખાસ સૂચના આપી હતી. જેના પગલે LCB ની ટીમે ઘટનાસ્થળના સીસીટીવી ફૂટેજ તથા 'નેત્રમ પ્રોજેક્ટ' ની મદદથી તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવીને રૂપાલથી રાંધેજા ફાટક તરફ આવતા શંકાસ્પદ સ્પ્લેન્ડર બાઈકને કોર્ડન કરી ત્રણેય લૂંટારુઓને દબોચી લીધા હતા.

## ગોતા અંડરપાસની ધીમી ગતિની કામગીરીથી સ્થાનિકોએ કંટાળી બેસણું કરવામાં આવ્યું

અમદાવાદ | અમદાવાદના ગોતા વિસ્તારમાં વંદે માતરમ ચાર રસ્તા નજીક મ્યુનિસિપલ કોર્પોરેશન અને રેલવે દ્વારા સંયુક્ત રીતે અંડરપાસ બનાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. છેલ્લા ત્રણ વર્ષથી અંડરપાસ બનાવવાની કામગીરી કરવામાં આવી રહી છે અને ધીમી ગતિએ કામગીરી થઈ રહી છે. બ્રિજની કામગીરી દરમિયાન પાણીની લાઈન તૂટી જવાના કારણે નિર્માણાધીન અંડરપાસમાં પાણી ભરાતા સ્થાનિક લોકોમાં રોગચાળાનો ભય છે. જેના પગલે આજે રવિવારે સ્થાનિક લોકો દ્વારા અંડરપાસનું બેસણું રાખીને ઓમ શાંતિ ઓમ શાંતિના જાપ કર્યા હતાં. અવારનવાર રજૂઆત છતાં પણ ચોમાસા પહેલા અંડરપાસની કામગીરી પૂર્ણ નહીં થાય તો આસપાસમાં રહેતા 5000થી વધારે લોકોને ભારે હાલાકી પડશે. સ્થાનિકોના રોષને જોઈને શનિવારે(6 જૂન) મોડી સાંજે મેયર હિતેશ બારોટ ઉત્તર પશ્ચિમ ઝોનના અધિકારીઓ સાથે સ્થળ પર પહોંચ્યા હતાં. તાત્કાલિક ધોરણે મેયરે પાણીનો ભરાવો દૂર કરવા માટે ડીવોટરિંગ મશીન મુકાવ્યા હતા અને પાણી ખાલી કરાવવાની કામગીરી શરૂ કરાવવામાં આવી હતી. જોકે મેયર સ્થાનિક લોકોને મળીને વાતચીત ન કરતા સ્થાનિક લોકોમાં પણ રોષ ફેલાયો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉત્તર પશ્ચિમ ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર આર.પી.જોશીના જણાવ્યા મુજબ રેલવે વિભાગ દ્વારા રેલવે પોર્શનની કામગીરી દરમિયાન 900 mmની લાઈન ઉપરના મશીન હોલની દિવાલને નુકસાન થયું હોવાનું પ્રાથમિક તબક્કે જણાય છે. અંડરપાસની કામગીરી રેલવેના ભાગમાં રેલ્વે દ્વારા તથા બંને એપ્રોચ બાજુ બ્રિજ પ્રોજેક્ટ વિભાગ દ્વારા કન્સ્ટ્રક્શન કામગીરી ચાલુ છે.

# વિસાવદર, ભેસાણ અને જૂનાગઢ તાલુકાના વિકાસ કામોની ગ્રાન્ટ વિગતો જાહેર કરતા AAP ધારાસભ્ય

અમદાવાદ/જૂનાગઢ/ગાંધીનગર/ગુજરાત | આમ આદમી પાર્ટી વિસાવદર વિધાનસભાના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા દ્વારા સરકાર તરફથી તેમના વિસ્તારમાં મળતી વિકાસ ગ્રાન્ટ હેઠળ મંજુર થયેલા વિવિધ કામોની યાદી સોશિયલ મીડિયા પર જાહેર કરવામાં આવી છે. આ યાદીમાં વિસાવદર, ભેસાણ અને જૂનાગઢ તાલુકાના અનેક ગામોમાં થયેલા તથા મંજુર થયેલા વિકાસ કાર્યોની વિગતો સમાવાઈ છે, જોકે તમામ ગામોના નામ આ એક જ લીસ્ટમાં દર્શાવવામાં આવ્યા નથી. ધારાસભ્ય દ્વારા શેર કરવામાં આવેલી માહિતીમાં ગ્રાન્ટના અલગ-અલગ કામોની વિગતોને લોકોને સરળતાથી સમજાય તે રીતે રજૂ કરવામાં આવી છે, જેથી સ્થાનિક લોકો પોતાના વિસ્તારના વિકાસ કાર્યો વિશે જાણકારી મેળવી શકે.
આ સાથે એવી પણ માહિતી આપવામાં આવી છે કે વિસાવદર, ભેસાણ અને જૂનાગઢ તાલુકાના તમામ ગામોમાં મળતી વિવિધ ગ્રાન્ટ અને વિકાસ કાર્યોની વધુ વિગત માટે સંબંધિત લિંક પરથી સંપૂર્ણ માહિતી મેળવી શકાય છે. આમ, સોશિયલ મીડિયા મારફતે જાહેર થયેલી આ માહિતીનો હેતુ પારદર્શિતા જાળવીને લોકો સુધી સરકાર દ્વારા થતા વિકાસ કાર્યો પહોંચાડવાનો છે. આ રીતે સ્થાનિક સ્તરે થતા કામોની જાણકારી સતત લોકો સુધી પહોંચે અને લોકો પણ પોતાના વિસ્તારમાં થઈ રહેલા વિકાસ અંગે માહિતગાર રહે, તે માટે આ પ્રકારની માહિતી સમયાંતરે શેર કરવામાં આવે છે.

# સ્માર્ટ મીટર લગાવવું ફરજીયાત નથી, બળજબરી સામે અવાજ ઉઠાવો : ઇસુદાન ગઢવી AAP

- **મેં પહેલા કહ્યું હતું કે જેવી ચૂંટણી પૂરી થશે અને ભાજપ જીતશે એટલે પહેલું કામ સ્માર્ટ મીટર નાખવાનું કરશે : ઇસુદાન ગઢવી**
- **ચૂંટણી બાદ ગામડાઓમાં સ્માર્ટ મીટર લગાવવાની શરૂઆત, લોકો વિરોધ કરી રહ્યા છે : મત માંગવા આવેલા નેતાઓ આજે સ્માર્ટ મીટર મુદ્દે મૌન કેમ?: ઇસુદાન ગઢવી**

અમદાવાદ/ગુજરાત | બળજબરી પૂર્વક સ્માર્ટ મીટર લગાડવા મામલે પ્રતિક્રિયા આપતા આમ આદમી પાર્ટી પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ વિડીયોના માધ્યમથી જણાવ્યું હતું કે, મેં પહેલા કહ્યું હતું કે જેવી ચૂંટણી પૂરી થશે અને ભાજપ જીતશે એટલે પહેલું કામ સ્માર્ટ મીટર નાખવાનું કરશે. અત્યારે શહેરોની સાથે સાથે ગામડાઓમાં સ્માર્ટ મીટરો નાખવાનું કામ શરૂ કરવામાં આવી રહ્યું છે.
ઘણી જગ્યાએ તેનો વિરોધ થઈ રહ્યો છે, લોકો સ્માર્ટ મીટરોનો વિરોધ કરી રહ્યા છે. સ્માર્ટ સ્કૂલ અને સ્માર્ટ હોસ્પિટલ બનાવવાની વાત હતી. સ્માર્ટ મીટર બનાવવાની તો ક્યારેય વાત જ નથી થઈ. આપણે જ્યારે ખોબલે ખોબલે મત આપ્યા, જાતિ, કાકા, મામા, નાના અને આજુબાજુમાં જે દબાણ પડે તેના આધારે મત આપ્યા હતા, તેની હાલત આજે જુઓ.
ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતું કે, અત્યારે આપણી વચ્ચે આપણા જે વ્યક્તિઓ મત માંગવા આવ્યા હતા, મામાઓ હોય, કાકાઓ હોય, નાનાઓ હોય, ટિકિટ લઈને ધારાસભ્ય કે સાંસદ બન્યા હોય, તેમની પાસે બોલવાની હિંમત છે? તાકાત છે? ઘણી જગ્યાએ સ્માર્ટ મીટરોનો વિરોધ થઈ રહ્યો છે. સ્માર્ટ મીટર લગાવવું ફરજીયાત નથી. તમને બળજબરીપૂર્વક કરે તો તમે કહી શકો છો અમારે સ્માર્ટ મીટર નથી લગાવવું.

## ચાલુ કોર્ટમાં ઉશ્કેરાયેલા પતિએ પત્નીના વકીલને ચાર-પાંચ લાફા ઝીંકી દીધા

અમદાવાદ | અમદાવાદની ઘી કાંટા મેટ્રોપોલીટન કોર્ટમાં શનિવારે (છઠ્ઠી જૂન) બપોરે ચોંકાવનારી ઘટના સામે આવી હતી. કોર્ટ નંબર-15માં ઘરેલુ હિંસા (ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટ)ના એક કેસની સુનાવણી ચાલી રહી હતી. આ દરમિયાન ચાલુ કોર્ટે જજની હાજરીમાં જ એક ઉશ્કેરાયેલા પતિએ તેની પત્નીના વકીલ પર હુમલો કરી ચારથી પાંચ લાફા ઝીંકી દીધા હતા. આ અણધારી ઘટનાને પગલે વકીલો અને પક્ષકારોથી ભરેલા આખા કોર્ટ રૂમમાં સન્નાટો છવાઈ ગયો હતો અને સુરક્ષાને ધ્યાને રાખી જજ તાત્કાલિક ડાયસ પરથી ઊભા થઈ પોતાની ચેમ્બરમાં જતા રહ્યા હતા. મળતી માહિતી અનુસાર, રખિયાલ વિસ્તારમાં રહેતી પત્નીએ તેના પતિ વિરૂદ્ધ ઘરેલુ હિંસા સહિતની વિવિધ કલમો હેઠળ મેટ્રો કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. શનિવારે આ કેસની સુનાવણી હોવાથી બંને પક્ષો કોર્ટમાં હાજર હતા અને પોતાના કેસનો નંબર આવવાની રાહ જોઈ રહ્યા હતા. તે દરમિયાન પત્નીએ તેની બાજુમાં બેઠેલા એક અન્ય યુવક સાથે સ્વાભાવિક વાતચીત શરૂ કરી હતી. આ દ્રશ્ય જોઈ દૂર બેઠેલો પતિ શંકાશીલ વર્તણૂકને કારણે અચાનક ઉશ્કેરાઈ ગયો હતો અને ‘આ કોણ છે...?

# દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટના 9 જિલ્લામાં વરસાદની આગાહી : અમદાવાદમાં ગરમીનો પ્રકોપ યથાવત રહેવાની શક્યતા, ચોમાસું મહારાષ્ટ્રમાં પ્રવેશ્યું

અમદાવાદ | હવામાન વિભાગે આજે 7 જૂને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના 9 જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. આ પ્રિ-મોન્સુન એક્ટિવિટીના લીધે પંચમહાલ, દાહોદ, અમરેલી અને ગીર સોમનાથ જેવા વિસ્તારોમાં મેઘરાજાની પધરામણી થવાની શક્યતા છે. ઉલ્લેખનીય છે કે, દક્ષિણ-પશ્ચિમ ચોમાસું મહારાષ્ટ્રમાં પ્રવેશ કરી ચૂક્યું છે.
જોકે બીજી તરફ, અમદાવાદ સહિત મધ્ય અને ઉત્તર ગુજરાતના ભાગોમાં હજુ પણ કાળઝાળ ગરમી અને બફારાનો પ્રકોપ યથાવત રહેશે, જેથી અમદાવાદીઓએ અસહ્ય તાપ વચ્ચે હજુ થોડી રાહ જોવી પડશે.
હવામાન વિભાગની આગાહી મુજબ આજે રાજ્યના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદની શક્યતા છે, જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં પણ વરસાદ વરસી શકે છે. બીજી તરફ, ચોમાસું આગળ વધીને મહારાષ્ટ્ર સુધી પહોંચી ગયું છે, જેના કારણે આગામી દિવસોમાં હવામાનમાં ફેરફારની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. જોકે, હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી સાત દિવસ(13 જૂન સુધી) દરમિયાન તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી અને ગરમીનું પ્રમાણ યથાવત રહી શકે છે.
અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે, જ્યારે રાજ્યમાં સૌથી વધુ તાપમાન 41.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ અંગે હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું કે રાજ્યમાં ગરમીની સ્થિતિ હજુ યથાવત રહેશે, જોકે કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદથી લોકોને આંશિક રાહત મળી શકે છે.
મધ્ય અને ઉત્તર ગુજરાતમાં આગામી 4-5 દિવસ મુખ્યત્વે સૂકું વાતાવરણ રહેશે, જ્યારે દક્ષિણ ગુજરાતના ભાગોમાં (ડાંગ, તાપી, નવસારી, વલસાડ) આગામી આખું અઠવાડિયું વરસાદી માહોલ યથાવત્ રહેશે. અગાઉના દિવસોમાં આપવામાં આવેલી 40-50 કિમીની ઝડપે ફૂંકાતા પવન અને વાવાઝોડાની ચેતવણી હવે હવામાન વિભાગ દ્વારા હટાવી લેવામાં આવી છે. જોકે, પ્રી-મોન્સૂન વરસાદી માહોલ હજુ પણ અમુક વિસ્તારોમાં જોવા મળશે.
8, 9 અને 10 જૂને દક્ષિણ ગુજરાતના ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દમણ, દાદરા નગર હવેલીમાં જ છૂટાછવાયા વરસાદની શક્યતા છે. બાકીના તમામ જિલ્લાઓમાં હવામાન સંપૂર્ણ સૂકું રહેશે. જ્યારે 11-12 જૂને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટમાં વરસાદી ઝાપટાંની સંભાવના છે. 12-13 જૂને ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદ પડી શકે છે.
હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી 7 દિવસ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. મુખ્ય શહેરોના તાપમાનના આંકડા નીચે મુજબ છે.
દેશમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની રફતાર ખૂબ જ મજબૂત જોવા મળી રહી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## અંડરગ્રાઉન્ડ ટેન્કમાં કરુણ અંત, સુરતમાં 4 સફાઈ કામદારોના મોત

# સુરતમાં ઝેરી ગેસથી 4 સફાઈ કામદારોના મોત

(એજન્સી) સુરત । તા. 07

ડાયમંડ સિટી સુરતમાંથી રવિવારની સવારે એક અત્યંત હૃદયદ્રાવક અને મોટી દુર્ઘટનાના સમાચાર સામે આવ્યા છે. શહેરના એક એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (ETP) ની અંડરગ્રાઉન્ડ ટેન્ક ચેમ્બરમાં સફાઈ કરવા માટે ઉતરેલા ચાર સફાઈ કામદારોના અંદર ફસાઈ જવાથી કરુણ મોત નિપજ્યા છે. પ્રાથમિક તપાસમાં એવું બહાર આવ્યું છે કે, ટેન્કની અંદર એકત્રિત થયેલા અતિ ઝેરી ગેસના કારણે શ્રમિકોનો શ્વાસ રૂંધાયો હતો અને ગૂંગળામણના લીધે તેઓએ જીવ ગુમાવ્યા હતા.

સુરત ફાયર કંટ્રોલ રૂમને આજે સવારે અંદાજે ૧૦:૨૨ વાગ્યે એક ઈમરજન્સી કોલ મળ્યો હતો. આ કોલ દ્વારા સૂચના આપવામાં આવી હતી કે ચોર્યાસી ડેરીની બાજુમાં, ખાંડ બજાર પાસે આવેલા રતિ હાઉસ પરિસરમાં કેટલાક વ્યક્તિઓ ફસાઈ ગયા છે. માહિતી મળતાની સાથે જ ફાયર બ્રિગેડની બચાવ ટુકડી સત્વરે ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ત્યાં પહોંચીને તપાસ કરતા માલૂમ પડ્યું કે ટેન્ક ચેમ્બર સાફ કરવા અંદર ઉતરેલા કુલ ચાર શ્રમિકો અંદર ઝેરી ગેસની અસરમાં આવીને બેભાન થઈ ગયા છે.

ફાયર ફાઈટરોની ટીમે ઓક્સિજન કીટ અને જરૂરી સંસાધનો સાથે ટેન્કની અંદર ઉતરીને ભારે જહેમત બાદ ચારેય વ્યક્તિઓને બહાર કાઢ્યા હતા. તમામની ગંભીર સ્થિતિને જોતા એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલના ફરજ પરના તબીબોએ પ્રાથમિક તપાસ બાદ ચારેય શ્રમિકોને મૃત જાહેર કર્યા હતા. આ દુર્ઘટનાને પગલે સ્થાનિક વહીવટી તંત્ર અને પોલીસના ઉચ્ચ



અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

### પોલીસ તપાસ અને બેદરકારીનો મુદ્દો

હાલમાં પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધીને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. સફાઈ કામદારોને સુરક્ષાના સાધનો વગર કેમ ટેન્કની અંદર ઉતારવામાં આવ્યા અને કયા કારણોસર આ બેદરકારી દાખવવામાં આવી તેની ઝીણવટભરી તપાસ શરૂ કરવામાં આવી છે. આ દુર્ઘટનાએ ફરી એકવાર મેનહોલ કે અંડરગ્રાઉન્ડ ટેન્કની સફાઈ દરમિયાન કરવામાં આવતી બેદરકારી અને સુરક્ષાના અભાવનો ગંભીર મુદ્દો જગાવ્યો છે.

### સુરક્ષા પર ગંભીર સવાલો

આ પ્રકારની દુર્ઘટનાઓ અવારનવાર બનતી હોવા છતાં, સંબંધિત તંત્ર અને કોન્ટ્રાક્ટરો દ્વારા સુરક્ષાના નિયમોનું પાલન કરવામાં આવતું નથી, જે શ્રમિકોના જીવ પર જોખમ ઊભું કરે છે. ઘટનાસ્થળે પહોંચેલા સ્થાનિકો અને માનવ અધિકાર કાર્યકર્તાઓએ આ ઘટનાની ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરી છે. દોષિતો સામે કડક કાર્યવાહી થાય તે અત્યંત અનિવાર્ય છે. સફાઈ કામદારોના પરિવારજનો પર આ આભ તૂટી પડ્યું છે, અને તંત્રએ હવે આવા કિસ્સાઓ અટકાવવા માટે નક્કર આયોજન કરવું પડશે.

પોલીસ દ્વારા ઘટનાસ્થળના સીસીટીવી ફૂટેજ તપાસવાની અને જે કંપની કે કોન્ટ્રાક્ટ હેઠળ આ કામ થઈ રહ્યું હતું, તેના જવાબદારોની પૂછપરછ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ ગંભીર દુર્ઘટનાએ સુરત શહેરના ઔદ્યોગિક વિસ્તારોમાં કામ કરતા શ્રમિકોની સુરક્ષા સામે મોટો પ્રશ્નાર્થ ચિહ્ન મૂક્યો છે.

## કેસર કેરીની સીઝન અંતિમ ચરણમાં: આવકમાં બમણો વધારો, તાલાલા યાર્ડમાં ગત વર્ષ કરતા બમણી આવક



રાજકોટ | સૌરાષ્ટ્રના ગીર પંથકની પ્રખ્યાત કેસર કેરીની સીઝન હાલ તેના અંતિમ તબક્કા તરફ આગળ વધી રહી છે. આ વર્ષે સાનુકૂળ હવામાન, માવઠાનો અભાવ અને સતત રહેલા બફારાને કારણે કેરીનું ઉત્પાદન અને વેચાણ ગત વર્ષની સરખામણીએ નોંધપાત્ર રીતે વધ્યું છે. ખાસ કરીને તાલાલા માર્કેટિંગ યાર્ડમાં ગત વર્ષની સરખામણીએ બમણી આવક જોવા મળી છે. ગત વર્ષની વાત કરીએ તો, સીઝન ૪૪ દિવસમાં પૂર્ણ થઈ ગઈ હતી અને કુલ ૪,૪૯,૪૫૦ બોક્સ (૧૦ કિલો દીઠ) ની આવક નોંધાઈ હતી. તેની સામે આ વર્ષે ૫૦ દિવસમાં જ ૮ લાખથી વધુ બોક્સની આવક થઈ ચૂકી છે. કેરીની સીઝન શરૂઆતમાં ૧૦ કિલોના રૂા.૪૫૦ થી ૧૨૦૦ સુધીના ભાવ હતા, જે હવે ઘટીને રૂા.૩૫૦ થી ૭૦૦ અને સરેરાશ રૂા.૫૦૦ સુધી નીચે ઉતરી આવ્યા છે. સૌરાષ્ટ્રના અન્ય વિસ્તારો અને કચ્છમાંથી પણ કેસર કેરીની આવક શરૂ થતાં બજારમાં હરોળબંધ સ્ટોક જોવા મળી રહ્યો છે. હાલ પડી રહેલી અસહ્ય ગરમીને કારણે કેરી ઝડપથી કુદરતી રીતે પાકી રહી છે.

## વેપારી પેઢીમાં ઊંચા વળતર, શેરની લાલચ આપી 6.18 કરોડની ઠગાઈ, ટેક્સટાઈલ પેઢીના ડિરેક્ટર દંપતી સામે ગુનો દાખલ

(એજન્સી) રાજકોટ । તા. 07

રાજકોટમાં કામ્યા ટેક્સટાઈલ્સ પ્રા. લિ.ના સંચાલક દંપતીએ વેપારીઓ અને પરિચિતોને ઊંચા વળતર તથા કંપનીના શેર આપવાની લાલચ આપી રૂ. ૬.૧૮ કરોડની છેતરપિંડી આચર્યાનો કિસ્સો સામે આવ્યો છે. આ મામલે બી-ડિવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા ચકચાર મચી ગઈ છે.

નવાગામ આણંદપરમાં પ્લાસ્ટિકના દાણાનો વેપાર કરતી જલ્પાબેન જીતેન્દ્રભાઈ રૈયાણીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી દિવ્યેશ ધીરજલાલ સાવલીયા અને તેની પત્ની નિલમ સાવલીયાએ ગોંડલના ગરનાળા ગામે આવેલી તેમની કામ્યા ટેક્સટાઈલ્સ પેઢીમાં રોકાણ કરવા માટે આકર્ષક ઓફર આપી હતી. વર્ષ ૨૦૨૩માં આરોપી દિવ્યેશે પોતાની કંપનીમાં નાણાં રોકાણ કરવા બદલ ૨ થી ૩ ટકા વળતર આપવાની અને કંપનીના શેર ફાળવવાની ખાતરી આપી હતી.

ફરિયાદી જલ્પાબેન અને તેમના પતિએ આરોપીની વાતોમાં આવીને અલગ-અલગ સમયે રૂ. ૩૫ લાખ અને બાદમાં અન્ય રૂ. ૪૫ લાખનું રોકાણ કર્યું હતું. જોકે, નિર્ધારિત સમય પૂરો થવા છતાં આરોપી દંપતીએ વળતર કે મુદલ રકમ પરત આપી ન હતી અને શેર પણ ફાળવ્યા ન હતા. આ ઉપરાંત, આરોપીએ ફરિયાદીના પતિના મિત્ર અલ્તાફ પાસેથી રૂ. ૫ કરોડ મેળવી તેમાંથી રૂ. ૪ કરોડ પરત કર્યા ન હતા, તથા સગા રાજેશભાઈ લીંબાસીયા પાસેથી રૂ. ૨.૦૫ કરોડ મેળવી બાકીની રૂ. ૧.૪૩ કરોડની રકમ પરત આપી ન હતી.

કુલ રૂ. ૬.૧૮ કરોડની આ છેતરપિંડી મામલે જલ્પાબેનની ફરિયાદના આધારે બી-ડિવીઝન પોલીસે દિવ્યેશ સાવલીયા અને નિલમ સાવલીયા વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. રોકાણકારો સાથે થયેલી આ લાખોની છેતરપિંડીથી વેપારી વર્તુળોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પોલીસે આરોપીઓની ધરપકડ કરવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.



## વડોદરામાં 10 દિવસમાં ચોમાસાની દસ્તક: ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે તંત્ર સજ્જ

(એજન્સી) વડોદરા । તા. 07

વડોદરામાં આગામી દસ દિવસમાં ચોમાસું દસ્તક આપે તેવી પ્રબળ શક્યતા છે. ચોમાસા દરમિયાન પૂર, અતિવૃષ્ટિ કે વાવાઝોડા જેવી સંભવિત આફતોને પહોંચી વળવા માટે વડોદરા તંત્ર દ્વારા પહેલીવાર તમામ સુરક્ષા દળોની એક સંયુક્ત ડિઝાસ્ટર મેનેજમેન્ટ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. અગાઉના વર્ષોમાં અતિવૃષ્ટિ દરમિયાન મકાનો ધરાશાયી થવા, ઘરોમાં પાણી ભરાઈ જવા, વૃક્ષો કે સોલર પેનલ ધરાશાયી થવા જેવી ઘટનાઓમાં ઘણીવાર સમયસર મદદ મળવામાં વિલંબ થતો હોવાની ફરિયાદો ઉઠતી હતી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, આ વખતે ડિઝાસ્ટર મેનેજમેન્ટને વધુ સક્રિય અને સંકલિત બનાવવાનો નિર્ણય લેવાયો છે. પ્રતાપનગર પોલીસ હેડક્વાર્ટર ખાતે યોજાયેલી આ વર્કશોપમાં પોલીસ કમિશનર સહિત વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ખાસ હાજર રહ્યા હતા.

આ વર્કશોપમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારીઓ ઉપરાંત પોલીસ, સિવિલ ડિફેન્સ, હોમગાર્ડ, એસડીઆરએફ (SDRF), ફાયર બ્રિગેડ અને ટ્રાફિક બ્રિગેડના જવાનોએ ભાગ લીધો હતો. આ દરમિયાન બચાવ કામગીરી માટે વપરાતા અદ્યતન સાધનોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું અને આપત્તિ સમયે કઈ રીતે ઝડપી પ્રતિસાદ આપવો તે અંગે જવાનોને વિશેષ સૂચનાઓ આપવામાં આવી હતી.

## સુરતના સિંગણપોર વિસ્તારમાં બે મિત્રોની ઘાતક હત્યા, સિંગણપોરમાં નજીવી બાબતે બોલાચાલી બાદ બે મિત્રોની હત્યા

(એજન્સી) સુરત । તા. 07

સુરતના સિંગણપોર વિસ્તારમાં શનિવારે રાત્રે થયેલી હત્યાની એક અત્યંત ચોંકાવનારી ઘટનાએ સમગ્ર પંથકમાં ભય અને શોકનું વાતાવરણ ફેલાવી દીધું છે. ચા પીવા ગયેલા બે મિત્રો પર ૧૦ થી ૧૫ લોકોના સશસ્ત્ર ટોળાએ હુમલો કરીને તેમની હત્યા કરી નાખતા પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ છે.

૩૦ વર્ષીય હર્ષિલ પાટીલ અને ૨૫ વર્ષીય ભટ્ટુ માળી પોતાના મિત્રો સાથે સિંગણપોર વિસ્તારમાં ચાની લારી પર ગયા હતા. આ સમયે ત્યાં હાજર અન્ય કેટલાક યુવકો સાથે કોઈ નજીવી બાબતે બોલાચાલી થઈ હતી. જોતજોતામાં આ બોલાચાલી એટલી વણસી ગઈ કે હુમલાખોરોએ ૧૦ થી ૧૫ યુવાનોના ટોળાને તીક્ષ્ણ હથિયારો સાથે ઘટનાસ્થળે બોલાવી લીધું હતું.

### નિર્દયી હુમલો અને મોત

હુમલાખોરોએ હર્ષિલ અને ભટ્ટુને ટાર્ગેટ કરી શરીરના વિવિધ ભાગો પર ચપ્પુના ઉપરાઉપરી ઘા ઝીંકી દીધા હતા. બંને યુવકો લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યા હતા. હુમલો કર્યા બાદ તમામ આરોપીઓ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. આસપાસના લોકો દ્વારા બંનેને ગંભીર હાલતમાં તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન બંને મિત્રોએ દમ તોડી દીધો હતો.

### પરિવારમાં શોકનું મોજું

એકસાથે બે મિત્રોની હત્યાના સમાચાર મળતા જ તેમના પરિવારજનો હોસ્પિટલમાં દોડી આવ્યા હતા. હોસ્પિટલ પરિસરમાં પરિવારજનોના કરુણ આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. આ ઘટના બાદ સિંગણપોર વિસ્તારમાં ભારે રોષ અને શોકનો માહોલ છે. હત્યાની જાણ થતાં જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને સિંગણપોર પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. હાલમાં પોલીસે આરોપીઓને પકડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે અને વિસ્તારના સીસીટીવી ફૂટેજ તપાસવાની કામગીરી હાથ ધરી છે.

## વડોદરાના સાવલીમાં નર્મદા કેનાલની દુર્દશા: સફાઈના અભાવે ખેડૂતો ચિંતિત



વડોદરા | વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં નર્મદા કેનાલોની જાળવણીના અભાવે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. લાંબા સમયથી કેનાલોની સફાઈ કરવામાં ન આવતા તેમાં મોટાપાયે ઝાડીઝાંખરા ઊગી નીકળ્યા છે, જેના કારણે કેનાલોની સુરક્ષા સામે જોખમ ઊભું થયું છે. સ્થાનિક ખેડૂતોને ડર છે કે જો સમયસર સફાઈ નહીં થાય, તો કેનાલમાં તિરાડો પડી શકે છે અને તેનું પાણી આસપાસના ખેતરોમાં ભરાઈને પાકને ભારે નુકસાન પહોંચાડી શકે છે. નર્મદા કેનાલના વહેણને સુનિશ્ચિત કરવા અને કેનાલને સુરક્ષિત રાખવા માટે નિયમિતપણે સફાઈ કામગીરી કરવી અત્યંત આવશ્યક હોય છે. જોકે, સાવલી પંથકના ખેડૂતો દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં સંબંધિત તંત્ર દ્વારા સફાઈ પ્રત્યે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. ઝાડીઝાંખરાને કારણે પાણીના કુદરતી પ્રવાહમાં પણ અવરોધ ઊભો થઈ રહ્યો છે, જે ભવિષ્યમાં મોટી હોનારત નોતરી શકે છે. સ્થાનિક ખેડૂતોનું કહેવું છે કે, હાલમાં કેનાલોની સ્થિતિ એટલી દયનીય છે કે જરા પણ વધારે પાણીનો પ્રવાહ આવે તો કેનાલ તૂટવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

## 23 ગામોમાં 115 હેક્ટર કબજો, 510 ઈસમો દ્વારા પેશકદમી

# રાજકોટમાં ગૌચર જમીન પર દબાણનો ભરડો



(એજન્સી) રાજકોટ । તા. 07

રાજકોટ જિલ્લામાં પશુપાલન અને ખેતીના આધારસ્તંભ ગણાતી ગૌચરની જમીન પર દાયકાઓથી જામેલા દબાણોએ ગંભીર ચિંતા જગાવી છે. એક તરફ ગૌમાતાના નામે અનેક આંદોલનો અને વાતો થાય છે, તો બીજી તરફ જમીની હકીકત એ છે કે જિલ્લાના ૨૩ ગામોમાં ૫૧૦થી વધુ ઈસમોએ ૧૧૫.૪૮ હેક્ટર ગૌચર જમીન પર ગેરકાયદે કબજો જમાવી રાખ્યો છે. આ સ્થિતિ વહીવટી તંત્રની ઉદાસીનતા અને ચૂંટણીલક્ષી મતોના રાજકારણની પોલ ખોલે છે.

### દબાણોની વિસ્ફોટક સ્થિતિ અને તાલુકાવાર આંકડા

રાજકોટ જિલ્લાના ૧૦ તાલુકાઓમાં ગૌચર જમીન પેશકદમીનો શિકાર બની છે. સૌથી આશ્ચર્યજનક અને ગંભીર સ્થિતિ લોધિકા તાલુકામાં જોવા મળી છે, જ્યાં માત્ર બે જ ગામોમાં ૨૫.૦૯ હેક્ટર જમીનમાં ૩૮૫ લોકોએ અડિંગો જમાવ્યો છે. અન્ય મુખ્ય વિસ્તારો પર નજર કરીએ તો, જામકંડોરણામાં ૩૫.૭૬ હેક્ટર, ધોરાજીમાં ૩૧.૩૨ હેક્ટર અને જેતપુર તાલુકામાં ૭.૫૬ હેક્ટર ગૌચર જમીન દબાણ હેઠળ છે. આ દબાણો તાત્કાલિક નહીં પરંતુ વર્ષો જૂના છે, જે દર્શાવે છે કે તંત્રની કાગળ પરની કાર્યવાહી માત્ર નામ પૂરતી જ છે. રસપ્રદ બાબત એ છે કે, વિંછીયા તાલુકો હાલ દબાણમુક્ત જણાય છે, જે અન્ય તાલુકાઓ માટે ઉદાહરણરૂપ છે.

રાજકોટ જિલ્લા પંચાયતની તાજેતરની ચૂંટણીઓના કારણે છેલ્લા ત્રણ મહિનાથી દબાણ હટાવવાની કામગીરી ઠપ્પ થઈ ગઈ છે. મતોના રાજકારણને કારણે જવાબદાર નેતાઓ અને તંત્રવાહકોએ આ સળગતા મુદ્દા તરફ આંખ આડા કાન કર્યા છે. સરકારે પશુપાલન માટે સબસીડી અને સહાયની અનેક યોજનાઓ અમલી બનાવી છે, પરંતુ જ્યારે મૂળભૂત જરૂરિયાત એવા ઘાસચારાના મેદાનો જ દબાણ હેઠળ હોય, ત્યારે આ સહાયોનો લાભ પશુધનને કેવી રીતે મળે? ઢોરવાડા સહાયના નિયમો માત્ર ફાઈલોમાં જ સીમિત રહી ગયા છે, જેના કારણે ગૌવંશની હાલત કફોડી બની છે.

જિલ્લા પંચાયતમાં નવું શાસન સત્તા પર આવતાની સાથે જ પશુપાલકો અને ગૌસેવકોમાં આશાનું કિરણ જાગ્યું છે. નવા પદાધિકારીઓ સામે ગૌચર જમીન ખુલ્લી કરાવવી એ એક મોટી અગ્નિપરીક્ષા સમાન છે. પશુપાલકો તરફથી સતત ફરિયાદોનો મારો ચાલી રહ્યો છે, ત્યારે આ નવા સૂત્રધારો દાયકાઓ જૂના આ દબાણો દૂર કરવામાં સફળ રહેશે કે પછી ગૌચરની ફાઈલો માત્ર કબાટમાં જ દબાયેલી રહેશે, તે જોવું રહ્યું. ગૌચરની જમીન પરના દબાણો માત્ર કાયદાનો ભંગ નથી, પરંતુ તે ગામડાની પશુપાલન સંસ્કૃતિ પર સીધો પ્રહાર છે. ડિમોલિશનની કામગીરી નહિવત હોવાને કારણે ભૂમાફિયાઓના મનોબળ વધી રહ્યા છે.

## હળવદના રણછોડગઢમાં શોક, સારવાર દરમિયાન પાંચના મોત

# ચરાડવા નજીક અકસ્માતમાં પાંચના મોત

(એજન્સી) હળવદ । તા. 07

હળવદ તાલુકાના ચરાડવા નજીક ગત રાત્રિના સમયે સર્જાયેલા એક ગોઝારા અકસ્માતે સમગ્ર પંથકને હચમચાવી દીધું છે. એક બાઈક અકસ્માતના ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે મોરબી લઈ જતી કારનું ડમ્પર સાથે ભયાનક રીતે અથડાતા હળવદ તાલુકા પંચાયતના સદસ્ય સહિત પાંચ વ્યક્તિઓના કરૂણ મોત નિપજ્યા છે. આ હૃદયદ્રાવક ઘટનાને પગલે રણછોડગઢ ગામમાં આક્રંદ અને શોકનું મોજું ફરી વળ્યું છે.

રણછોડગઢ ગામના પરેશ દિલીપભાઈ ડઢૈયા (ઉ.વ. ૨૪) બાઈક લઈને પરત ફરી રહ્યા હતા, ત્યારે માનસર નજીક તેમનું બાઈક સ્લીપ થતા અકસ્માત સર્જાયો હતો. આ અંગે જાણ થતાં તેમના પિતા દિલીપભાઈ ડઢૈયા અને ગામના આગેવાનો સહિત કુલ સાત લોકો કાર લઈને ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ઈજાગ્રસ્ત પરેશને કારમાં બેસાડીને સારવાર માટે મોરબી લઈ જઈ રહ્યા હતા, ત્યારે





રાત્રે સાડા નવ વાગ્યાના સુમારે ચરાડવા નજીક એક સીએનજી પંપ પાસે સામેથી આવતા ડમ્પર સાથે કાર ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ ઘટનામાં સુરેશભાઈ વિસાભાઈ સિહોરા, વિરમભાઈ ભીમાભાઈ ડઢૈયા, પરેશ દિલીપભાઈ ડઢૈયા, હળવદ તાલુકા પંચાયતના સદસ્ય પ્રેમજીભાઈ શંકરભાઈ ડઢૈયા અને ભરતભાઈ પ્રભુભાઈ ડઢૈયાના કમનસીબ મોત નિપજ્યા હતા. જેમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરું ઉડી ગયા હતા, જ્યારે બે લોકોએ સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. ઉપરાંત, રણછોડગઢના ઉપસરપંચ પ્રકાશભાઈ અમીરભાઈ ડઢૈયા તથા દિલીપભાઈ ભગવાનભાઈ ડઢૈયા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેમને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

### ગામમાં આક્રંદ અને ગમગીન માહોલ

એક જ ગામના પાંચ પ્રતિષ્ઠિત વ્યક્તિઓના નિધનના સમાચાર વાયુવેગે ફેલાતા રણછોડગઢ ગામમાં ભારે શોક છવાઈ ગયો હતો. અકસ્માતની જાણ થતાં પોલીસ તંત્ર ઘટનાસ્થળે પહોંચી ગયું હતું અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી તપાસ હાથ ધરી હતી. અકસ્માત બાદ ગામમાં વેપારીઓએ પોતાના ધંધા-રોજગાર બંધ રાખીને મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

ગઈકાલે રણછોડગઢ ખાતે જ્યારે આ પાંચેય મૃતકોના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા, ત્યારે આખું ગામ હિબકે ચડ્યું હતું. એકસાથે પાંચ અર્થીઓ નીકળતા ઉપસ્થિત દરેકની આંખો ભીની થઈ ગઈ હતી. હૃદયદ્રાવક દ્રશ્યો સર્જાયા હતા અને પરિવારજનોના આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું.

## ડેસરના જ્વેલર્સ દ્વારા ૧૩ લાખની છેતરપિંડી

# ડેસરના સોની દ્વારા ગ્રાહકો સાથે લાખોની છેતરપિંડી

(એજન્સી) ડેસર । તા. 07

વડોદરા જિલ્લાના ડેસર પંથકમાં એક સોનીએ દાગીના બનાવવાની લાલચ આપી અનેક ગ્રાહકો પાસેથી સોનું અને રોકડ પડાવી લઈ મોટી છેતરપિંડી આચર્યાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ મામલે પોલીસે ડેસરના જ્વેલર્સ સંજય ચંપકલાલ સોની વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

હાલોલમાં રહેતા આરઝુબેન ઘાંચીએ ડેસર પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ, સંજય સોનીએ તેમની પાસેથી બ્રેસલેટ બનાવવાના બહાને રૂ. ૮૦,૦૦૦ લીધા હતા. જોકે, દાગીના તૈયાર કરી આપવાને બદલે સોનીએ સમય કાઢવાનું શરૂ કર્યું હતું. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે સંજય સોનીએ માત્ર એક જ ગ્રાહક નહીં, પરંતુ અનેક ગ્રાહકોને શિકાર બનાવ્યા છે.

આરોપી સોનીએ વિવિધ ગ્રાહકો પાસેથી કુલ રૂ. ૬.૫૮ લાખ રોકડ અને ૧૦ તોલાથી વધુ સોનું (અંદાજિત કિંમત રૂ. ૬.૪૩ લાખ) પડાવ્યું હતું. આમ, કુલ રૂ. ૧૩.૦૧ લાખની છેતરપિંડી આ સોની દ્વારા કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. જ્યારે પીડિત ગ્રાહકો પોતાની મહેનતની કમાણી અને સોનું પરત માંગવા માટે તેની દુકાને જતા, ત્યારે સોની તેમને વારંવાર ખોટા વાયદા કરી ગોળ-ગોળ ફેરવતો હતો અને અંતે ધમકીઓ આપતો હતો.

### પોલીસ કાર્યવાહી

લાંબા સમય સુધી આશા રાખ્યા બાદ પણ ન્યાય ન મળતા આખરે પીડિત ગ્રાહકોએ એકઠા થઈને પોલીસનો આશરો લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં આ કૌભાંડનું કદ હજુ પણ મોટું હોવાની શક્યતા છે, જેમાં વધુ પીડિત ગ્રાહકો સામે આવી શકે છે. ડેસર પંથકમાં જ્વેલર્સ દ્વારા આચરવામાં આવેલી આ છેતરપિંડી હાલમાં ભારે ચર્ચાનો વિષય બની છે. પોલીસે આરોપીને ઝડપી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## 4 ગુનેગારોને પાસા હેઠળ જેલમાં મોકલાયા

# વડોદરામાં ગુનાખોરી ડામવા પોલીસનો મોટો નિર્ણય

(એજન્સી) વડોદરા । તા. 07

વડોદરા શહેરમાં વધતી જતી ગુનાખોરીને નિયંત્રિત કરવાના હેતુથી પોલીસે લાલ આંખ કરી છે. દારૂના વેચાણ, ચોરી અને લૂંટફાટ જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા ૪ આરોપીઓની પાસા (PASA) હેઠળ અટકાયત કરીને તેમને રાજ્યની અલગ-અલગ જેલમાં મોકલી આપવામાં આવ્યા છે. પોલીસની આ કાર્યવાહીથી ગુનેગારોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

પોલીસ દ્વારા પાસા હેઠળ કરવામાં આવેલી આ કાર્યવાહીની વિગતો નીચે મુજબ છે:

અર્જુન ઉર્ફે બલ્લે શંકરભાઈ ઠાકોર: પ્રતાપગંજ વિસ્તારમાં રહેતા આ આરોપી વિરુદ્ધ દારૂના કેસ નોંધાયેલા હતા, જેથી તેને પાસા હેઠળ અટકાયત કરીને ભાવનગર જેલમાં મોકલી અપાયો છે.

રાજ ધર્મેન્દ્રભાઈ પટણી: વાડી વિસ્તારના આ આરોપી સામે દારૂ, રાયોટિંગ અને મારામારીના અનેક કેસ હોવાથી તેને પાસા હેઠળ રાજકોટ જેલમાં ધકેલી દેવાયો છે.

મિતેશ જગદીશભાઈ પરમાર: રણોલી વિસ્તારમાં ચપ્પુની અણીએ મોબાઈલ ફોન લૂંટવાના કેસમાં સંડોવાયેલા આ આરોપીને પાસા હેઠળ અમદાવાદ જેલમાં મોકલી આપવામાં આવ્યો છે.

આકાશ વેલાજીભાઈ ઠાકોર: પાણીગેટ વિસ્તારના આ આરોપી સામે ચોરીના ગુનાઓ નોંધાયેલા હોવાથી તેને પાસા હેઠળ ભાવનગર જેલમાં મોકલવામાં આવ્યો છે.

### પોલીસનું મક્કમ વલણ

વડોદરા પોલીસના આ પગલાથી શહેરના ગુનાહિત તત્વોમાં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે. અગાઉ પણ અનેક વખત ગુના આચરનાર ઈસમોને પાસા હેઠળ જેલભેગા કરવામાં આવ્યા છે, જેથી શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધરે અને સામાન્ય નાગરિકો સુરક્ષિત અનુભવે. આગામી સમયમાં પણ આવી રીતે ગુનેગારો સામે કડક કાનૂની કાર્યવાહી ચાલુ રાખવાની પોલીસ તંત્રએ ખાતરી આપી છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે.

**વૃષભ : બ. વ. ઉ.**

મોતિયાના દરદીઓએ પ્રદૂષિત વાતાવરણ હોય તેવા સ્થળની મુલાકાત લેવાનું ટાળવું જોઈએ, કેમ કે ધુમાડાને કારણે આંખોને વધુ નુકસાન થઈ શકે છે. શક્ય હોય તો સૂર્યપ્રકાશ સાથે સંપર્ક પણ ટાળવો. આજે આ રાશિ ના અમુક બેરોજગાર લોકો ને નોકરી મળી શકે છે.

**મિથુન : ક. છ. ઘ.**

વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે। મિત્રો તથા પરિવારના સભ્યો તમને ઉત્સાહ પૂરો પાડશે.

**કર્ક : ડ. હ.**

કોઈક સંતપુરુષનાં આશિષતમને માનસિક શાંતિ આપશે. આ રાશિ ના વેપારીઓ ને આજે પોતાના ઘર ના તે સભ્યો થી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે પણ પાછા નથી આપતા। તમારા ઉદાર વર્તનનો લાભ તમારા મિત્રોને ન લેવા દો.

**સિંહ : મ. ટ.**

સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આ ત્મ વિ શ્વા સ ને પ્રોત્સાહિત કરો. આર્થિક બાબતોમાં ચોક્કસ સુધારો થશે-પણ તેની સાથે જ ખર્ચમાં પણ વધારો થશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારૂં ઈર્ષાયુક્ત વર્તન તમને દુ:ખી તથા નિરાશ કરી શકે છે. પણ એ પોતાની જાત પર જ કરેલી ઈજા જેવું છે આથી તેના વિશે વિલાપ કરવા જેવો નથી. અન્યોની ખુશીઓમાં સહભાગી થવા તમારી જાતને પ્રેરો અને આમાંથી બહાર આવો.

**તુલા : ર. ત.**

આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. મુશ્કેલીના સમયમાં તમારી મદદ કરનારા સંબંધીઓ તરફ તમારી કૃતજ્ઞતા વ્યક્ત કરો.

**વૃશ્ચિક : ન. ય.**

સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રત: વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે.

**મકર : ખ. જ.**

તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. તમારે નિરાંત અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાની જરૂર છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો.

**મીન : દ. ચ. ઝ. થ.**

આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે. તમે જો ઑફિસમાં વધારાનો સમય વિતાવશો તો તેની અસર તમારા ગૃહજીવન પર પડશે.

### ભાવનગરમાં મોડી રાત્રે ભયાનક અકસ્માત

# પુરપાટ ઝડપે આવતી કારે બાઈકને અડફેટે લીધા બાદ ટેન્કરમાં ઘૂસી, કાકા-ભત્રીજાના મોત

(એજન્સી) ભાવનગર | તા.07

ભાવનગરના રિંગ રોડ પર ગત મોડી રાત્રે એક કાળજું કંપાવી દેનારો અકસ્માત સર્જાયો છે. પુરપાટ ઝડપે દોડતી એક કારે બાઈક સવાર કાકા-ભત્રીજાને અડફેટે લીધા હતા. આ ભયાનક અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા બંને બાઈક સવારોનું મોત નીપજ્યું છે. ઉલ્લેખનીય છે કે, મૃતક કાકા-ભત્રીજો રામ દરબારના એક કાર્યક્રમમાંથી પરત ઘરે ફરી રહ્યા હતા, ત્યારે જ રસ્તામાં તેમને કાળ આંબી ગયો હતો. એક જ પરિવારના બે સભ્યોના અકાળે અવસાનથી સમગ્ર પરિવારમાં ભારે આક્રંદ અને શોકનું મોજું ફરી વળ્યું છે. મળતી માહિતી અનુસાર, અકસ્માત એટલો સર્જીરીક હતો કે બાઈકને જોરદાર ટક્કર માર્યા બાદ કાર ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. જેના કારણે બેકાબૂ બનેલી કાર રોડની સાઈડમાં ઉભેલા એક બંધ ટેન્કરની પાછળના ભાગે ધડાકાભેર ઘૂસી ગઈ



હતી. કાર ટેન્કરમાં ઘૂસતા જ એટલો પ્રચંડ અવાજ આવ્યો હતો કે આસપાસના સ્થાનિકો અને રાહદારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. જોતજોતામાં અકસ્માતના સ્થળે લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા.લોકોએ તાત્કાલિક અકસ્માત અંગે 108 એમ્બ્યુલન્સ અને પોલીસને જાણ કરી હતી. બાઈક સવાર 48 વર્ષીય બેચરભાઈ બારૈયા અને 28 વર્ષીય રાકેશભાઈ બારૈયાને ગંભીર હાલતમાં સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જો કે, ત્યાં ફરજ પરના ડોક્ટરોએ તપાસ બાદ બંનેને મૃત જાહેર કર્યા હતા. ત્યારબાદ બંનેના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા હતા.

બીજી તરફ, કારમાં સવાર બે વ્યક્તિઓને પણ શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચતા તેમને વધુ સારવાર માટે શહેરની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં જ પોલીસનો કાફલો પણ હોસ્પિટલ અને ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે.

### છોટાઉદેપુર પાલિકા પ્રમુખને તંત્રનું અલ્ટીમેટમ

## જાતિનો દાખલો રજૂ કરવા મામલતદારની 24 કલાકની નોટિસ

છોટાઉદેપુર : છોટાઉદેપુર નગરપાલિકાના પ્રમુખ મંજુલાબહેન કોલીના જાતિના પ્રમાણપત્રને લઈને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા વારંવાર લેખિત જાણ કરવા છતાં પ્રમુખ જાતિનો દાખલો રજૂ ન કરતા આખરે મામલતદારે નોટિસ ફટકારી છે. તંત્ર દ્વારા પ્રમુખના ઘર પર નોટિસ ચોંટાડીને માત્ર એક જ દિવસમાં દાખલો જમા કરાવવાનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. મળતી વિગતો મુજબ, છોટાઉદેપુર નગરપાલિકાના પ્રમુખ મંજુલાબહેન કોલીના જાતિના દાખલા સામે કેટલાક પ્રશ્નો ઉભા થતા મામલતદાર કચેરી દ્વારા તેની ચકાસણી હાથ ધરવામાં આવી છે. આ અંગે અગાઉ મામલતદાર દ્વારા પ્રમુખને તેમનો અસલ જાતિનો દાખલો કચેરી સમક્ષ જમા કરાવવા માટે બે વખત લેખિતમાં જાણ કરવામાં આવી હતી. આમ છતાં, પાલિકા પ્રમુખ દ્વારા કોઈ દાખલો જમા કરાવવામાં આવ્યો નહોતો. આ મામલે મામલતદાર કચેરીના સ્ટાફે પ્રમુખના ઘરે નોટિસ ચોંટાડી છે. આ ઉપરાંત એક નકલ મામલતદાર કચેરીના સત્તાવાર નોટિસ બોર્ડ પર પણ સાર્વજનિક રીતે લગાવવામાં આવી છે.નોટિસમાં સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે, જો આગામી એક દિવસમાં જાતિનો દાખલો મામલતદાર સમક્ષ રજૂ કરવામાં નહીં આવે, તો સત્તાવાર પ્રક્રિયા કરીને તે દાખલાને સીધો જ 'રદબાતલ' જાહેર કરી દેવામાં આવશે. જો જાતિનો દાખલો રદ થાય, તો મંજુલાબહેનનું પાલિકા સભ્યપદ અને પ્રમુખપદ બંને જોખમમાં મુકાઈ શકે છે.

### કોન્ટ્રાક્ટર પર ગંભીર આરોપ

## અંબાજીમાં તળાવમાં નહાવા પડેલા બે સગા ભાઈઓ સહિત 3 બાળકોના કરુણ મોત

અંબાજી : અંબાજી નજીક આવેલા રિછડી તળાવમાં નહાવા પડેલા ત્રણ માસૂમ બાળકોના પાણીમાં ડૂબી જવાથી મોત નિપજ્યા છે. ઉનાળુ વેકેશનના સમયગાળામાં ત્રણેય બાળકો રમતા રમતા રિછડી તળાવમાં કાઠે પહોંચ્યા હતા. આ દરમિયાન માસૂમ બાળકોના તળાવમાં નહાવા પડતા ઉંડા પાણીમાં ડૂબ્યા હતા. સમગ્ર મામલે જાણ થતા આસપાસના લોકો અને સ્થાનિક તરવૈયાની મદદથી ત્રણેય ભૂલકાંઓના મૃતદેહ તળાવમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.મળતી માહિતી અનુસાર, અંબાજી પાસે રિછડી તળાવમાં ડૂબી જવાથી બે સગા ભાઈઓ સહિત ત્રણ બાળકોના મોત થયા છે. હતા. ચોંકાવનારી વાત એમ છે કે, ત્રણેય માસૂમ બાળકોની



ઉંમર 10 વર્ષથી પણ ઓછી હોવાનું જાણવા મળ્યું છે.બાળકોના કરૂણ મોતને પગલે પરિવારજનોમાં શોક છવાયો છે. જેમાં એક જ ઘરના બે સગા ભાઈના મૃત્યુ થતા માતા-પિતા સહિત પરિવારજનો હિબકે ચડ્યા છે. સમગ્ર ઘટના પાછળ સ્થાનિકોએ તળાવના વિકાસના કામો કરી રહેલા કોન્ટ્રાક્ટરની બેદરકારી આક્ષેપ કર્યો છે. બાળકો ડૂબવાની જાણ થતા તલાટી અને સ્થાનિક અગ્રણી એકઠા થઈ ગયા હતા.

### અકસ્માત સર્જાયો

## સુંદરીયાણા નજીક ટેન્કર અને ટેમ્પો અથડાતા મહિલાનું મોત

રાણપુર: રાણપુર તાલુકાના સુંદરીયાણા-બરાનીયા રોડ પર સર્જાયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતમાં એક મહિલાએ પોતાનો જીવ ગુમાવ્યો છે. મોબાઈલ ફોનમાં વાતો કરતા ડમ્પર ચાલકની ગફલતને કારણે એક આખા પરિવારની ખુશીઓ છીનવાઈ ગઈ છે.મળતી વિગતો અનુસાર, રાણપુરના ખસ ગામની કુંભાર શેરીમાં રહેતા છેલાભાભાઈ ખેંગારભાઈ રાતડીયા પોતાના પરિવાર સાથે ટેમ્પા (નંબર GJ-04-V-1682) માં બેસીને ખસ ગામેથી ગલસાણા જઈ રહ્યા હતા. સુંદરીયાણાથી બરાનીયા જતા વળાંક પર પહોંચતા સામેથી પૂરપાટ ઝડપે આવતા ડમ્પર (નંબર GJ-38-TA-9002) ના ચાલકે પોતાનું વાહન ગફલતભરી રીતે હંકારી ટેમ્પા સાથે ધડાકાભેર ટક્કર મારી હતી.પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, ડમ્પર ચાલક વાહન ચલાવતી વખતે સતત મોબાઈલ ફોન પર વાત કરવામાં વ્યસ્ત હતો. બેદરકારીપૂર્વક વાહન ચલાવીને નિર્દોષ લોકોની જિંદગી જોખમાય તે રીતે ડમ્પર હંકારીને તેણે ટેમ્પાને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ટેમ્પામાં સવાર છેલાભાભાઈ અને તેમના ભાભી રેખાબેન સહિત પરિવારના અન્ય સભ્યોને ગંભીર ઈજાઓ પહોંચી હતી.ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ દુર્ભાગ્યવશ રેખાબેનનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ ઘટના બાદ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. છેલાભાભાઈ રાતડીયાની ફરિયાદના આધારે રાણપુર પોલીસે ડમ્પર ચાલક વિરુદ્ધ ગુનો નોંધીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

### છોટા ઉદેપુરમાં મોતની સવારી

## કાર અને ટ્રેક્ટર વચ્ચે ગમખ્વાર અકસ્માત, 1નું મોત અને 20થી વધુ શ્રમિકો ઇજાગ્રસ્ત



(એજન્સી) છોટા ઉદેપુર | તા.07

છોટા ઉદેપુર અને મધ્ય પ્રદેશને જોડતા નેશનલ હાઈવે નંબર 56 પર રંગપુરના જોડાવાટ ગામ પાસે એક હૃદયકંપાવનારો અકસ્માત સર્જાયો છે. મધ્યપ્રદેશથી ગુજરાતમાં મજૂરી અર્થે આવી રહેલા શ્રમિક પરિવારોની મુસાફરી લોહીયાળ સાબિત થઈ છે. અહીં ક્ષમતા કરતાં વધુ મુસાફરો ભરેલી કાર અને ટ્રેક્ટર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે, જ્યારે 20થી વધુ મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે. મળતી માહિતી મુજબ, મધ્ય પ્રદેશના દિકાલ કુવાથી એક શ્રમિક પરિવાર તુફાન કારમાં બેસીને ગોંડલ મજૂરી અર્થે જઈ રહ્યો હતો. તુફાન કારનો ચાલક વધુ કમાણી કરવાની લાલચમાં નિર્દોષ શ્રમિકોના જીવ જોખમમાં મૂકીને હાઈવે પર 'મોતની સવારી' દોડાવી રહ્યો હતો. કારની અંદર 20 જેટલા મુસાફરોને ઠસોઠસ ભરવામાં આવ્યા હતા, એટલું જ નહીં પણ કારની ઉપર કેટલીક બાઈક પણ લાદેલી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે કારમાં સવાર નાના ભૂલકાઓ સહિત તમામ મુસાફરો ચિચિયારીઓ પાડી ઉઠ્યા હતા. ઘટનાને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે તમામ ઈજાગ્રસ્તોને છોટા ઉદેપુરની સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. જે પૈકી બેથી વધુ મુસાફરોની હાલત અત્યંત ગંભીર હોવાથી તેઓને વધુ સારવાર માટે વડોદરા રિફર કરવામાં આવ્યા છે. અકસ્માત સર્જાયા બાદ તુફાન કારનો ચાલક વાહન છોડીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.આ ઘટનાએ હાઈવે પર દોડતા ગેરકાયદે અને ઓવરલોડ વાહનો સામે મોટા સવાલો ઊભા કર્યા છે. ચોંકાવનારી વાત એ છે કે, હજુ ત્રીજી જૂના રોજ જ પોલીસે બાતમીના આધારે કાયદાના લીરેલીરા ઉડાવતી આવી 5 ઓવરલોડ ગાડીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

### એક વર્ષમાં ૧૬ કરોડથી વધુનું શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન ઝડપાયું

# સાયબર ફ્રોડનું મોટું નેટવર્ક: મ્યુલ એકાઉન્ટ દ્વારા કરોડોના વ્યવહાર

(એજન્સી) ભાવનગર | તા.07

ભાવનગર શહેરમાં સાયબર ફ્રોડના નાણાં સગેવગે કરવા માટે બેંક એકાઉન્ટનો ઉપયોગ કરાતો હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. વાઘાવાડી રોડ પર આવેલી ડીસીબી બેંકના એક ખાતામાં દેશભરના વિવિધ રાજ્યોમાં થયેલા સાયબર ફ્રોડના લાખો રૂપિયા જમા થયા હોવાની વિગતો મળતા પોલીસે તપાસ તેજ કરી છે.નિલમબાગ પોલીસ મથકના એએસઆઈ શક્તિસિંહ ગોહિલે આ મામલે તિલકનગરના સુમિત નરેશભાઈ પરમાર વિરુદ્ધ ફરિયાદ નોંધી છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, આ શખ્સે મ્યુલ એકાઉન્ટમાં ૧.૮૩ લાખથી વધુ રકમ જમા કરાવી હતી, જે



દેશભરમાં થયેલા સાયબર ફ્રોડની હતી. આ રકમ આરોપીએ આરટીજીએસ, એનઈએફટી, એટીએમ અને યુપીઆઈ મારફતે અલગ-અલગ સમયે ઉપાડીને સગેવગે કરી દીધી હતી.પોલીસની તપાસમાં સૌથી મોટો ખુલાસો એ થયો કે આરોપી સુમિત કોઈ મોટા બિઝનેસ સાથે સંકળાયેલ ન હોવા છતાં, તેના બેંક એકાઉન્ટમાં અધધ ટ્રાન્ઝેક્શન જોવા મળ્યા છે. વર્ષ ૨૦૨૫માં ૯.૧૮ કરોડ અને વર્ષ ૨૦૨૬માં ૭.૬૪ કરોડ મળીને કુલ ૧૬.૮૩ કરોડ રૂપિયાના ગેરકાયદે ટ્રાન્ઝેક્શન આ ખાતામાંથી થયા હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. આટલી મોટી રકમના વ્યવહારો થતા જ પોલીસ ચોંકી ઉઠી છે.ભાવનગર સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા મળેલી બાતમીના આધારે પોલીસે તપાસ શરૂ કરી હતી. સાયબર ફ્રોડની વિવિધ અરજીઓ અને દેશભરના રાજ્યોમાંથી મળેલા ઈનપુટ્સના આધારે પોલીસે આખા રેકેટનો પર્દાફાશ કર્યો છે.

## ભાવનગર સીટી-2 ડિવિઝનમાં 27 લાખની વીજચોરી ઝડપાઈ

ભાવનગર : પીજીવીસીએલના ભાવનગર સીટી-૨ સબ ડિવિઝનમાં વીજ ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. જેમાં ૬૫ કનેક્શનોમાં રૂ.૨૭.૭૧ લાખની વીજચોરી પકડાઈ છે. પીજીવીસીએલ ભાવનગર વર્તૂળ કચેરી હેઠળના સીટી-૨ સબ ડિવિઝનના અકવાડા, ઘોઘા, મામસા અને ચિત્રા સબ ડિવિઝનમાં વીજતંત્રની ૩૨ ટીમો દ્વારા આજે વહેલી સવારથી વીજ ચેકિંગની કામગીરી કરવામાં આવી હતી. જે અંતર્ગત પીજીવીસીએલની ટીમોએ ૩૪૨ રહેણાંકી, ૧૪ વાણિજ્ય અને ૭ ખેતીવાડી મળી કુલ ૩૬૩ વીજ કનેક્શનો તપાસવામાં આવ્યા હતા. જે પૈકી ૬૨ રહેણાંકી, ૨ વાણિજ્ય અને ૧ ખેતીવાડી મળી કુલ ૬૫ કનેક્શનોમાંથી કુલ રૂ.૨૭.૭૧ લાખની વીજચોરી પકડાતા વીજતંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

### શિક્ષણ ક્ષેત્રે આગળ વધતા વિદ્યાર્થીઓ ને મહાનુભાવો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું

## જાફરાબાદમાં સુની મુસ્લિમ તુર્કી જમાત દ્વારા તેજસ્વી તારલાઓ નું સન્માન સમારોહ યોજાયો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદમાં સુની મુસ્લિમ તુર્કી જમાત દ્વારા દર વર્ષે બોર્ડની પરિક્ષાઓમાં ધો ૧૦, અને ૧૨, ના ઉત્કૃષ્ટ પરિણામો બાદ સુની મુસ્લિમ તુર્કી જમાત એન આર ગ્રુપ એન્ડ કંપની દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ યોજવામાં આવેલ વિધાર્થીઓ ની મહેનત, લગન અને શૈક્ષણિક સિદ્ધિઓને સમાજ દ્વારા જાહેર માં બિરદાવાતા વિધાર્થીઓ ના આત્મવિશ્વાસ માં પણ વધારો થયો હતો તેમજ આવનારા વર્ષોમાં વિધાર્થીઓ ઉચ્ચ કારકિર્દી બનાવી પરિવાર તેમજ સામજનુ નામ રોશન કરે તેવું સામજના મહાનુભાવો દ્વારા જણાવ્યું હતું આ સન્માન સમારોહ માં સમાજના વિધાર્થીઓ ધોરણ ૧૦ માં ઉત્કૃષ્ટ પરિણામો મેળવનારા ૩૯, તેજસ્વી તારલાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ ૪૦ જેટલા વિધાર્થીઓ કોમ્પ્યુટર માં ડીગ્રી પ્રાપ્ત કરતા તેઓનું પણ સમાજના અગ્રણીઓ દ્વારા મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ ૧૨ તેજસ્વી તારલાઓ ડિપ્લો કરેલ હોય તેઓનું પણ સમાજના અગ્રણીઓ દ્વારા મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ ૯ વિધાર્થીઓ ને મહાનુભાવો દ્વારા ઈનામમાં ૫૦૦૦ જેવી રકમ કવરમાં આપવામાં આવી હતી તેમજ તમામ વિધાર્થિનીઓ વિધાર્થીઓ ને સુની તુર્કી સમાજ દ્વારા પંખાઓ અનેક વિવિધ છુટી આઈટમ આપી સાથોસાથ વિધાર્થીઓ વિધાર્થિનીઓ ને મહાનુભાવો દ્વારા શિક્ષણ ક્ષેત્રે આગળ વધવા માર્ગદર્શન આપવામાં પણ આવ્યું હતું આ તેજસ્વી તારલાઓ ના સન્માન સમારોહ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો સમાજના પ્રતિષ્ઠિત આગેવાનો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ના વાલીઓ ની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમમાં રંગેચંગે પૂર્ણ થયો હતો.

### અપહરણની ફરિયાદ નોંધાવી

## ભાવનગર પંથકમાં છેલ્લા 24 કલાકમાં સગીરા સહિત 3ના અપહરણ



(એજન્સી) ભાવનગર | તા.07

ભાવનગર પંથકમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન અલગ-અલગ સ્થળોએથી એક સગીરા અને સગીરાનું અપહરણ કરી ઢોર માર મારવામાં આવ્યાની ઘટનાને સામે આવી હતી તેવામાં એક બાળ કિશોરને અજાણ્યા ઈસમ અપહરણ કરી નાસી છૂટયા હતા. આ બનાવ સંદર્ભે અલગ-અલગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવી છે.ગતરોજ વહેલી સવારે ઘોઘારોડ પોલીસ મથકના વિસ્તારમાંથી અજાણ્યો ઈસમ સગીરાને લલચાવી ફોસલાવી અપહરણ કરી નાસી છૂટયો હતો અને એક સગીરનું અપહરણ કરી પાંચ જેટલા શખ્સોએ ઢોર માર માર્યો હોવાની ઘટનાને ૨૪ કલાક નથી થયા ત્યાં ભાવનગર પંથકમાં રહેતા પિતાએ નિલમબાગ પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી હતી કે, ૧૭ વર્ષનો પુત્ર ઘરે હતો અને બપોરના ચારેક વાગ્યા પછી હમણા આવુ છુ તેમ કહી પહેર્યાં કપડે ચાલીને નિકળેલ ત્યારબાદ તેના મમ્મીએ પાંચેક વાગ્યે ૧૭ વષય બાળ કિશોરને ફોન કરતા તેનો મોબાઈલ સ્વિચ ઓફ થઈ ગયો હતો. તેથી પત્નીએ તેમના પતિને જાણ કરતા પુત્રને શોધવા માટે પિતાએ ઘરના સભ્યો તથા સગાસંબંધી તેમજ તેના મિત્રોને પુત્ર અંગે પુછતા કોઈને કાઇ જાણ થયેલ ન હતી અને પિતાએ નિલમબાગ પોલીસ મથકમાં અજાણ્યા ઈસમ વિરૃધ્ધ ફરિયાદ નોંધાવી છે. આમ, છેલ્લા ૨૪ કલાકમાં ભાવનગરમાં અપહરણની ત્રણ ઘટના બની છે.

### ફાયર સ્ટાફની ત્વરિત કામગીરીથી મોટી દુર્ઘટના ટળી

# અલંગ શિપ બ્રેકિંગ યાર્ડમાં ટેન્કર શિપમાં આગ

(એજન્સી) અલંગ | તા.07

ભાવનગર જિલ્લાના વિશ્વપ્રસિદ્ધ અલંગ શિપ બ્રેકિંગ યાર્ડમાં શનિવારે સાંજે પ્લોટ નં. ૪૫ (ઈન્ડક્ટો સ્ટીલ લિ.) ખાતે ટેન્કર શિપના કટિંગ દરમિયાન અચાનક આગ ફાટી નીકળતા કામદારોમાં ભારે દોડધામ મચી ગઈ હતી. જોકે, અલંગ ફાયર બ્રિગેડની ટીમે સમયસૂચકતા દાખવીને આગ પર તાત્કાલિક કાબૂ મેળવી લેતા એક મોટી દુર્ઘટના ટળી છે. સાંજના પાંચેક વાગ્યાના અરસામાં મજૂરો ગેસ કટરની મદદથી ટેન્કર શિપના કટિંગની કામગીરી કરી રહ્યા હતા. આ દરમિયાન અચાનક શિપના ભાગમાં આગ ભભૂકી ઉઠી હતી. કામદારોએ આગને કાબૂમાં લેવાના પ્રયાસ કર્યા હતા પરંતુ તે વધવા લાગતા તાત્કાલિક અલંગ ફાયર સ્ટેશનને જાણ કરવામાં આવી હતી. ફાયરની ટીમે ઘટનાસ્થળે પહોંચીને પાણીનો મારો ચલાવી આગને વધુ વિસ્તારમાં ફેલાતી અટકાવી હતી.પ્રાથમિક અનુમાન મુજબ, શિપમાં રહેલા જ્વલંતશીલ પ્રવાહીના બાષ્પ અથવા અવશેષો ગેસ કટિંગ દરમિયાન ઉડતી તણખલાના સંપર્કમાં આવતા આગ લાગી હોવાનું માનવામાં આવી રહ્યું છે. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ કે મોટી સંપત્તિનું નુકસાન થયું નથી. અલંગ શિપ બ્રેકિંગ યાર્ડમાં સુરક્ષાના નિયમોનું કડક પાલન થતું હોય છે, તેમ છતાં આ પ્રકારની ઘટના બનતા તંત્ર દ્વારા આગ લાગવાના ચોક્કસ કારણો જાણવા માટે તપાસ હાથ ધરવામાં આવી છે. શિપ બ્રેકિંગના કામમાં સલામતીના પ્રોટોકોલનું યોગ્ય પાલન થયું હતું કે કેમ, તે અંગે પણ પ્રાથમિક તપાસ કરવામાં આવી રહી છે.



### જાફરાબાદ તાલુકાના બાબરકોટ

## રિઝર્વ ફોરેસ્ટમાં સિમેન્ટ કંપનીને માઈનિંગની મંજૂરી આપવા સામે વન વિભાગમાં લેખિત વિરોધ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લાના ગીર પૂર્વ વનવિભાગ હેઠળ આવતા બાબરકોટ રિઝર્વ ફોરેસ્ટની ૭૫.૯૪ હેક્ટર જંગલ જમીન એક ખાનગી સિમેન્ટ કંપનીને માઈનિંગ (ખનન) હેતુ માટે લીઝ પર આપવાની દરખાસ્ત સામે ગંભીર સવાલો ઊભા થયા છે. વડોદરાના વાઈલ્ડલાઈફ એક્ટિવિસ્ટ અને સેવ લાયન સંસ્થાના મયંક ભટ્ટ દ્વારા આ મામલે ગાંધીનગર ખાતે પ્રિન્સિપલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ્સ અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ ને એક વિસ્તૃત પત્ર રૂબરૂમાં પાઠવીને રજૂઆત કરવામાં આવી છે. મયંક ભટ્ટ દ્વારા કરવામાં આવેલી રજૂઆત અનુસાર, જે ૭૫.૯૪ હેક્ટર રિઝર્વ ફોરેસ્ટ જમીન સિમેન્ટ કંપનીને આપવાની હિલચાલ ચાલી રહી છે, તે વિસ્તાર એશિયાટિક સિંહો, દીપડા અને અન્ય વન્યજીવોનું કાયમી રહેઠાણ છે. તાજેતરના સરકારી પૂનમ અવલોકનના આંકડાઓનો હવાલો આપતા પત્રમાં જણાવાયું છે કે, આ બાબરકોટ અને તેની આસપાસના વિસ્તારોમાં આશરે ૫૧ જેટલા સિંહો વસવાટ કરી રહ્યા છે. જો અહીં માઈનિંગની પ્રવૃત્તિ શરૂ કરવામાં આવે, તો આ વન્યજીવોના કુદરતી પર્યાવરણને કાયમી નુકસાન પહોંચશે. રજૂઆતમાં વધુમાં દાવો કરવામાં આવ્યો છે કે આ પ્રોજેક્ટના કારણે આશરે ૨૦ અલગ-અલગ પ્રજાતિના ૫,૫૦૦ જેટલા વૃક્ષોનું નિકંદન નીકળી જશે, જે વન સંરક્ષણ અધિનિયમ, ૧૯૮૦ તેમજ સર્વોચ્ચ અદાલત અને ગુજરાત હાઈકોર્ટ દ્વારા વન્યજીવ કોરિડોરના સંરક્ષણ માટે આપવામાં આવેલા આદેશોનું સીધું ઉલ્લંઘન છે.

## જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં તોતિંગ ઉછાળો, ખાદ્ય પદાર્થોમાં ભાવવધારાથી હાહાકાર

# મોંઘવારીના મારથી મધ્યમવર્ગના બજેટમાં પડ્યું મોટું ગાબડું

(એજન્સી) અમદાવાદ | તા.07

દેશમાં છેલ્લા કેટલાક સમયથી જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં થયેલો તોતિંગ વધારો સામાન્ય જનતા માટે મુસીબતનું કારણ બન્યો છે. ખાસ કરીને ખાદ્ય પદાર્થોના ભાવ 95 ટકા સુધી આસમાને પહોંચતા મધ્યમવર્ગના પરિવારોનું ઘરનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. 'અચ્છે દિન'નો વાયદો કરીને સત્તા પર આવેલી સરકારના શાસનમાં મોંઘવારીનો ગ્રાફ સતત ઊંચે જઈ રહ્યો છે, જેના કારણે સામાન્ય અને મધ્યમ વર્ગ અત્યંત કફોડી અને લાચાર સ્થિતિમાં મુકાયો છે તેવો આકરો આક્ષેપ મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે.કોંગ્રેસના નેતાઓએ સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું છે કે, સત્તાધીશો સામાન્ય જનતાના ખિસ્સા ખંખેરી રહ્યા છે અને આ નાણાંથી માત્ર અમુક મૂડીપતિઓને જ ફાયદો કરાવવામાં આવી રહ્યો છે. વર્ષ 2014ની સરખામણીએ આજે વર્ષ 2026માં જીવનજરૂરી તમામ ખાદ્ય ચીજવસ્તુઓ, દૂધ તેમજ ઈંધણના ભાવો બે ગણાથી લઈને ત્રણ ગણા સુધી વધી ગયા છે. આ ચિંતાજનક ભાવવધારો જ સ્પષ્ટ કરે છે કે સરકાર આર્થિક મોરચે અને મોંઘવારી અંકુશમાં લેવામાં સદંતર નિષ્ફળ નીવડી છે. રસોડાનું બજેટ સંભાળતી ગૃહિણીઓ માટે



આર્થિક વ્યવસ્થાપન કરવું લોઢાના ચણા ચાવવા જેવું બની ગયું છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, હાલમાં પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભૌગોલિક-રાજકીય તણાવ અને આંતરરાષ્ટ્રીય કારણોસર ભાવ વધી રહ્યા હોવાનું બહાનું કાઢીને સરકાર પોતાની જવાબદારીઓમાંથી છટકી રહી છે. જનતાને વાસ્તવિક રાહત આપવાના બદલે જીવનજરૂરી વસ્તુઓ પર ભાવ નિયંત્રણ લાવવાની મોટી મોટી વાતો માત્ર કાગળ પર જ સીમિત રહી ગઈ છે. મીડિયા અહેવાલ અનુસાર, સામાન્ય પરિવારોના મુખ્ય અને રોજિંદા ખોરાક એવા લોટ, દાળ, ચોખા અને દૂધના ભાવમાં 50 ટકાથી લઈને 95 ટકા સુધીનો તોતિંગ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે, જેના કારણે ગરીબ અને મધ્યમ વર્ગ માટે બે ટંકનું ભોજન મેળવવું પણ મુશ્કેલ બની રહ્યું છે. તજજ્ઞોનું માનવું છે કે જો આવશ્યક ચીજવસ્તુઓના ભાવ પર લગામ નહીં લગાવવામાં આવે, તો મધ્યમવર્ગીય પરિવારોની બચત સાવ શૂન્ય થઈ જશે. લોટ, દાળ અને તેલના ભાવમાં જે રીતે વધારો જોવા મળ્યો છે, તેણે સામાન્ય લોકોની ખરીદશક્તિ ઘટાડી દીધી છે. સરકાર દ્વારા મોંઘવારીને ડામવા માટે હજુ સુધી કોઈ નક્કર અને અસરકારક પગલાં લેવામાં આવ્યા નથી, જેના કારણે જનતામાં રોષની લાગણી જોવા મળી રહી છે. શું સરકાર મધ્યમવર્ગને આ આર્થિક બોજમાંથી રાહત આપવા માટે કોઈ વિશેષ પેકેજ કે સબસિડી જાહેર કરશે? તે તો સમય જ કહેશે, પરંતુ હાલમાં તો મોંઘવારીની આગમાં મધ્યમવર્ગ બળી રહ્યો છે એ વાત નકારી શકાય તેમ નથી.

## RBI ગોલ્ડ રિઝર્વના મૂલ્યમાં અઠવાડિયામાં ૨.૧૯ અબજ ઘટાડો

મુંબઈ: ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ)ના સોનાના રિઝર્વના મૂલ્યમાં તાજેતરમાં ૨ અબજ ડૉલરથી વધુનો ઘટાડો નોંધાતા આર્થિક વર્તુળોમાં ભારે ચર્ચા જાગી હતી. આરબીઆઈ દ્વારા જાહેર કરાયેલા સાપ્તાહિક અહેવાલ મુજબ, ૨૯મી મે, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા સપ્તાહમાં સોનાના રિઝર્વ મૂલ્યમાં ૨.૧૯ અબજ ડૉલરનો ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, આ આંકડાઓને પગલે બજારમાં ચાલી રહેલી સોનું વેચવાની અટકળોને આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ સ્પષ્ટપણે નકારી કાઢી છે.શુક્રવારે નાણાકીય નીતિની જાહેરાત બાદ યોજાયેલી પત્રકાર પરિષદમાં ગવર્નર સંજય મલ્હોત્રાએ તમામ અટકળો પર પૂર્ણવિરામ મૂકતા જણાવ્યું હતું કે, "આરબીઆઈએ સોનું વેચ્યું હોવાના અહેવાલો તદ્દન પાયાવિહોણા અને આધારહીન છે. સેન્ટ્રલ બેંકનો ગોલ્ડ રિઝર્વ માત્ર યથાવત્ જ નથી, પરંતુ તેમાં થોડો વધારો પણ થયો છે." મીડિયા અહેવાલ મુજબ, ગવર્નરે ભારપૂર્વક કહ્યું હતું કે દેશ પાસે રહેલા સોનાના વાસ્તવિક જથ્થામાં કોઈ ઘટાડો થયો નથી.રિઝર્વ બેંકે સ્પષ્ટતા કરી છે કે આ ઘટાડો સોનાના વેચાણને કારણે નહીં, પરંતુ વૈશ્વિક બજારમાં સોનાના ભાવમાં થતા ફેરફાર (વેલ્યુએશન લોસ)ને આભારી છે. સોનાના ભંડારનો હિસાબ યુએસ ડૉલરમાં રાખવામાં આવે છે અને આંતરરાષ્ટ્રીય બજારના ભાવોના આધારે દર અઠવાડિયે તેનું પુનઃમૂલ્યાંકન કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે સોનાના ભાવમાં આવતી વધઘટ અને ચલણના મૂલ્યમાં થતા ફેરફારને લીધે રિપોર્ટમાં મૂલ્ય ઓછું દેખાઈ શકે છે, પરંતુ વાસ્તવિક સોનાનો જથ્થો ૮૮૦.૫૨ ટનના સ્તરે સુરક્ષિત છે.અગાઉ એક વિદેશી વિશ્લેષણમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભારતે વિદેશી હૂંડિયામણને ટેકો આપવા ૧૨ અબજ ડૉલરનું સોનું વેચ્યું છે. આરબીઆઈએ આ દાવાને ખોટો ગણાવી ફગાવી દીધો છે. આરબીઆઈના મતે ભંડારના મૂલ્યની વધઘટને વાસ્તવિક જથ્થાના ઘટાડા સાથે સરખાવવી ન જોઈએ. એક તરફ સોનાના મૂલ્યમાં ટેકનિકલ ઘટાડો દેખાય છે, તો બીજી તરફ દેશની એકંદર રિઝર્વ સ્થિતિ ખૂબ મજબૂત છે. ભારતની ફોરેન કરન્સી એસેટ્સ (એફસીએ) ૩.૧૨ અબજ ડૉલર વધીને ૫૪૬.૧૫ અબજ ડૉલર પર પહોંચી છે. આ આંકડા દર્શાવે છે કે દેશની આર્થિક સ્થિતિ અને વિદેશી મુદ્રા ભંડાર સુરક્ષિત અને સ્થિર છે.

## News Brief

### એલ્નિનો અને ભૌગોલિક તણાવ વચ્ચે જીડીપી વૃદ્ધિ ૬.૫% રહેશે

નવી દિલ્હી: નાણાકીય વર્ષ ૨૦૨૭ દરમિયાન ભારતના જીડીપી (GDP) વૃદ્ધિ દરમાં થોડો ઘટાડો થઈ શકે છે અને તે આશરે ૬.૫ ટકાની આસપાસ રહેવાનું અનુમાન છે. અગ્રણી બ્રોકરેજ ફર્મ્સ 'ડોલત કેપિટલ' અને 'આઈસીઆઈસીઆઈ ગ્લોબલ માર્કેટ્સ'ના તાજેતરના રિપોર્ટ્સ મુજબ, વધતા ઈનપુટ ખર્ચ, વૈશ્વિક ભૌગોલિક-રાજકીય તણાવ અને નબળા ચોમાસાની શક્યતા અર્થતંત્ર પર દબાણ લાવી શકે છે. મુખ્ય જોખમ તેલના ભાવ અને મોંઘવારીનું ગ્રાહકો પર થતું ભારણ છે.જોકે, નાણાકીય વર્ષ ૨૦૨૬નું અંતિમ પ્રદર્શન અપેક્ષા કરતા વધુ સારું રહ્યું છે. ચોથા ત્રિમાસિક ગાળામાં વાસ્તવિક જીડીપી વૃદ્ધિ ૭.૮ ટકા નોંધાઈ હતી, જે અગાઉના અનુમાનો કરતાં વધુ હતી. સમગ્ર વર્ષ માટે જીડીપી વૃદ્ધિ ૭.૭ ટકા રહી છે, જે નવી શ્રેણીમાં સૌથી મજબૂત ગણાય છે. ખાનગી વપરાશ અને સરકારના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખર્ચને કારણે આ ગતિ પ્રાપ્ત થઈ હતી. જીએસટી રેશનાલાઈઝેશન, આવકવેરામાં કાપ અને ગ્રામીણ માંગમાં સુધારાને કારણે ખાનગી વપરાશ ૭.૭ ટકા વધ્યો હતો. પુરવઠાની બાજુએ સેવા ક્ષેત્રે ૯.૩ ટકાનો ઉછાળો નોંધાયો હતો, જેમાં ટ્રેડ, હોટેલ્સ અને ટ્રાન્સપોર્ટ ક્ષેત્રે ૧૧.૦ ટકાની વૃદ્ધિ જોવા મળી હતી. મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર પણ ૧૦.૭ ટકાની વૃદ્ધિ સાથે સુધર્યું હતું. જોકે, હવે આ પડકારો વધી રહ્યા છે. ડોલત કેપિટલના મતે, જો એલ્નિનોના કારણે ચોમાસું નબળું પડે છે.

## નફાકારકતાના માપદંડ પૂર્ણ કરવામાં બે કંપનીઓ નિષ્ફળ

# પીએસયુ સાહસો BHEL અને SAILના મહારત્ન દરજ્જા સમીક્ષા હેઠળ મૂકાયા

### ૧૪ મહારત્ન કંપનીઓ પૈકી ભેલ અને સેઈલ બે કંપનીઓ પાછલા ત્રણ વર્ષમાં રૂ.૫૦૦૦ કરોડથી વધુ વાર્ષિક ચોખ્ખો નફો જાળવવાની જરૂરિયાતને પૂર્ણ કરી શકી નથી

(એજન્સી) નવી દિલ્હી | તા.07





**ભારતની ૧૪ મહારત્ન કંપનીઓની યાદી**

ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ (ભેલ), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ), કોલ ઇન્ડિયા લિમિટેડ (સીઆઇએલ), ગેઇલ ઇન્ડિયા લિમિટેડ, હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (એચએએલ), હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (એચપીસીએલ), ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ (આઇઓસીએલ), એનટીપીસી લિમિટેડ, ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ઓએનજીસી), ઓઇલ ઇન્ડિયા લિમિટેડ (ઓઆઇએલ), પાવર ફાઇનાન્સ કોર્પોરેશન (પીએફસી), આરઇસી લિમિટેડ, પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ (પીજીસીઆઇએલ) અને સ્ટીલ ઓથોરિટી ઓફ ઇન્ડિયા લિમિટેડ (સેઇલ) છે.

મહારત્ન દરજ્જા માટે જરૂરી નફાકારકતાના માપદંડને પૂર્ણ કરવામાં નિષ્ફળ રહેવા બદલ કેન્દ્ર દ્વારા પીએસયુ સાહસો ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ (ભેલ) અને સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (સેઈલ)ને એક વર્ષના સમીક્ષા સમયગાળા હેઠળ મૂકવામાં આવ્યા છે.જો આ સમીક્ષા સમયગાળા દરમિયાન કંપનીઓ નાણાકીય કામગીરીમાં સુધારો નહીં થાય, તો બે જાહેર ક્ષેત્રના ઉપક્રમો (પીએસયુ)ને નવરત્ન દરજ્જામાં ડાઉનગ્રેડ કરી શકાય છે, જેનાથી તેમના બોર્ડને હાલમાં ઉપલબ્ધ સ્વાયત્તતામાં ઘટાડો થઈ શકે છે.ભારતના ૧૪ મહારત્ન કંપનીઓમાં ભેલ અને સેઈલ એકમાત્ર બે કંપનીઓ છે, જે પાછલા ત્રણ વર્ષ દરમિયાન રૂ.૫૦૦૦ કરોડથી વધુનો સરેરાશ વાર્ષિક કરવેરા બાદનો નફો (ચોખ્ખો નફો) જાળવવાની જરૂરિયાને પૂર્ણ કરતી નથી. મહારત્ન તરીકે લાયક બનવા માટે, કેન્દ્રિય જાહેર ક્ષેત્રના સાહસ (સીપીએસઈ) પાસે રૂ.૨૫,૦૦૦ કરોડથી વધુનું સરેરાશ વાર્ષિક ટર્નઓવર, પાછલા ત્રણ વર્ષમાં રૂ.૧૫,૦૦૦ કરોડથી વધુ નેટવર્થ અને નોંધપાત્ર આંતરરાષ્ટ્રીય હાજરી હોવી આવશ્યક છે.જો ડાઉનગ્રેડ કરાશે તો આ કંપનીઓની નફાશક્તિમાં ઘટાડો થઈ શકે છે. મહારત્ન કંપનીઓ સરકારની પૂર્વ મંજૂરી વિના રૂ.૫૦૦૦ કરોડ સુધી ઈક્વિટી રોકાણ કરી શકે છે, જ્યારે નવરત્ન કંપનીઓ માટે મર્યાદા રૂ.૧૦૦૦ કરોડની છે. સીપીએસઈની વ્યાપક સમીક્ષાના ભાગરૂપે કેબિનેટ સચિવ ટીવી સોમનાથનની આગેવાની હેઠળની સમિતિ દ્વારા ભલામણ કરવામાં આવી હતી, એમ અહેવામાં ઉમેરવામાં આવ્યું છે.

પેનલે મહારત્ન માળખાની સમીક્ષા કરી અને કડક નાણાકીય અને શાસન ધોરણોની ભલામણ કરી, જેમાં નિર્ધારિત માપદંડોને પૂર્ણ કરવામાં નિષ્ફળ રહેતી કંપનીઓ પાસેથી રત્નનો દરજ્જો પાછો ખેંચવાની જોગવાઈઓનો સમાવેશ થાય છે. ભેલ અને સેઈલની દેખરેખ રાખતા મંત્રાલયોને નફાકારકતા અને એકંદર નાણાકીય કામગીરીમાં સુધારો કરવા માટે ટર્નઅરાઉન્ડ યોજનાઓ સબમિટ કરવા કહેવામાં આવ્યું છે.

રિપોર્ટ મુજબ, સમીક્ષાએ મહારત્ન પાત્રતા માળખાની વ્યાપક તપાસને પણ પ્રોત્સાહન આપ્યું છે. નીતિ આયોગના પ્રતિનિધિઓએ સમિતિને જણાવ્યું હતું કે, ટર્નઓવર, નેટવર્થ અને નફાકારકતા મર્યાદા ૨૦૧૦માં નક્કી કરવામાં આવી હતી અને વર્તમાન બજાર પરિસ્થિતિઓને પ્રતિબિંબિત કરવા માટે તેમાં સુધારો કરવામાં આવ્યો નથી.

સમિતિએ જાહેર સાહસોના વિભાગ (ડીપીઈ)ને ૨૦૨૫ના ભાવો સાથે ઈન્ડેક્સ કરીને પાત્રતા માપદંડોની સમીક્ષા કરવા જણાવ્યું છે, ત્યારબાદ તમામ સીપીએસઈનું સુધારેલા માળખા હેઠળ ફરીથી મૂલ્યાંકન કરી શકાય છે.સમીક્ષા દરમિયાન, સ્ટીલ મંત્રાલયે સમિતિને જાણ કરી છે કે, છેલ્લા ચાર વર્ષમાં સેઈલનું સરેરાશ વાર્ષિક ટર્નઓવર રૂ.એક ટ્રિલિયનને વટાવી ગયું છે, જ્યારે તેની સરેરાશ નેટવર્થ રૂ.૫૩,૯૭૬ કરોડ હતી. જો કે, કંપનીએ છેલ્લે ૨૦૨૨-૨૩માં ત્રણ વર્ષની સરેરાશ ચોખ્ખા નફાની થ્રેસોલ્ડ પૂર્ણ કરી હતી. ભેલના કિસ્સામાં, નીતિ આયોગે માનવ સંસાધન નીતિઓને વૃદ્ધિમાં મુખ્ય અવરોધ તરીકે ચિહ્નિત કરી છે અને તેની વ્યાપક સમીક્ષા કરવાની હાકલ કરી છે. ભારે ઉદ્યોગ મંત્રાલયે પેનલને જણાવ્યું હતું કે, કંપનીની નાણાકીય કામગીરીને સુધારવા માટે એક યોજના પહેલેથી જ બનાવવામાં આવી છે.

## ભારતીય અર્થતંત્ર ૮% થી વધુના દરે વિકાસ કરશે

નવી દિલ્હી: વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ભાવમાં વધઘટ અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ વચ્ચે પણ ભારતનો આર્થિક વિકાસ દર મજબૂત જળવાઈ રહ્યો છે. વર્લ્ડ બેંકમાં ભારતના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના સભ્ય નીલકંઠ મિશ્રાએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે, ભારતનો આર્થિક વિકાસ દર ૮ ટકાથી વધુ રહી શકે છે. મિશ્રાના મતે ક્રૂડ ઓઈલના ભાવથી અર્થતંત્ર ડગમગી જશે તેવી આશંકાઓ માત્ર એક 'નેરેટિવ' સમસ્યા છે, વાસ્તવિકતા નહીં.મિશ્રાએ નોંધ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૫માં નાણાકીય અને રાજકોષીય પડકારો હોવા છતાં ભારતનો વિકાસ દર ૭.૧ ટકા રહ્યો હતો. જો તે સમયગાળામાં વિકાસ આટલો મજબૂત રહી શક્યો હોય, તો અત્યારે જ્યારે ક્રેડિટ ગ્રોથ વેગ પકડી રહ્યો છે, ત્યારે અર્થતંત્ર ૮ ટકાથી વધુના દરે આગળ વધી રહ્યું હોવાનું અનુમાન છે. ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬ સુધીના ગ્રાઉન્ડ લેવલના આંકડાઓ આ વાતની સાક્ષી પૂરે છે. મે મહિનામાં કારના વેચાણમાં ૨૯ ટકાનો વધારો, મોલ્સમાં ગ્રાહકોની ભીડ અને સિમેન્ટની વધતી માંગ એ વાતનું પ્રમાણ છે કે ભારતીય ગ્રાહકોનો આત્મવિશ્વાસ અતૂટ છે.ક્રૂડ ઓઈલની અસરો વિશે વાત કરતા મિશ્રાએ સમજાવ્યું કે, ભારત અન્ય દેશોની તુલનામાં તેલના ઊંચા ભાવને સહન કરવા માટે વધુ સારી સ્થિતિમાં છે. ભારતીય ઓઈલ માર્કેટિંગ કંપનીઓ રિફાઈનર્સ પણ હોવાથી, જ્યારે ડીઝલના ભાવમાં વધારો થાય છે ત્યારે રિફાઈનિંગ માર્જિનનો લાભ મળે છે. ચીન અને અમેરિકા દ્વારા ઈન્વેન્ટરી છોડવાને કારણે તેલના ભાવમાં રાહત મળી છે, તેથી ભારતમાં ઈંધણના ભાવમાં વધારો કરવાની કોઈ જરૂર નથી. હાલના તેલના ભાવના સ્તરે વિકાસ દર પર જે થોડો 'ડ્રેગ' (અવરોધ) છે, તે માર્ચ ૨૦૨૭ સુધીમાં ઘટી જશે કારણ કે ઓઈલ ફ્યુચર્સના ભાવ ૮૦ ડોલર પ્રતિ બેરલની આસપાસ છે.મિશ્રાએ ભારપૂર્વક કહ્યું કે ભારતની અર્થવ્યવસ્થા ભૂતકાળના ઓઈલ શોક્સની સરખામણીએ હવે ઘણી વધારે શિસ્તબદ્ધ છે. મજબૂત આંતરિક માંગ અને રિફાઈનિંગ સરપ્લસના કારણે ભારત ૭.૫ થી ૮ ટકાનો વિકાસ દર જાળવી રાખવા સક્ષમ છે.

## ક્રિપ્ટોકરન્સી બજારમાં રોકાણકારોની ચિંતા

# વેચવાલીના દબાણથી બિટકોઈને ૬0000 ડોલરની સપાટી પણ ગુમાવી

મુંબઈ: ક્રિપ્ટોકરન્સી બજારમાં સપ્તાહના અંતે ફરી એકવાર ભારે વેચવાલી જોવા મળી હતી, જેના કારણે સૌથી લોકપ્રિય એવી ક્રિપ્ટોકરન્સી બિટકોઈન કડડભૂસ થઈને ૬૦,૦૦૦ ડોલરની મહત્વપૂર્ણ સપાટીની નીચે સરકી ગઈ છે. છેલ્લા ઘણા સમયથી બજારમાં ચાલી રહેલા દબાણને કારણે રોકાણકારોમાં ફફડાટ વ્યાપી ગયો છે. ઓક્ટોબર ૨૦૨૪ પછી બિટકોઈને આટલી નીચી સપાટી સ્પર્શતા બજારના નિષ્ણાતોમાં ચિંતાનો માહોલ છે.સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મોટી ટેક કંપનીઓના જંગી શેરબજારમાં આગમન (આઈપીઓ) અને બિટકોઈન ઈટીએફસમાંથી સતત થઈ રહેલા આઉટફ્લોને પરિણામે બિટકોઈન અને અન્ય ક્રિપ્ટો એસેટ્સ



પર ભારે દબાણ જોવા મળી રહ્યું છે. વેચવાલીનું દબાણ એટલું તીવ્ર હતું કે એક તબક્કે બિટકોઈન ૫૯,૦૯૯ ડોલરની સપાટી સુધી ગબડી ગયો હતો. વધુમાં, માર્કેટમાં ઊભા કરવામાં આવેલા ખાસ કરીને શોર્ટ પોઝિશન્સને ફરજિયાતપણે લિક્વિડેટ કરવામાં આવતા તેની પણ સીધી અસર ભાવ પર પડી હતી. એક મીડિયા અહેવાલ અનુસાર, છેલ્લા ચોવીસ કલાકમાં અંદાજે ૧.૬૦ અબજ ડોલરની પોઝિશન લિક્વિડેટ થઈ હોવાનું સામે આવ્યું છે.બિટકોઈન માટે આ સમયગાળો અત્યંત કપરો સાબિત થઈ રહ્યો છે. ગયા વર્ષના ઓક્ટોબરમાં ૧,૨૬,૦૦૦ ડોલરની ઓલટાઈમ હાઈ સપાટીને સ્પર્શ્યા બાદ, અત્યારે બિટકોઈનનો ભાવ ૫૦ ટકા ડિસ્કાઉન્ટ સાથે બોલાઈ રહ્યો છે. રોકાણકારોનું માનવું છે કે બજારમાં વિશ્વાસનો અભાવ અને વૈશ્વિક આર્થિક પરિસ્થિતિઓની અસર ક્રિપ્ટોકરન્સીના ભાવ પર સ્પષ્ટપણે દેખાઈ રહી છે.બિટકોઈનની સાથે જ અન્ય મુખ્ય ક્રિપ્ટોકરન્સી પણ દબાણમાં જોવા મળી હતી. મોડી સાંજના આંકડાઓ મુજબ, એથરમ ૧,૫૮૦ ડોલર, એક્સઆરપી ૧.૦૯ ડોલર અને સોલાના ૬૩.૧૯ ડોલરના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. મોટાભાગની ક્રિપ્ટોકરન્સીમાં થયેલો આ ઘટાડો રોકાણકારો માટે મોટો આંચકો છે. બજારના વિશ્લેષકોના મતે, જ્યાં સુધી બિટકોઈન ઈટીએફસમાં સ્થિરતા નહીં આવે અને રોકાણનો પ્રવાહ પુનઃ સકારાત્મક નહીં થાય, ત્યાં સુધી બજારમાં મોટી રિકવરીની શક્યતા ઓછી છે. હાલની સ્થિતિમાં રોકાણકારો સાવચેતીભર્યું વલણ અપનાવી રહ્યા છે, કારણ કે બજારની દિશા અત્યારે અનિશ્ચિત દેખાઈ રહી છે.

## ધ વર્લ્ડગ્રેડ અને ગ્રેડનેટિક દ્વારા અમદાવાદના સમર્પિત ગ્લોબલ એજ્યુકેશન કેમ્પસનો પ્રારંભ અને 100% સુધીની પ્રથમ વર્ષની ટ્યુશન સ્કોલરશિપની જાહેરાત

અમદાવાદ : ગુજરાતમાં પરવડે તેવી, કારકિર્દી-કેન્દ્રિત આંતરરાષ્ટ્રીય શિક્ષણ માર્ગોની વધતી જતી માંગને પ્રતિબિંબિત કરતા, ધ વર્લ્ડગ્રેડે ગ્રેડનેટિક સાથે પાર્ટનરશિપમાં, આજે શહેરમાં આયોજિત એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન અમદાવાદમાં ગ્રેડનેટિક ગ્લોબલ કેમ્પસના લોન્ચની જાહેરાત કરી. આ કેમ્પસ 13 જૂન, 2026થી કાર્યરત થવા માટે તૈયાર છે, અને આંતરરાષ્ટ્રીય શિક્ષણ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે એક એવા સમર્પિત સ્થળ તરીકે સેવા આપશે, જે શૈક્ષણિક કાઉન્સેલિંગ, યુનિવર્સિટી પ્રવેશ પ્રક્રિયા, શિષ્યવૃત્તિ માર્ગદર્શન, કારકિર્દી આયોજન, વિઝા તૈયારી અને વિદેશી શિક્ષણ માર્ગો વિશે સુવ્યવસ્થિત અને સર્વાંગી મદદ પૂરી પાડશે.આ કેમ્પસ લોન્ચ ગુજરાત અને તેની આસપાસના વિસ્તારોમાં વિદ્યાર્થીઓ માટે આંતરરાષ્ટ્રીય



શિક્ષણની તકો સુધી પહોંચ વધારવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. જેમ જેમ વિદેશમાં શિક્ષણમાં રસ વધી રહ્યો છે, વિદ્યાર્થીઓ અને વાલીઓ શૈક્ષણિક ગુણવત્તા, રોજગારક્ષમતા પરિણામો, પરવડે તેવા ખર્ચા અને વ્યક્તિગત સહાયને જોડતા માર્ગો શોધી રહ્યા છે. આ બદલાતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ગ્રેડનેટિક ગ્લોબલ કેમ્પસની સ્થાપના કરવામાં આવી છે.

## એનએસઈના રોકાણકાર ખાતાનો આંકડો ૨૬ કરોડને પાર પહોંચ્યો

નવી દિલ્હી: નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) એ ભારતીય મૂડીબજારમાં એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. જૂન ૨૦૨૬ના આંકડા મુજબ, એક્સચેન્જ પર યુનિક ટ્રેડિંગ એકાઉન્ટ્સ અથવા ક્લાયન્ટ કોડ્સની સંખ્યા ૨૬ કરોડને પાર કરી ગઈ છે. રોકાણકારોના વધતા ઉત્સાહને જોતા એ કહી શકાય કે છેલ્લા ચાર મહિનામાં જ એક કરોડ નવા ખાતા ખૂલ્યા છે. છેલ્લા એક વર્ષમાં જ લગભગ ૪.૩ કરોડ ખાતા ઉમેરાયા છે, જે કુલ ખાતાના લગભગ ૧૭ ટકા જેટલા થાય છે.આ વૃદ્ધિ પાછળનું મુખ્ય કારણ ઝડપી ડિજિટલાઈઝેશન અને નાના શહેરોમાં વધતી પહોંચ છે. મોબાઈલ ટ્રેડિંગ પ્લેટફોર્મ્સ હવે કેશ માર્કેટના કુલ ટર્નઓવરના ૨૦ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે. વધુમાં, સરળ કેવાયસી (KYC) પ્રક્રિયાએ નવા રોકાણકારો માટે બજારમાં પ્રવેશવાના અવરોધો ઘટાડ્યા છે. એનએસઈના ચીફ બિઝનેસ ડેવલપમેન્ટ ઓફિસર શ્રીરામ કૃષ્ણને જણાવ્યું હતું કે, "૨૬ કરોડના આંકડા સુધી પહોંચવું એ એક્સચેન્જ માટે એક મોટી સિદ્ધિ છે. ભૌગોલિક-રાજકીય અનિશ્ચિતતા હોવા છતાં, રોકાણકારોનો વિશ્વાસ અકબંધ છે."ભારતના મુખ્ય રાજ્યોમાં મહારાષ્ટ્ર સૌથી આગળ છે, જ્યાં ૪.૪ કરોડ ખાતા (૧૭%) છે. ત્યારબાદ ઉત્તર પ્રદેશ (૩ કરોડ), ગુજરાત (૨.૨ કરોડ), અને પશ્ચિમ બંગાળ તથા રાજસ્થાન (દરેકમાં ૧.૫ કરોડ) નો સમાવેશ થાય છે. આ પાંચ રાજ્યો કુલ ખાતાના ૪૯ ટકા હિસ્સો ધરાવે છે. જોકે, હવે ઉત્તર-પૂર્વના રાજ્યો જેવા કે મિઝોરમ, સિક્કિમ અને મેઘાલયમાં પણ રોકાણકારોની સંખ્યા ઝડપથી વધી રહી છે.

## વિહાન પર્યાવરણની જાળવણીની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવતા 100 નવા વૃક્ષો સાથે વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરે છે

વિશ્વ પર્યાવરણ દિન 2026 નિમિતે, વિહાન ક્લીન એન્ડ ગ્રીન ટેક દ્વારા તેના કેમ્પસમાં ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી) ના અધિકારીઓ શ્રી વી.ડી. ચૌધરી (એઇઇ) અને શ્રી એન.પી. ચૌધરી (એસએસએ) પણ ઉપસ્થિત રહ્યા હતા, તેમની હાજરીમાં 100 વૃક્ષો નવા વાવવામાં આવ્યા હતા.

જે આ પહેલને અલગ બનાવે છે તે છે, પ્રતીકાત્મક વૃક્ષારોપણને બદલે લાંબા ગાળાના અસ્તિત્વ પર અમે ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ગયા વર્ષે વિહાને લગભગ 400 વૃક્ષો વાવ્યા હતા. આખા વર્ષ દરમિયાન, દરેક રોપાના ઉછેર અને દેખરેખ માટે યોગ્ય પ્રયાસો પણ કરવામાં આવ્યા હતા. અમારા શ્રેષ્ઠ પ્રયાસો છતાં 31 વૃક્ષો ટકાવી શક્યા નથી, પણ તેમાંથી મોટા ભાગના બચી ગયા છે અને હવે સારા વૃક્ષો તરીકે વૃદ્ધિ પામી રહ્યા છે, જે હરિયાળી અને વધુ સારા ઈકોસિસ્ટમમાં ફાળો આપી રહ્યા છે. આ વર્ષના વૃક્ષારોપણ અભિયાન સાથે, વિહાન કેમ્પસમાં હવે 500થી વધુ મોટા વૃક્ષો છે. વધુમાં, આ બધાની સાથે અસંખ્ય નાના વૃક્ષો અને રોપાઓની ઔપચારિક ગણતરી કરવામાં આવી નથી, જો તેને ઉમેરવામાં આવે તો, કેમ્પસમાં કુલ હરિયાળી આવરણ 1,000થી વધુ વૃક્ષો પર પહોંચી ગયું છે. આ પ્રસંગે અમિત બદલાની, વિહાન ક્લિન એન્ડ ગ્રીન ટેકના મેનેજિંગ ડિરેક્ટર કહે છે, "પર્યાવરણની જાળવણી એક છોડ વાવીને પૂરી નથી થતી. સફળતાનો સાચો માપ એ ધ્યાન રાખવામાં છે કે, વૃક્ષ ટકી રહે અને તે મોટું થાય. વિહાનમાં, અમે માનીએ છીએ કે, ટકાઉપણું એ સમગ્ર વર્ષ ચાલતી જવાબદારી છે અને અમારી આ હરિયાળી પહેલને પર્યાવરણ પર કાયમી અસરમાં પરિવર્તિત થતી જોઈને અમને ગર્વ છે."

આ કાર્યક્રમમાં ગંદાપાણીના રિસાયક્લિંગ, રિન્યુએબલ એનર્જી, રીસોર્સ રિકવરી અને સર્ક્યુલર ઈકોનોમીની પહેલ દ્વારા ટકાઉપણું વિશેની વિહાનની વ્યાપક પ્રતિબદ્ધતા પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો. પર્યાવરણ સંબંધિત પડકારોનો સામનો કરવામાં ઉદ્યોગો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવાનું ચાલુ રાખતા હોવાથી, વિહાન એ દર્શાવવા માટે પ્રતિબદ્ધ છે કે આર્થિક વૃદ્ધિ અને પર્યાવરણ અંગેની જવાબદારી એક સાથે આગળ વધી શકે છે. કર્મચારીઓ, સ્ટેકહોલ્ડર્સ અને નિયમનકારી સત્તાધિશોના સતત પ્રયાસો અને સક્રિય સહયોગથી, વિહાનનો ઉદ્દેશ્ય એક હરિયાળી ઔદ્યોગિક ઈકોસિસ્ટમ બનાવવાનો અને વધુ સ્થિર ભવિષ્ય તરફ અર્થપૂર્ણ યોગદાન આપવાનો છે.

## રાહત | તેલના ભાવમાં પારદર્શિતા લાવવા નવો નિયમ

# ખાદ્ય તેલ હવે મળશે માનક પેકેજિંગમાં જ મળશે ગ્રાહકોને

(એજન્સી) મુંબઈ | તા.07

ગ્રાહકોના હિતમાં અને બજારમાં પારદર્શિતા જાળવી રાખવા માટે કેન્દ્ર સરકારના ગ્રાહક બાબતોના મંત્રાલયે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ઉદ્યોગ જગતની લાંબા સમયની માગણીઓને ધ્યાનમાં રાખીને, મંત્રાલયે હવે ખાદ્ય તેલનું વેચાણ ફરજિયાતપણે માનક પેકેજિંગમાં જ કરવાનું રહેશે તેવી નવી એડવાઈઝરી જાહેર કરી છે. આ નિર્ણયથી રિટેલ બજારમાં વ્યવસ્થા સ્થપાશે અને ગ્રાહકો વિવિધ બ્રાન્ડના તેલના ભાવોની સરળતાથી તુલના કરી શકશે. ઉત્પાદકો, પેકર્સ અને આયાતકારોને આ નવા નિયમોનું ચુસ્તપણે પાલન કરવા માટે ત્રણ મહિનાનો સમય આપવામાં આવ્યો છે.

ગ્રાહક બાબતોના વિભાગે કાનૂની માપવિજ્ઞાન (લીગલ મેટ્રોલોજી) માળખા હેઠળ ખાદ્ય તેલો અને



ચરબીની શુદ્ધ માત્રા તથા માનક પેક કદ નક્કી કરવા માટેની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી) માં સુધારો કર્યો છે. ગત ૨૦ મેના રોજ ગ્રાહક બાબતોના સચિવ નિધિ ખરેની અધ્યક્ષતામાં મળેલી હિતધારકોની બેઠક બાદ આ નિર્ણય પર મહોર મારવામાં આવી હતી. આ નવી વ્યવસ્થાથી બજારમાં એક સમાન સ્પર્ધાનું વાતાવરણ તૈયાર થશે અને ગ્રાહકોને અસ્પષ્ટ પેકિંગના નામે થતી છેતરપિંડીમાંથી મુક્તિ મળશે.સુધારેલા નિયમો મુજબ, પામ તેલ, સોયાબીન તેલ, સૂર્યમુખી તેલ, સરસવ તેલ, મગફળી તેલ, તલ તેલ અને કપાસિયા તેલ સહિતના મુખ્ય તેલો માટે ચોક્કસ વજન અને કદ નક્કી કરવામાં આવ્યા છે. હવે તેલનું વેચાણ ૨૦૦ ગ્રામ, ૫૦૦ ગ્રામ, ૧ કિલો, ૨ કિલો, ૩ કિલો, ૪ કિલો, ૫ કિલો, ૧૫ કિલો અને ૨૦ કિલોગ્રામના પેકેટમાં જ થઈ શકશે. આ જ રીતે પ્રવાહી માત્રામાં ૨૦૦ મિલીલીટરથી ૨૦ લીટર સુધીના માનક પેક માન્ય ગણાશે. આ નિર્ણયને કારણે બજારમાં પ્રચલિત એવા ૬૫૦ ગ્રામ, ૮૧૦ ગ્રામ કે ૮૭૦ ગ્રામ જેવા બિન-માનક પેકેટો હવે ત્રણ મહિના પછી સંપૂર્ણપણે દૂર થઈ જશે. જોકે, ૨૦૦ ગ્રામ અથવા ૨૦૦ મિલીલીટરથી ઓછી માત્રાવાળા પેકેટો પર કોઈ પ્રતિબંધ લાદવામાં આવ્યો નથી.મીડિયા અહેવાલ મુજબ, જે લઘુ (માઈનર) ખાદ્ય તેલોને મુખ્ય યાદીમાં સામેલ કરવામાં આવ્યા નથી, તેમને આ માનક પેક કદની ફરજિયાતતામાંથી મુક્તિ આપવામાં આવી છે. જોકે, આવા તેલ ઉત્પાદકોએ પણ 'લીગલ મેટ્રોલોજી' નિયમો, ૨૦૧૧ હેઠળ યુનિટ સેલ પ્રાઈસ જાહેર કરવાની તમામ જોગવાઈઓનું પાલન કરવું અનિવાર્ય રહેશે. સરકારના આ કદમથી ખાદ્ય તેલના ભાવમાં રહેલી અસ્પષ્ટતા દૂર થશે. ગ્રાહકો હવે પોતાની જરૂરિયાત મુજબના માનક પેકેટ પસંદ કરી શકશે અને વધારાના વજન કે ભાવના ગણિતમાં ગેરમાર્ગે નહીં દોરાય. આ સુધારાને ગ્રાહક સુરક્ષા ક્ષેત્રે એક મોટી જીત તરીકે જોવામાં આવી રહ્યો છે, જે લાંબા ગાળે સામાન્ય નાગરિકો માટે આર્થિક ફાયદાકારક સાબિત થશે. આગામી ત્રણ મહિનામાં સમગ્ર બજાર આ નવી પદ્ધતિ સાથે સુસંગત થઈ જશે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, જેઠ વદ - 08

# ઈથેનોલથી દોડશે વાહનો : 85 ટકા બ્લેંડિંગ વાળું ફ્લેક્સ ફ્યૂઅલ લોન્ચ

2014માં ભારતની ઈથેનોલ ઉત્પાદન ક્ષમતા માત્ર 200 કરોડ લિટર હતી. જે હાલમાં અંદાજે 1800થી 2000 કરોડ લિટર સુધી પહોંચી ગઈ છે. દેશમાં હવે E20 બ્લેંડિંગ ફરજિયાત કરવામાં આવ્યું છે જેના માટે 1000 કરોડ લિટરની જ જરૂર પડે છે. સરકાર આગામી પાંચ વર્ષોમાં ઉત્પાદનને પાંચ ગણું કરવા માગે છે અને વપરાશ પણ પાંચ ગણો વધારવા માગે છે : પેટ્રોલની ઓળખ હવે E10થી બદલીને E10/E20 કરવામાં આવશે. આ સાથે જ E85 અને E100ને પણ સત્તાવાર રીતે નિયમોમાં સામેલ કરવામાં આવશે. તેવી જ રીતે બાયોડીઝલને B10થી વધારીને B100 સુધી અપડેટ કરવાનો પ્રસ્તાવ છે. જો ખરેખર તેવું શક્ય બનશે તો એનર્જી સેક્ટરમાં એક મોટું અને ક્રાંતિકારી પરિવર્તન આવશે : ઈથેનોલ બ્લેંડિંગનો અર્થ છે પેટ્રોલમાં ઈથેનોલ ભેગું કરવું. ભારતમાં હાલમાં જે પેટ્રોલ એન્જિન છે તેની ક્ષમતા E20 છે. સરકાર હવે તેને વધારીને 85 અને 100 ટકા લઈ જવા માગે છે. સરકાર ઈચ્છે છે કે, નવા એન્જિન વિકસાવવામાં આવે જે પેટ્રોલના સ્થાને સંપૂર્ણ રીતે ઈથેનોલ ઉપર જ કામ કરેઅમેરિકા અને ઈરાનના યુદ્ધનો કોઈ અંત દેખાતો નથી. એક તરફ બંને મંત્રણા કરે છે અને બીજી તરફ એકબીજા ઉપર હુમલા કરે છે. તેના કારણે સ્થિતિ વધારે ગુંચાતી જાય છે. આ અનિશ્ચિતતાઓને કારણે દુનિયાભરમાં પેટ્રોલ અને ડીઝલની તંગી સર્જાયેલી છે. ભારત સહિત દુનિયાના ઘણા દેશો પાસે સ્ટોક છે તે ખુટવા લાગ્યો છે. ઘણા દેશો દ્વારા વૈકલ્પિક ઈંધણોના ઉપયોગની કવાયત હાથ ધરવામાં આવી છે. ભારતે પણ પેટ્રોલ અને ડીઝલના વિકલ્પો અને તેની સાથે અન્ય કેમિકલ્સ અને પદાર્થોની ભેળસેળ કરીને નવા ફ્યુઅલ વિકસાવવાની દિશામાં અને તેનો ઉપયોગ કરવાની દિશામાં પ્રયાસ કરાઈ રહ્યા છે. એક તરફ સ્ટોક ઘટી રહ્યો છે અને બીજી તરફ પેટ્રોલના અને ડીઝલના ભાવમાં તોતિંગ વધારો ઝિંકાવાની શક્યતાઓ છે ત્યાં સરકારે પેટ્રોલ અને ડીઝલ ઉપર નિર્ભરતા ઓછી કરવા નવું સાહસ કરવાનું નક્કી કર્યું છે.તાજેતરમાં સરકાર દ્વારા E85 કેટેગરીનું બાયોફ્યૂઅલ લોન્ચ કરવામાં આવ્યું છે. દિલ્હીના કેટલાક પેટ્રોલપંપ ખાતે આ ફ્યૂઅલ લોન્ચ કરાયું છે. ઉલ્લેખનીય છે કે, ઘણા સમય પહેલાં ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય (MoRTH) દ્વારા એક નવું નોટિફિકેશન જારી કરવામાં આવ્યું છે. મંત્રાલય દ્વારા મોટર વ્હીકલ એક્ટ હેઠળ એક ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે જેમાં પેટ્રોલમાં વધુ માત્રામાં ઈથેનોલ ભેળવવાના નિયમોનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. તેના અનુસંધાનમાં જ આ પેટ્રોલ અને પોલિસી લાગુ કર્યા હોય તેમ દેખાઈ રહ્યું છે. હવે આગામી સમયમાં વાહનો સંપૂર્ણપણે ઈથેનોલથી પણ ચાલી શકશે તેવી શક્યતાઓ પણ વ્યક્ત કરવામાં આવી છે. સરકાર ૧૦૦ ટકા ઈથેનોલથી જ વાહનો ચલાવવાની તૈયારીમાં છે. સેન્ટ્રલ મોટર વ્હીકલ રૂલ્સ-૧૯૮૯માં સુધારો કરીને E85 અથવા E100 સુધીના ઈંધણ માટે વાહન સ્ટાન્ડર્ડનો સમાવેશ કરવાની વાત જે-તે પ્રસ્તાવમાં કરવામાં આવી હતી. ડ્રાફ્ટમાં ઈંધણની નવી કેટેગરી નક્કી કરવાનો પણ પ્રસ્તાવ છે. જેમ કે પેટ્રોલની ઓળખ હવે E10/ઈથી બદલીને E10/E20 કરવામાં આવશે. આ સાથે જ E85 અને E100ને પણ સત્તાવાર રીતે નિયમોમાં સામેલ કરવામાં આવશે. તેવી જ રીતે બાયોડીઝલને B10થી વધારીને B100 સુધી અપડેટ કરવાનો પ્રસ્તાવ છે. અહેવાલો પ્રમાણે ઊર્જા જરૂરિયાતોમાં આત્મનિર્ભરતા લાવવાના પ્રયાસ રૂપે જ ૧૦૦ ટકા ઈથેનોલ બ્લેંડિંગ પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જો ખરેખર તેવું શક્ય બનશે તો એનર્જી સેક્ટરમાં એક મોટું અને ક્રાંતિકારી પરિવર્તન આવશે. ઉલ્લેખનીય છે કે, ઈથેનોલ બ્લેંડિંગનો અર્થ છે પેટ્રોલમાં ઈથેનોલ ભેગું કરવું. ભારતમાં હાલમાં જે પેટ્રોલ એન્જિન છે તેની ક્ષમતા E20 છે. તેનો અર્થ એ છે કે, પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ ભેળવી શકાય છે. ઈથેનોલ બ્લેંડેડ પેટ્રોલ હેઠળ સરકારે ગત વર્ષ ૧ એપ્રિલથી આ નીતિ લાગુ કરી દીધી હતી. હાલમાં પેટ્રોલમાં ૨૦ ટકા ઈથનેલો ભેળવવામાં આવે છે. સરકાર હવે તેને વધારીને ૮૫ અને ૧૦૦ ટકા લઈ જવા માગે છે. સરકાર ઈચ્છે છે કે, નવા એન્જિન વિકસાવવામાં આવે જે પેટ્રોલના સ્થાને સંપૂર્ણ રીતે ઈથેનોલ ઉપર જ કામ કરે. તેને ધ્યાનમાં રાખીને જ E85 પેટ્રોલ લોન્ચ કરવામાં આવ્યું છે. સરકારી જાણકારોનો દાવો છે કે, E20થી E85 સુધીની ક્ષમતા ધરાવતા તમામ વાહનોમાં તેનો ઉપયોગ થઈ શકશે. તેના કારણે એન્જિનને નુકસાન પણ થશે નહીં.ઉલ્લેખનીય છે કે, ઈથેનોલ એક પ્રકારનો આલ્કોહોલ જ ગણાય છે જે શેરડી, મકાઈ અને ચોખામાંથી બનાવવામાં આવે છે. પહેલાં તેમાંથી સુગર દૂર કરવામાં આવે છે અને ત્યારબાદ તેમાં યીસ્ટ ભેળવવામાં આવે છે. યીસ્ટ આ સુગરને ઈથેનોલ અને ગેસમાં પરિવર્તિત કરી દે છે.

# સંખેડા પોલીસે 'ફિટ ઈન્ડિયા' મૂવમેન્ટ અંતર્ગત 'સન્ડે ઓન સાયકલ' કાર્યક્રમનું આયોજન કર્યું હતું

રિપોર્ટર.કમલેશ પટેલ. સંખેડા

સંખેડા પોલીસે 'ફિટ ઈન્ડિયા' મૂવમેન્ટ અંતર્ગત 'સન્ડે ઓન સાયકલ' કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ સાયકલ રેલીમાં પોલીસ સ્ટાફ પીટી ડ્રેસમાં સાયકલ લઈને જોડાયો હતો, જેનો મુખ્ય હેતુ નાગરિકોને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરવાનો હતો.




આ કાર્યક્રમ સંખેડા પોલીસ સ્ટેશન દ્વારા 'ફિટ ઈન્ડિયા' પ્રોજેક્ટના ભાગરૂપે યોજાયો હતો. રેલી સંખેડા પોલીસ સ્ટેશનથી શરૂ થઈ, સમગ્ર બજારમાં ફરીને સંખેડા ભાથીજી મંદિર ચોકડી સુધી પહોંચી હતી.

પોલીસ સ્ટાફ પોતાની સાયકલ સાથે પીટી ડ્રેસમાં રેલીમાં ઉત્સાહભેર જોડાયો હતો. રેલી દરમિયાન સંખેડાના મુખ્ય માર્ગો પર ટ્રાફિકને અડચણ ન થાય અને રેલી શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે ચોક્કસ જગ્યાએ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. 'ફિટ ઈન્ડિયા' મૂવમેન્ટનો ઉદ્દેશ્ય નાગરિકોને શારીરિક તંદુરસ્તી અને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરવાનો છે. પોલીસ દ્વારા કરવામાં આવેલી આ પહેલને સ્થાનિક લોકોએ સારો પ્રતિસાદ આપ્યો હતો અને તેની સરાહના કરી હતી.

# યુએસએ.ના મિઝોરી સ્ટેટ કેપિટલમાં સાળંગપુર ધામના પૂજ્ય હરિપ્રકાશદાસજી સ્વામીનું ભવ્ય સન્માન

## સ્ટેટ ટ્રેઝરર વિવેક મલેક દ્વારા સત્તાવાર જાહેરનામું બહાર પડાયું

નરેન્દ્ર દવે જૂનાગઢ

અમેરિકાના મિઝોરી રાજ્યના સત્તાવાર કેપિટલ ખાતે સાળંગપુર હનુમાનજી મંદિરના મુખ્ય પ્રેરણાસ્ત્રોત અને જાણીતા આધ્યાત્મિક સંત પૂજ્ય હરિપ્રકાશ દાસજી સ્વામીનું ગૌરવપૂર્ણ બહુમાન કરવામાં આવ્યું છે. મિઝોરી રાજ્યના સ્ટેટ ટ્રેઝરર (રાજ્યના નાણા પ્રધાન) વિવેક મલેક દ્વારા ૫ જૂન ૨૦૨૬ના રોજ એક વિશેષ સત્તાવાર જાહેરનામું (Declaration) બહાર પાડીને સ્વામીજીની વૈશ્વિક માનવતાવાદી અને આધ્યાત્મિક સેવાઓને બિરદાવવામાં આવી છે.આ સરકારીશ દસ્તાવેજમાં પૂજ્ય સ્વામીજીને 'વૈશ્વિક શાંતિ અને માનવતાના દૂત' (Global Messenger of Peace and Humanity) તરીકે સંબોધવામાં આવ્યા છે.



સન્માન પત્રમાં સ્વામીજીના કાર્યોની સરાહના કરતા મુખ્ય મુદ્દાઓ નોંધવામાં આવ્યા છે: સાળંગપુર ધામનું નેતૃત્વ: વિશ્વપ્રસિદ્ધ શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર, સાળંગપુરના વિકાસ પાછળના મુખ્ય પ્રેરકબળ અને માર્ગદર્શક તરીકે તેમના દૂરંદેશી નેતૃત્વને સ્વીકારવામાં આવ્યું છે. મહાન સેવા કાર્ય (અન્નક્ષેત્ર) : સાળંગપુર મંદિરના રસોડા દ્વારા દરરોજ ૨૫,૦૦૦થી વધુ લોકોને વિનામૂલ્યે, પૌષ્ટિક અને પવિત્ર ભોજન (પ્રસાદ) પૂરો પાડીને કોઈ ભૂખ્યું ન રહે તે સુનિશ્ચિત કરવા બદલ તેમની માનવતાવાદી સેવાની પ્રશંસા કરાઈ છે. યુવા જાગૃતિ અને વ્યસનમુક્તિ:સ્વામીજીએ પોતાના પ્રવચનો અને સંવાદો દ્વારા ૧,૦૦,૦૦૦થી વધુ યુવાનોને જોડીને તેમને નૈતિક મૂલ્યો,વ્યસન મુક્તિ અનેઆત્મ-શિસ્ત ના માર્ગે વાળ્યા છે, તેની ખાસ નોંધ લેવામાં આવી છે.

વૈશ્વિક શાંતિ અને સામાજિક કલ્યાણ: સ્વામીજી દ્વારા ફેલાવવામાં આવતો વૈશ્વિક શાંતિ, સર્વધર્મ સંભાવ અને પરસ્પર આદરનો સંદેશ તેમજ પર્યાવરણ સંરક્ષણ, શૈક્ષણિક સહાય અને આપત્તિ વ્યવસ્થાપન (કુદરતી આફતો વખતે રાહત કામગીરી) જેવા કાર્યોથી સમાજમાં આવેલા સકારાત્મક પરિવર્તનને બિરદાવવામાં આવ્યું છે. મિઝોરીના સ્ટેટ ટ્રેઝરર વિવેક મલેકે સત્તાવાર રીતે જાહેર કર્યું હતું કે, તેઓ પૂજ્ય હરિપ્રકાશદાસજી સ્વામીના સાંસ્કૃતિક વિવિધતા, સામાજિક જોડાણ, વૈશ્વિક નેતૃત્વ, આધ્યાત્મિક ઉત્થાન અને વિશાળ પાયે ચાલતા સામાજિક કલ્યાણના કાર્યોને આદરપૂર્વક પ્રણામ કરે છે અને તેમની પ્રશંસા કરે છે. આ સન્માન માત્ર સાળંગપુર ધામ માટે જ નહીં, પરંતુ સમગ્ર ભારત દેશ અને સનાતન સંસ્કૃતિ માટે ગૌરવની ક્ષણ છે, જે દર્શાવે છે કે સાળંગપુરથી શરૂ થયેલી સેવાની સુવાસ આજે સાત સમંદર પાર અમેરિકાના સરકારી ગલિયારાઓ સુધી પહોંચી છે.

# ફ્રેન્ડ્સ ઓફ કેટલ સ્લોગન સાથે મહાનગર પાલિકા સંચાલિત ગૌશાળામાં દાતાશ્રી દ્વારા ૯ ગોળના ડબ્બાનું દાન

નરેન્દ્ર દવે જૂનાગઢ

મહાનગરપાલિકા, જુનાગઢ શહેરને સ્વચ્છ રાખવા તેમજ રખડતા ભટકતા અને જાહેર માર્ગો ઉપર અડચણરૂપ થતા ગૌવંશને અટકાવવા પ્રયત્નશીલ છે. જુનાગઢ મહાનગરપાલિકાના હદ વિસ્તારમાંથી રખડતા ભટકતા અને જાહેર માર્ગો ઉપર અડચણરૂપ થતા ગૌવંશને અટકાવવા અને જાહેરમાં અનધિકૃત ઘાસ ચારો વેચતા ઈસમોને પકડવા માટે કાર્યવાહી કાર્યરત છે. તેમજ જાહેરમાં ઘાસચારો વેચવા અથવા નાખવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. તથા શહેરમાંથી રખડતા ભટકતા ગૌવંશને પકડી મહાનગરપાલિકા,જુનાગઢ સંચાલિત ગૌશાળામાં રાખવામાં આવે છે. આ ગૌશાળામાં હાલ ૫૦૪ ગૌવંશ રાખવામાં આવેલ છે. મહાનગર પાલિકા સંચાલિત ગૌશાળામાં મહાનગરપાલિકા સંચાલિત ગૌશાળામાં તા:૦૭/૦૬/૨૦૨૬ન રોજ દાતાશ્રી તરફથી ૯ ગોળના ડબ્બાનું દાન આપી અધિક માસમા દાન-પૂણ્ય કરી ધન્યતા અનુભવી હતી.

# વાપી મનપાના પ્રથમ શાસકોની ચોમાસામાં અગ્નિપરીક્ષા

વાપી મહાનગરપાલિકાના પ્રથમ શાસકોએ વિધિવત ચાર્જ સંભાળી લીધો છે. આ શાસકો માટે પ્રથમ ચોમાસામાં વરસાદી પાણી ભરાવવા અંગે અગ્નિપરીક્ષા થશે. કારણ કે ચાર્જ સંભાળતાં શાસકોએ પ્રથમ પ્રિમોન્સુન કામગીરીની સમીક્ષા કરી હતી પરંતુ છેલ્લા પાંચ વર્ષથી કેટલાક સ્થળે પ્રિમોન્સુન કામ કરવા છતાં વરસાદી પાણી ભરાય છે. આ સ્થળો પર ચોમાસામાં ફરી વરસાદી પાણી ભરાશે કે નહિ તેના પર સૌની મીટ છે. શહેરના વિકાસ માટે આવા કામો જરૂરી અને આવકારદાયક છે, પરંતુ ઘણી વખત ખોદકામ બાદ સ્થળોની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવતી નથી. જેના કારણે ચોમાસામાં શહેરીજનોએ ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. શહેરીજનોની સુરક્ષા અને સુવિધાને પ્રાથમિકતા આપવામાં આવે તેમજ ખોદકામ બાદ સ્થળની તાત્કાલિક સફાઈ અને વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવે.

# વિશ્વ પર્યાવરણ દિવસ : બનાસકાંઠાથી ભારત સુધી હરિયાળી ક્રાંતિનો શંખનાદ

માહીતી બ્યુરો, પાલનપુર

૫મી જૂન એટલે વિશ્વ પર્યાવરણ દિવસ. આ ખાસ અવસરે બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લામાં સામાજિક વનીકરણ વિભાગ, પાલનપુર દ્વારા ૧૪ જૂન સુધી ચાલનારા પર્યાવરણ ઉત્સવની શરૂઆત થઈ ચૂકી છે.

આ વર્ષે 'એક પેડ મા કે નામ ૩.૦' અભિયાન અંતર્ગત જિલ્લાના ૧૮ પ્રતિકાત્મક સ્થળોએ ધારાસભ્યો અને સાંસદશ્રીઓની હાજરીમાં લોકભાગીદારીથી વૃક્ષારોપણની શરૂઆત કરાઈ છે. સમગ્ર અભિયાન દરમિયાન બંને જિલ્લાઓમાં અંદાજે ૫૭,૦૦૦ જેટલા રોપાઓનું વાવેતર અને ૯,૨૦૦થી વધુ રોપાઓનું વિતરણ કરીને જન-જનને આ હરિયાળા યજ્ઞમાં જોડવામાં આવી રહ્યા છે. સરહદી વિસ્તાર ગણાતા આ પંથકને રણ તરફ આગળ વધતો અટકાવવા અને હરિયાળો બનાવવા માટે આ વન મહોત્સવ એક મોટું હથિયાર સાબિત થશે.

પર્યાવરણ સંરક્ષણમાં ગુજરાત હંમેશા અગ્રેસર રહ્યું છે. આ વર્ષે ૭૭મા વન મહોત્સવ (૨૦૨૬-૨૭) ના ભાગરૂપે બનાસકાંઠા અને વાવ-થરાદની ૨૦ નર્સરીઓમાં જ રેકોર્ડબ્રેક ૩૯.૬૦ લાખ રોપાઓનો ઉછેર કરવામાં આવ્યો છે, જે ચોમાસા દરમિયાન સમગ્ર રાજ્યમાં વિતરીત કરાશે. ગુજરાત સરકારની દીર્ઘદ્રષ્ટિ સમાન 'વનકવચ મોડલ' હેઠળ વન વિસ્તારની બહાર પણ હરિયાળી વધારવા માટે ૨૨ હેક્ટરમાં ૨.૨૦ લાખ વૃક્ષો વાવવાની કામગીરી અત્યારે પૂરજોશમાં ચાલી રહી છે. આ ઉપરાંત પંચરત્ન ગ્રામ વાટિકા અને અમૃત સરોવર યોજના હેઠળ ગામડાના તળાવોના કિનારે ટ્રી-ગાર્ડ સાથે વૃક્ષો વાવીને ગુજરાત ગ્લોબલ વોર્મિંગ સામે લડવા માટે સ્થાનિક સ્તરે મજબૂત ઈકો-સિસ્ટમ તૈયાર કરી રહ્યું છે.

ભારત આજે વૈશ્વિક સ્તરે પર્યાવરણ બચાવવાની લડાઈનું નેતૃત્વ કરી રહ્યું છે. દેશભરમાં ચાલી રહેલા વનીકરણના પ્રયાસોના ભાગરૂપે બનાસકાંઠામાં પણ 'એગ્રો ફોરેસ્ટ્રી મોડલ' (ખેતી સાથે વનીકરણ) અપનાવવામાં આવ્યું છે, જેમાં ૧,૭૦૧ હેક્ટર વિસ્તારમાં ૨.૫૬ લાખ રોપાઓ વાવવામાં આવશે અને ખેડૂતોને આર્થિક સહાય પણ અપાશે. ભારત સરકારના 'મિશન લાઈફ' (Lifestyle for Environment) અભિગમને આગળ ધપાવતા આ પ્રોજેક્ટ્સ દેશને કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં મોટી મદદ કરશે. જ્યારે પાયાના સ્તરેથી ખેડૂતો અને સામાન્ય નાગરિકો વૃક્ષારોપણને પોતાની જવાબદારી સમજશે, ત્યારે જ ભારત પોતાના પર્યાવરણીય લક્ષ્યાંકોને સમયસર હાંસલ કરી શકશે.

## આયુષ્માન આરોગ્ય મંદિરની મંજૂરી

# 5 ગામોમાં નવા આયુષ્માન આરોગ્ય મંદિર બનશે

(એજન્સી) પાલનપુર I તા. 07

પાલનપુર તાલુકાના પાંચ જર્જરિત પેટા આરોગ્ય કેન્દ્રોના સ્થાને હવે નવા આયુષ્માન આરોગ્ય મંદિર બનાવાશે. આશરે રૂ.1.75 કરોડના ખર્ચે થનારા આ પ્રોજેક્ટથી ગ્રામ્ય વિસ્તારોમાં આધુનિક અને સુવિધાસભર આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ બનશે.

પાલનપુર તાલુકાના ગઢ-1, આંબલીયાળ, ખોડલા, મોટા અને દલવાડા ગામના જર્જરિત પેટા આરોગ્ય કેન્દ્રોના સ્થાને નવા આયુષ્માન આરોગ્ય મંદિર બનાવવાની મંજૂરી આપી છે.

કુલ રૂ.1.75 કરોડના ખર્ચે પાંચેય કેન્દ્રોનું નવીનીકરણ થશે, જેમાં દરેક કેન્દ્ર પાછળ અંદાજે રૂ.35 લાખ ખર્ચ કરાશે.

પાલનપુર ધારાસભ્ય અનિકેત ઠાકરે જણાવ્યું હતું કે, ગઢ-1, આંબલીયાળ, ખોડલા અને મોટા પેટા આરોગ્ય કેન્દ્રોનું બાંધકામ 15મા નાણાંપંચ (2025-26) હેઠળ હાથ ધરાશે, જ્યારે દલવાડા પેટા આરોગ્ય કેન્દ્રનું નિર્માણ વર્ષ 2017-18ના બજેટ અંતર્ગત થશે.

હાલમાં તમામ પાંચ પ્રોજેક્ટ અંદાજ લેવલની પ્રક્રિયા હેઠળ છે.જૂના મકાનો તોડવાની મંજૂરી મળ્યા બાદ કામગીરીને વેગ અપાશે અને અંદાજે આઠ મહિનામાં નવા મકાનો તૈયાર કરવાનો લક્ષ્યાંક રાખ્વ્યોયો છે. નવા આયુષ્માન આરોગ્ય મંદિર કાર્યરત થતાં ગ્રામ્ય વિસ્તારોમાં આધુનિક, સુવિધાસભર અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ બનશે.

# ૧૨ વર્ષના જનકલ્યાણથી હરિયાળી ક્રાંતિ: વાવ-થરાદ જિલ્લાની વિકાસગાથા

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે રાજ્યભરમાં જનકલ્યાણને કેન્દ્રસ્થાને રાખી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત વાવ - થરાદ જિલ્લામાં આગામી ૨૧ જૂન, ૨૦૨૬ સુધી લોકભાગીદારી અને જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે વિવિધ જનકલ્યાણકારી કાર્યક્રમોની હારમાળા યોજાશે. આ કાર્યક્રમો દ્વારા વિકાસ અને સુશાસનની ગાથા લોકો સુધી પહોંચાડવાની સાથે વિવિધ કલ્યાણકારી યોજનાઓનો સ્થળ પર લાભ અંગે જનજાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવશે. વાવ-થરાદ જિલ્લો ભૌગોલિક રીતે વિશિષ્ટ અને સરહદી વિસ્તાર ધરાવતો પ્રદેશ છે, જે વર્ષો સુધી ઓછા વરસાદ, રણની નિકટતા અને સતત ઘટતા ભૂગર્ભ જળસ્તરને કારણે પાણીની ગંભીર સમસ્યાથી પીડાતો હતો. અહીંના લોકો મુખ્યત્વે ખેતી અને પશુપાલન પર નિર્ભર હોવાથી પાણીની અછત પ્રગતિના માર્ગમાં મોટો અવરોધ હતી અને ખેડૂતોને ૧૦૦૦ ફૂટ સુધી ઊંડા બોરવેલ ખોદવા પડતા હતા. આ ગંભીર પરિસ્થિતિને કાયમી ધોરણે હલ કરવા માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ નર્મદાના નીરને આ સુકા વિસ્તાર સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું. રાજ્ય સરકારના માર્ગદર્શન અને વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીની અથાક મહેનતથી થરાદ નહેર વર્તુળ હેઠળ વેજપુર, માડકા, માલસણ, ઢીમા અને ગડસીસર જેવી પાંચ મુખ્ય શાખા નહેરોનું નેટવર્ક ઊભું કરાયું. વર્ષ ૨૦૧૮-૧૯ સુધીમાં પ્રશાખા (માઈનોર) લેવલ સુધીની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરીને સમગ્ર વિસ્તારમાં ૧૩૦૮ કિલોમીટર લાંબું નર્મદા કેનાલનું નેટવર્ક સ્થાપિત કરવામાં આવ્યું છે.

# દેશદેવી માં આશાપુરાના ચરણોમાં શીશ નમાવવા નીકળેલા અંજાર જ્વેલર્સ ગ્રુપનું નખત્રાણામાં ભવ્ય સ્વાગત

મહેશ એલ. સોની, નખત્રાણા

કચ્છની આરાધ્ય કુલદેવી અને કરોડો ભક્તોની અખૂટ આસ્થાનું કેન્દ્ર એવા પવિત્ર ધામ માતાના મઢ ખાતે દેશદેવી માં આશાપુરાના દર્શનાર્થે નીકળેલા અંજાર જ્વેલર્સ ગ્રુપનું નખત્રાણા ખાતે હૃદયંગમ અને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ ધાર્મિક યાત્રા દરમિયાન નખત્રાણા ખાતે સુવર્ણકાર સમાજના આગેવાનો અને વેપારી ભાઈઓના સ્નેહમિલનનો યાદગાર પ્રસંગ સર્જાયો હતો. કચ્છ જિલ્લા સોના-ચાંદી એસોસિએશનના પ્રમુખ શ્રી હીરાલાલભાઈ સોનીના વરદહસ્તે તથા નખત્રાણા જ્વેલર્સ પરિવારની ઉપસ્થિતિમાં અંજારથી પધારેલા વેપારી ભાઈઓનું પુષ્પગુચ્છ, શાલ અને હારતોરા પહેરાવી આત્મીય સન્માન કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે પ્રમુખ શ્રી હીરાલાલભાઈ સોનીએ જણાવ્યું હતું કે, "દેશદેવી માં આશાપુરાના આશીર્વાદથી સમાજમાં સુખ, સમૃદ્ધિ અને એકતા સતત વધતી રહે. અંજાર જ્વેલર્સ ગ્રુપની આ પવિત્ર યાત્રા સફળ, સુખદ અને કલ્યાણકારી બને તેવી માતાજીના ચરણોમાં પ્રાર્થના છે. આવા ધાર્મિક અને સામાજિક મિલનો દ્વારા સમાજમાં પરસ્પર સ્નેહ, સહકાર અને ભાઈચારાની ભાવના વધુ મજબૂત બનતી હોય છે."

નખત્રાણાના જ્વેલર્સ વેપારીઓએ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી અંજારથી પધારેલા મહેમાનોનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. સમગ્ર વાતાવરણ માતાજીના જયઘોષ અને ભક્તિમય માહોલથી ગુંજી ઉઠ્યું હતું. અંજાર જ્વેલર્સ ગ્રુપના સભ્યોએ નખત્રાણા જ્વેલર્સ પરિવાર તથા કચ્છ જિલ્લા સોના-ચાંદી એસોસિએશનનો આ ઉષ્માભર્યા આવકાર બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગ માત્ર સ્વાગત પૂરતો મર્યાદિત ન રહ્યો, પરંતુ કચ્છના સુવર્ણકાર સમાજ વચ્ચે એકતા, સ્નેહ અને ભાઈચારાના સંબંધોને વધુ મજબૂત બનાવતો સેતુ સાબિત થયો હતો. ધંધાકીય સંબંધોની સાથે સામાજિક અને ધાર્મિક મૂલ્યોને પણ પ્રાધાન્ય આપતી આવી પ્રવૃત્તિઓ સમાજ માટે પ્રેરણાદાયી બની રહે છે.

અંતે અંજાર જ્વેલર્સ ગ્રુપના સભ્યોએ માતાના મઢ ખાતે દેશદેવી માં આશાપુરાના દિવ્ય દર્શન કરી સમાજ, વેપારજગત તથા સમગ્ર કચ્છના સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

# 2010થી અવિરત ચાલતી જલારામ બાપાની મહાઆરતીમાં ભક્તો ઉમટ્યા

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

સંત શિરોમણી પ.પૂ. શ્રી જલારામ બાપાના આશીર્વાદથી મહિનાના પ્રથમ ગુરુવાર નિમિત્તે ભુજના રવાણી ફળિયા સ્થિત જલારામ મંદિરે બાપા દયાળુ ગ્રુપ દ્વારા સંગીતમય મહાઆરતીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તજનો પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા અને મહાઆરતીનો લાભ લીધો હતો.

મહાઆરતીના દાતા તરીકે શ્રીમાન રમેશચંદ્ર સુંદરજી તન્ના તથા શ્રીમાન હરેશભાઈ રમેશચંદ્ર તન્ના પરિવારનું વિશેષ યોગદાન રહ્યું હતું. વર્ષ 2010થી શરૂ થયેલી આ ધાર્મિક પરંપરા અંતર્ગત દર મહિનાના પ્રથમ ગુરુવારે મહાઆરતીનું આયોજન કરવામાં આવે છે, જેમાં ભુજ સહિત આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહે છે.



મંદિરના પૂજારી યશભાઈ ગોસ્વામીએ વૈદિક વિધિ મુજબ પૂજન અને મહાઆરતી સંપન્ન કરાવી હતી. આરતી દરમિયાન સમગ્ર મંદિર પરિસર 'જય જલારામ'ના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું અને ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું.

મહાઆરતી બાદ ઉપસ્થિત તમામ ભક્તજનોને જલારામ બાપાની પ્રસાદીરૂપે ખીચડી અને ખમણનું વિતરણ કરવામાં આવ્યું હતું. ભક્તોએ પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી. સમગ્ર કાર્યક્રમ ધાર્મિક શ્રદ્ધા, ભક્તિ અને સેવાભાવના માહોલ વચ્ચે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## વહીવટી અને કાનૂની ભૂલો ગામલોકો માટે સંકટ

# સલ્લામાં ગૌચર પર બનેલા મકાનો હટાવવાના હાઈકોર્ટના આદેશથી 216 પરિવારો દહેશતમાં

(એજન્સી) પાલનપુર I તા. 07

પાલનપુર તાલુકાના સલ્લા ગામમાં ગૌચર જમીન પર થયેલા દબાણો દૂર કરવા હાઈકોર્ટે તંત્રને કડક સૂચના આપતાં 216 જેટલા પરિવારોના માથા પરથી છત છીનવાઈ જવાની ભીતિ ઊભી થઈ છે. ગામના સરવે નં.741ની આશરે 14 એકર ગૌચર જમીન પર વર્ષો પહેલાં રહેણાંક પ્લોટો ફાળવાયા હતા. જેની પર અહીં 141 જેટલા પાકા મકાનો ઊભા થઈ ચૂક્યા છે જ્યારે 79 જેટલા પ્લોટ ખુલ્લા છે.

ગામલોકોએ જણાવ્યું કે બે વ્યક્તિના આંતરિક ઝઘડાથી આ વિષય ઊભો થયો હતો. જે પૈકી એક વ્યક્તિએ સામે વાળી વ્યક્તિનું ગૌચરનું દબાણ હટાવવા હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરી હતી જે બાદ અરજી કરનાર ફરિયાદીએ પોતાની અરજી પાછી ખેંચી લીધી હતી તેમ છતાં ગૌચર જમીનના સંરક્ષણને લઈને ગામના તમામ દબાણો શોધવા માટે કલેકટરને તાકીદ કરી હતી જે બાદ સર્વે ટીમો દ્વારા દબાણો શોધ્યા હતા જે બાદ હાઈકોર્ટે ગૌચર પરના તમામ દબાણો હટાવવા હુકમ કર્યો હતો.

ગ્રામ પંચાયતના એક સદસ્યે જણાવ્યું કે 'આ મામલો છેલ્લા એક વર્ષથી ચાલી રહ્યો છે અગાઉ દિવાળી પહેલા ગામમાં દબાણ હટાવ ઝુંબેશ શરૂ થઈ હતી કેટલાક રહેણાક ઘર તોડ્યા પણ હતા. તે વખતે ગામના લોકોએ ફાળો કરી વકીલ રોકી કામગીરી હાથ ધરી હતી. ગૌચર પરના મિલકત ધારકોને બીજી વાર આખરી નોટિસ આપી છે.

વહીવટી અને કાનૂની ભૂલો આજે ગામલોકો માટે સંકટ લગભગ 40 વર્ષ પહેલાં થયેલી વહીવટી અને કાનૂની ભૂલો આજે ગામ લોકો માટે સંકટ બનીને સામે આવી છે. ગામમાં વર્ષો પહેલાં ગૌચર જમીનના ભાગ પર રહેણાંક પ્લોટોની હરાજી કરી હતી. ગ્રામજનોએ સરકારી પ્રક્રિયા મુજબ રકમ ભરી પ્લોટ મેળવ્યા હતા. ત્યારબાદ તાલુકા વિકાસ અધિકારી દ્વારા પ્લોટધારકોને સનદો પણ આપી હતી. જેના કારણે લોકોને વિશ્વાસ હતો કે તેઓ કાયદેસર માલિક છે. પરંતુ મૂળભૂત ભૂલ અહીં થઈ હતી કે જમીનનો ઉપયોગ બદલાયા છતાં સરકારી રેકોર્ડમાં તેનો હેડ બદલાયો નહોતો. કાગળ પર જમીન ગૌચર તરીકે જ નોંધાયેલી રહી. વર્ષો સુધી આ બાબત ધ્યાન બહાર રહી, પરંતુ કલેકટર દ્વારા નિમાયેલી તપાસ સમિતિ બાદ હવે વિસંગતતા સામે આવી છે.

# સ્વજનની યાદમાં મિત્રવર્તુળે બનાવ્યો વિશ્રામ ઓટલો

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

માનવસેવા અને મિત્રતાનું અનોખું ઉદાહરણ પૂરું પાડતાં નખત્રાણાના સ્વ. સુરેશદાનભાઈ ગઢવીની સ્મૃતિમાં તેમના મિત્રવર્તુળ દ્વારા ભીમપુરા ગામ નજીક વિશ્રામ માટે ઓટલો બનાવવામાં આવ્યો છે. આ ઓટલો નખત્રાણા-કોટડા માર્ગ પર ભીમપુરા ગામના રામ મંદિર સામે વડલાની છાયામાં બનાવવામાં આવ્યો છે, જેનો લાભ માતાનામઢ જતા પદયાત્રીઓ તેમજ રાહદારીઓને મળશે. તાજેતરમાં નખત્રાણાના શંભુદાનભાઈ જસરાજભાઈ ગઢવીના પુત્ર સુરેશદાનભાઈ ગઢવીનું દુઃખદ અવસાન થયું હતું. તેમના પરોપકારી, મિલનસાર અને લોકપ્રિય સ્વભાવને યાદગાર બનાવવા માટે મિત્રવર્તુળે



વડલાની ફરતે બેસવા માટે સુંદર વિશ્રામ ઓટલો બનાવી અનોખી શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. આગામી સમયમાં અહીં ઠંડા પાણીના પરબની પણ વ્યવસ્થા કરવામાં આવશે, જેથી યાત્રાળુઓ અને મુસાફરોને વધુ સુવિધા મળી રહે. ઓટલાના અનાવરણ પ્રસંગે શંભુદાનભાઈ ગઢવી તથા પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રાણા ભોપા રબારી, નરસિંહ ગરવા, વસંતભાઈ ગઢવી, રાજેશભાઈ મહારાજ, અમિત મહારાજ, દીપક ગોસ્વામી, ધર્મેન્દ્રસિંહ જાડેજા, કે.કે. વાડિયા, પ્રેમજી કાનજી પટેલ, રમેશ જયપાલ, રામજી જયપાલ, શંકર જખું જયપાલ, શંકર રવા રબારી, વિશાલ રબારી, લાખા કાના રબારી, રામ રબારી સહિતના મિત્રો અને શુભેચ્છકો હાજર રહ્યા હતા.

# વાપી કમિશનર યોગેશ ચૌધરી જૂનાગઢના કલેક્ટર બન્યા

(એજન્સી) વાપી I તા. 07

વાપી મહાનગરપાલિકાના પ્રથમ મ્યુનિસિપલ કમિશનર યોગેશ ચૌધરી (IAS)ની જૂનાગઢ જિલ્લાના કલેક્ટર તરીકે બદલી કરવામાં આવી છે. તેમની સાથે નાયબ મ્યુનિસિપલ કમિશનર આસ્થા સોલંકીની પણ પ્રાયોજના વહીવટદાર તરીકે બદલી થઈ છે. આ અધિકારીઓના વિદાય સમારંભ સાથે નવા કમિશનર અને નાયબ કમિશનરે કાર્યભાર સંભાળ્યો હતો.

આ સમારંભમાં નવનિયુક્ત મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરી (IAS) અને નાયબ કમિશનર કિરણ રાણાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. વિદાય લઈ રહેલા અધિકારીઓ યોગેશ ચૌધરી અને આસ્થા સોલંકીને શાલ ઓઢાડી તથા સ્મૃતિચિહ્ન આપી સન્માનિત કરાયા હતા. કાર્યક્રમની શરૂઆતમાં રિતેશભાઈ વાળંદે જણાવ્યું કે બંને અધિકારીઓની નિષ્ઠા અને કાર્યદક્ષતાને કારણે તેમને ઉચ્ચ પદો પર નિમણૂક મળી છે, જે વાપી માટે ગૌરવની વાત છે.

# મુરુ ગામે જોખમી વીજ પોલથી અકસ્માતનો ભય, PGVCL સામે ગ્રામજનોમાં રોષ

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના મુરુ ગામમાં આવેલ એક વીજ પોલ અત્યંત જર્જરિત અને જોખમી હાલતમાં જોવા મળી રહ્યો છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ પોલ એટલો નબળો બની ગયો છે કે ગમે ત્યારે ધરાશાયી થઈ શકે છે, જેના કારણે જાનમાલને નુકસાન થવાની તેમજ મોટી દુર્ઘટના સર્જાવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ અંગે ગ્રામજનોએ તા. 5 જૂનના રોજ PGVCL કચેરીમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી. જોકે



ફરિયાદ બાદ પણ આજદિન સુધી સંબંધિત અધિકારીઓ દ્વારા સ્થળની મુલાકાત લેવામાં આવી નથી કે કોઈ જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. જેના કારણે સ્થાનિક લોકોમાં ભારે અસંતોષ અને રોષ જોવા મળી રહ્યો છે.

મુરૂ ગામના જાગૃત નાગરિક અને સામાજિક કાર્યકર સુમારભાઈ ઝોલાએ માહિતી આપતા જણાવ્યું હતું કે ગામમાં આવેલ આ વીજ પોલ લાંબા સમયથી જોખમી હાલતમાં છે. વારંવાર રજૂઆતો છતાં સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવ્યું નથી. હાલમાં પવન અને વરસાદની મોસમ શરૂ થવાના કારણે પોલ ગમે ત્યારે ધરાશાયી થઈ શકે છે, જેના કારણે મોટી દુર્ઘટના સર્જાવાની શક્યતા રહેલી છે.

# ૧૦૮ વર્ષના કુંવરમાની રિલ્સ સોશિયલ મીડિયામાં છવાઈ, લાખો લોકોના દિલ જીતી લીધા

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)



કચ્છ જિલ્લાના આમારા (આંબારા) ગામમાં રહેતા ૧૦૮ વર્ષીય કુંવરમાની રિલ્સ સોશિયલ મીડિયામાં ભારે લોકપ્રિય બની રહી છે. જાણીતા હાસ્ય કલાકાર પ્રભુભાઈ આહીર દ્વારા બનાવવામાં આવેલી કુંવરમાની પ્રથમ રિલને સાત લાખથી વધુ લોકોએ પસંદ કરી છે, જ્યારે હજારો લોકોએ પ્રેમભર્યા પ્રતિસાદ આપી તેમની સાદગી અને જીવનપ્રેમને બિરદાવ્યા છે.

કુંવરમા મૂળ ઐયર વિસ્તાર સાથે પણ વર્ષોથી લાગણીસભર સંબંધ ધરાવે છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ તેઓ વર્ષો પહેલાં ઐયર ગામમાં રહેતા હતા અને 1992થી 1997 દરમિયાન ગામમાં અનેક પરિવારો સાથે આત્મીય સંબંધો ધરાવતા હતા. તેમની સરળતા અને મિલનસાર સ્વભાવને કારણે આજે પણ ઘણા લોકો તેમને પ્રેમ અને આદરથી યાદ કરે છે.

ગત અઠવાડિયે હાસ્ય કલાકાર પ્રભુભાઈ આહીર આ વિસ્તારની મુલાકાતે આવ્યા હતા. આ દરમિયાન તેઓ ખાસ આમારા ગામે જઈ ૧૦૮ વર્ષીય કુંવરમાની મુલાકાતે પહોંચ્યા હતા.

આ મુલાકાત દરમિયાન તૈયાર કરાયેલ વિડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર ટ્રેન્ડિંગમાં રહ્યો છે અને લાખો લોકો સુધી પહોંચ્યો છે.

કુંવરમાના નિર્દોષ સ્મિત, પ્રેમાળ સ્વભાવ અને જીવન અંગેની હકારાત્મક વાતોએ લોકોના દિલ જીતી લીધા છે. તેમની રિલ્સ માત્ર મનોરંજન પૂરતી મર્યાદિત નથી, પરંતુ જીવનને આનંદપૂર્વક જીવવાનો સંદેશ પણ આપી રહી છે.

# હિંમતનગરના ભોલેશ્વર ખાતે કોમ્યુનિટી હોલનું ભૂમિપૂજન



(એજન્સી) હિંમતનગર । તા. 07

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરના ભોલેશ્વર ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકર કોમ્યુનિટી હોલનું ભૂમિપૂજન કરવામાં આવ્યું. હિંમતનગરના ધારાસભ્ય વી.ડી. ઝાલાના હસ્તે આ કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ કોમ્યુનિટી હોલનું નિર્માણ સામાજિક અને શૈક્ષણિક હેતુઓ માટે કરવામાં આવશે. ભોલેશ્વર મહાદેવ મંદિર નજીક, હિંમતનગર નગરપાલિકાના નવા સમાવિષ્ટ વિસ્તાર ભોલેશ્વર ખાતે આ ભૂમિપૂજન રવિવારે યોજાયું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય વી.ડી. ઝાલા ઉપરાંત નગરપાલિકાના ઉપ-પ્રમુખ ગોપાલસિંહ રાઠોડ, વોર્ડ નંબર 5ના પાલિકાના સદસ્યો, ભોલેશ્વર ગામના અગ્રણીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભૂમિપૂજન વિધિ પૂજન-અર્ચન અને મંત્રોચ્ચાર સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ મંચસ્થ મહેમાનોનું સ્વાગત કરાયું હતું.

## બનાસકાંઠા LCBએ જુગાર રમતા પાંચ શખશ ઝડપ્યા

# ડીસાના ઝેરડા ગામમાં ગંજીપાથી પૈસાની હારજીતનો જુગાર રમતા હતા, ₹21,830નો મુદ્દામાલ જપ્ત કરાયો

(એજન્સી) બનાસકાંઠા । તા. 07

બનાસકાંઠા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ ડીસા તાલુકાના ઝેરડા ગામમાંથી જાહેરમાં જુગાર રમતા પાંચ વ્યક્તિઓને ઝડપી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી રોકડા 16,330 અને અન્ય મુદ્દામાલ મળી કુલ 21,830 જપ્ત કર્યો છે.

LCB દ્વારા દારૂ અને જુગારબંધી માટે ઝીરો ટોલરન્સ નીતિ અપનાવવામાં આવી છે. આ અંતર્ગત ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી કરવા માટે વિશેષ ટીમોનું ગઠન કરવામાં આવ્યું હતું.



LCB ટીમના પોલીસ કોન્સ્ટેબલ કાનસિંહ, જયપાલસિંહ અને મુકેશભાઈને મળેલી બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. ટીમે ઝેરડા ગામના કેદારનગર વિસ્તારમાં આવેલી સરકારી શાળા પાછળની બાવળોની ઝાડીમાં ખુલ્લી જગ્યા પર દરોડો પાડ્યો હતો.

દરોડા દરમિયાન, ગંજીપાના વડે રૂપિયા-પૈસાની હારજીતનો જાહેરમાં જુગાર રમી રહેલા પાંચ વ્યક્તિઓને પકડી પાડવામાં આવ્યા હતા.

પકડાયેલા આરોપીઓમાં અજયભાઈ રેવાભાઈ, બળવંતભાઈ વેલાજી, કાનજી રેવાજી, રમેશભાઈ રેવાભાઈ અને મુકેશભાઈ બીજોલભાઈનો સમાવેશ થાય છે. આ તમામ કેદારનગર, ઝેરડા, ડીસાના રહેવાસી છે.

પોલીસે રેઈડ દરમિયાન રોકડા 16,330 સહિત કુલ 21,830નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તમામ પકડાયેલા આરોપીઓ વિરુદ્ધ ડીસા રૂરલ પોલીસ સ્ટેશનમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# પાટણમાં ગુનાખોરી-ટ્રાફિક નિયમન માટે પોલીસની મેગા ડ્રાઈવ યોજાઈ

(એજન્સી) પાટણ । તા. 07

પાટણ શહેરમાં ગુનાહિત પ્રવૃત્તિઓ પર અંકુશ મેળવવા અને ટ્રાફિક નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા માટે પોલીસે રાત્રિ દરમિયાન એક મેગા ડ્રાઈવનું આયોજન કર્યું હતું. શહેરભરમાં એકસાથે વિવિધ પોઈન્ટ્સ પર પોલીસ ટીમો તૈનાત કરવામાં આવી હતી. આ ઝુંબેશને કારણે નિયમભંગ કરનારા વાહનચાલકો અને શંકાસ્પદ વ્યક્તિઓમાં દોડધામ મચી ગઈ હતી.

પાટણ શહેર પોલીસે ગુનાખોરી નિયંત્રણ અને ટ્રાફિક વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે આ સરપ્રાઈઝ વાહન ચેકિંગ હાથ ધર્યું હતું. નિયમિત ચેકિંગથી વિપરીત, આ ઓપરેશન માટે શહેરના મુખ્ય માર્ગો અને સંવેદનશીલ વિસ્તારોમાં એકસાથે ટીમો ગોઠવીને નાકાબંધી કરવામાં આવી હતી. આ મેગા ડ્રાઈવનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાનો તેમજ ગુનાહિત તત્વો પર અંકુશ લગાવવાનો હતો.

આ ઝુંબેશ હેઠળ નંબર પ્લેટ વગરના વાહનો, ફેન્સી નંબર પ્લેટ લગાવેલા વાહનો અને કાચ પર બ્લેક ફિલ્મ ધરાવતી ગાડીઓ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

## ખેડાના દેદરડા ગામે ખેડૂત જાગૃતિ કાર્યક્રમ યોજાયો

# ખેત બચાવો અભિયાન હેઠળ પ્રાકૃતિક ખેતી પર તાલીમ અપાઈ

(એજન્સી) ખેડા । તા. 07

ખેડા તાલુકાના દેડરડા ગામમાં 'ખેત બચાવો અભિયાન' અંતર્ગત ખેડૂત જાગૃતિ અને તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂતો ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

તાલુકા પ્રોજેક્ટ મેનેજરજાદવ મયુર મનુભાઈ, ગ્રામસેવકજયદીપસિંહ રાઠોડ અનેવિક્રમભાઈએ આ પ્રસંગે હાજર રહી ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.



તાલીમ દરમિયાન ખેડૂતોને જમીનની ફળદ્રુપતા જાળવવા માટે રાસાયણિક ખાતરોના સમતોલ અને સંકલિત ઉપયોગનું મહત્વ સમજાવવામાં આવ્યું. જમીનના સ્વાસ્થ્યમાં સુધારો કરવા, ઉત્પાદન ખર્ચ ઘટાડવા અને પર્યાવરણનું સંરક્ષણ કરવા માટે પ્રાકૃતિક તથા ટકાઉ ખેતી પદ્ધતિઓ અપનાવવા અંગે વિસ્તૃત માહિતી અપાઈ હતી.

આ ઉપરાંત, ખેડૂતોને જમીન પરીક્ષણ, પાક મુજબ ખાતર વ્યવસ્થાપન, સજીવ ખાતરોના ઉપયોગ, 'ખેત બચાવો અભિયાન'ના ઉદ્દેશો અને ખેતીવાડી વિભાગ દ્વારા અમલમાં મુકવામાં આવતી વિવિધ ખેડૂતલક્ષી યોજનાઓ વિશે માહિતગાર કરાયા હતા.

સરકારની યોજનાઓનો મહત્તમ લાભ લઈ કૃષિ વિકાસમાં સહભાગી બનવા ખેડૂતોને અનુરોધ કરવામાં આવ્યો. કાર્યક્રમના અંતે પ્રશ્નોત્તરી સત્ર યોજાયું હતું, જેમાં ખેતી સંબંધિત વિવિધ પ્રશ્નોના માર્ગદર્શક જવાબો આપવામાં આવ્યા હતા.

# પાટણ જિલ્લામાં શાળાઓનું વેકેશન પૂર્ણ, 8જૂન થી નવું સત્ર

(એજન્સી) પાટણ । તા. 07

પાટણ જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં નવા શૈક્ષણિક સત્ર 2026ના પ્રારંભની તૈયારીઓ ચાલી રહી છે. 35 દિવસના ઉનાળુ વેકેશન બાદ 7 જૂનના રોજ વેકેશન પૂર્ણ થશે અને 8 જૂન, સોમવારથી શાળાઓમાં નવું શૈક્ષણિક સત્ર શરૂ થશે. આ સાથે જ પાટણ શહેરના બજારોમાં ચોપડા, નોટબુક અને સ્કૂલ યુનિફોર્મની ખરીદીનો ધમધમાટ ધીમા પગલે શરૂ થયો છે.

પાટણ જિલ્લાની શાળાઓમાં બે લાખથી વધુ વિદ્યાર્થીઓનો કોલાહલ ફરી ગુંજી ઉઠશે. વિદ્યાર્થીઓ પણ શાળાએ જવા માટે ઉત્સાહભેર તૈયારીઓ કરી રહ્યા છે. જોકે, આ નવું શૈક્ષણિક વર્ષ પાટણ શહેર સહિત જિલ્લાના વાલીઓ માટે આર્થિક બોજ વધારનારું સાબિત થશે.

ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે સ્ટેશનરી સહિત સ્કૂલ યુનિફોર્મના ભાવમાં વધારો નોંધાયો છે.

ખાનગી શાળાઓની ફીના કારણે વાલીઓ પહેલેથી જ આર્થિક બોજા તળે છે, ત્યારે આ ભાવવધારો તેમના ખિસ્સા પર વધુ દબાણ લાવશે.

# રેલવેની આઈઆરસીટીસી કંપનીએ વિદેશમાં ગુમ થયેલો મોબાઈલ પરત અપાવ્યો

વેળાવદર (તખુભાઈ સાંડસુર દ્વારા)

ભારતીય રેલવે એક અલગ કંપની ધરાવે છે જેનું નામ છે irctc .આ કંપની રેલવ કેટરિંગ અને રેલવેના પ્રવાસોનું સુંદર આયોજન કરે છે. આ રેલવે પ્રવાસોમાં તેની સાથે જોડાતા કોઈપણ પ્રવાસીને નાની મોટી કોઈ તકલીફ ન પડે તેની સંપૂર્ણ કાળજી લેતી હોય છે. વાત એમ છે કે થોડાં સમય પહેલાં આઈઆરસીટીસી કંપની દ્વારા રેલવે ભારત દર્શન અને શ્રીલંકા પ્રવાસનું આયોજન થયેલું .તે આયોજનનો વિષય હતો રામયાત્રા. જે પૂજ્ય મોરારીબાપુના પાવન સંકલ્પ અને તેના આશીર્વાદથી યોજાઈ હતી. આ યાત્રા દરમિયાન અનેક યાત્રીઓ ચિત્રકૂટથી શરૂ કરીને વાયા લંકા થઈને અયોધ્યા સુધી ભગવાન રામ જ્યાં ગયા એ પદ ચિન્હો સુધી જવાનો મનોરથ કર્યો હતો. પૂજ્ય મોરારિબાપુએ દરેક સ્થાનોને રામજીની ગાથા ગાય સંભળાવી હતી. આ રામયાત્રાના એક પ્રવાસી તરીકે રાજકોટના ડો.મનોજ જોશી પણ સામેલ હતા કે જેઓ એક સમયે ગુજરાતી વિભાગના સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિભાગીય વડા હતા.

# જૂનાગઢની સેવાભાવી સંસ્થા ગિરનારી ગ્રુપ દ્વારા નિઃશુલ્ક ચોપડાઓનું વિતરણ કરાયું.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા. ૦૭. જૂનાગઢની સેવાભાવી સંસ્થા ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી તથા સંજય બુહેચાની સંયુક્ત યાદીમાં જણાવેલ છે કે,ગિરનારી ગ્રુપ દ્વારા શિક્ષણને પ્રોત્સાહન મળે અને જરૂરિયાતમંદ બાળકોના ભવિષ્ય ને ઉજ્જવળ બનાવવા હેતુસર તારીખ ૭ મે રવિવારના રોજ સવારે ૧૦:૩૦ થી ૧૨:૩૦ કલાક દરમિયાન ઝાંઝરડા ચોકડી પાસે આવેલ જલારામ ભક્તિધામ મંદિર ખાતે નિઃશુલ્ક 5100 ચોપડાઓના વિતરણ નો સેવાયજ્ઞ યોજાયો હતો. આ સેવા યજ્ઞનુ દીપ પ્રાગટ્ય પ્રો.પી.બી. ઉનડકટ, મનસુખભાઈ વાજા, કે. કે.ગોસાઈ, ડૉ.હાર્દિક મકવાણા, પી.સી. ભટ્ટ, અરસીભાઈ રામ, જ્યેશભાઈ જાદવ, બાલુભાઈ ડાકી, રંજનબેન પાઠક, નગાજણભાઈ ગરેજા, પરેશભાઈ પંડ્યા સહિત ઉપસ્થિત મહેમાનોના વરદ હસ્તે કરવામાં આવેલ હતું. જ્યારે અતિથિ વિશેષ પદે ડૉ.ચિંતન યાદવ, ડૉ.ધિરેન કપુપરા, ડૉ. પ્રવીણ દુધાત, ડૉ.હિરેન અખેડ, વર્ષાબેન બોરીસાંગર, આશાબેન શ્રીવાસ્તવ, હરસુખભાઈ વડાલીયા, સુરેશભાઈ મોણપરા, રંજનબેન પાઠક સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરા શહેરમાં બે છાસ કેન્દ્ર નો પ્રારંભ કરવામાં આવ્યો જરૂરીયાત મંદ બસો પરીવારોને વિનામૂલ્યે છાસ વિતરણનુ વિતરણ કરવામાં આવ્યું..

અશોક મણવર અમરેલી

અમરેલીના બગસરા શહેરમાં બાળ કેળવણી મંદિર ખાતે સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટના સહયોગથી બગસરા શહેરમાં દ્વારા બે છાસ કેન્દ્ર નો શુભારંભ કરવામાં આવ્યો બાળ કેળવણી મંદિરના ટ્રસ્ટી દેવચંદભાઈ સાવલિયાના માર્ગદર્શન હેઠળ દર વર્ષે ગ્રીષ્મ ઋતુમાં કાળજાળ ગરમી ના દિવસો માં, બે મહિના સુધી જરૂરીયાત મંદ ૨૦૦ જેટલાં પરીવારો માટે વિનામૂલ્યે છાસ વિતરણ ની પ્રવૃત્તિ કરવામાં આવે છે. બાળ કેળવણી મંદીર



કેમ્પસ અને વિચરતી અને વિમુક્ત જાતિ ના સરાણિયા દેવીપુજક, લુવારીયા સમાજના લોકો જ્યા વસવાટ કરે છે તે અટલજી પાર્ક જેતપુર રોડ બગસરા ના લોકો લાભ લય રહ્યા છે, તેમ દમયંતી બેન ડાભી અને નયનાબેન મવાડા નો સહિયોગ મળ્યો હોવાનું દેવચંદભાઈ સાવલિયા બાળ કેળવણી મંદીર બગસરાએ જણાવ્યું.

# સંખેડા-બહાદરપુર ડાયવર્ઝનના ઢાળ પર છેલ્લા બે દિવસથી એક બગડેલી ટ્રક પડી રહી છે

કમલેશ પટેલ. સંખેડા

સંખેડા-બહાદરપુર ડાયવર્ઝનના ઢાળ પર છેલ્લા બે દિવસથી એક બગડેલી ટ્રક પડી રહી છે. આના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે અને અકસ્માતનો ભય પણ સતાવી રહ્યો છે.

આ ડાયવર્ઝન સંખેડાથી બહાદરપુર તરફ જતો મુખ્ય માર્ગ છે. અહીંથી દરરોજ રેતી ભરેલી ટ્રકો, ટ્રેક્ટર અને અન્ય ટ્રાન્સપોર્ટના હજારો વાહનો પસાર થાય છે.

ડાયવર્ઝન પર રસ્તો સાંકડો હોવાથી, બગડેલી ટ્રકના કારણે એક જ લેનમાંથી સામસામે વાહનો પસાર થવાની ફરજ પડી રહી છે. આ સ્થિતિ ગંભીર અકસ્માત નોતરી શકે છે તેવી ભીતિ વાહનચાલકો વ્યક્ત કરી રહ્યા છે.

વાહનચાલકોએ સંબંધિત તંત્ર સમક્ષ તાત્કાલિક આ બગડેલી ટ્રકને હટાવી રસ્તો ખુલ્લો કરવાની માંગ કરી છે. આનાથી ટ્રાફિક સમસ્યા અને અકસ્માતના ભયને ટાળી શકાય.

# કેવડિયા SOU ખાતે સાયકલ રેલી "સન્ડે ઓન સાયકલિંગ"નું આયોજન

કેવડિયા | ફિટ ઈન્ડિયા અભિયાન હેઠળ દર વર્ષે 1 જૂનથી 14 જૂન દરમિયાન દેશભરના વિવિધ રાજ્યો અને જિલ્લાઓમાં સાયકલ રેલી, યોગ કાર્યક્vમો, ઝૂંબા ડાન્સ, વોકાથોન, રમતગમત સ્પર્ધાઓ અને આરોગ્ય જાગૃતિના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.તે મુજબ અત્રે

SOU ખાતે રવિવારના રોજ એકતા નગર SRP, NCC અને નર્મદા પોલીસના સંયુક્ત ઉપક્રમે ભવ્ય સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અધિકારીઓ, કર્મચારીઓ, NCC



કેડેટ્સ તથા અન્ય સહભાગીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો .

પ્રાપ્ત માહિતી મુજબ આ સાયકલ રેલી કાર્યક્રમમાં ઉપસ્થિત અધિકારી દ્વારા સૌને સ્વાસ્થ્ય જાળવવા માટે નિયમિત કસરત, યોગ, રમતગમત અને સાયકલિંગને જીવનનો અભિન્ન ભાગ બનાવવા અપીલ કરવામાં આવી હતી.

# ચાણસ્મા તાલુકાના પિંઢાર પુરા ગામે નિવૃત પ્રા.શિ. ની નાણાં ધી.સ.મંડળીની વાર્ષિક સાધારણ સભા

નિતીન ઠાકર ચાણસ્મા

ચાણસ્મા તાલુકાના પિંઢાર પુરા ગામે નારસુંગાવીર મહારાજ ની વાડીમાં ચાણસ્મા તાલુકા ના નિવૃત પ્રા.શિ. ની નાણાં ધી.સ.મંડળીની વાર્ષિક સાધારણ સભા સવારે 9.00 કલાકે યોજાઈ સભાના અધ્યક્ષ નાગજીભાઈ દરબાર,ની અધ્યક્ષતામાં નિવૃત શિક્ષકોની મંડળી.ની સામાન્ય સભા મળી હતી મંડળીના અધ્યક્ષે મંડળીની આર્થિક પ્રગતિનો ચિતાર આપ્યો હતો સામાન્ય સભા. માં પિંઢાર પુરા ગામના પનોતા પુત્ર અને નિવૃત સચિવશ્રી આર.આઈ.પટેલ અને તાલુકા કેળવણી નિરીક્ષક



એ સ . કે . પ ટે લ , હ રિ ભા ઈ પટેલ,ચાણસ્મા તાલુકા પેંશનર મંડળના પ્રમુખ ચંદુભાઈ પટેલ,ઉપ પ્રમુખ ગુણવંતભાઈ દવે,મંડળીના મંત્રી ચુનીભાઈ યોગી,ભોજનદાતાશ્રી વિઠ્ઠલભાઈ પટેલ સહિત મંડળીના સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

## કલેક્ટર એન. વી. ઉપાધ્યાયે NCC કેમ્પની મુલાકાત લીધી

# જવાહર નવોદય વિદ્યાલય કઠલાલ ખાતે પેરાસેલિંગ કેમ્પ, કેડેટ્સને સશસ્ત્ર દળોમાં જોડાઈ દેશસેવા કરવા આહ્વાન

(એજન્સી) ખેડા । તા. 07

ખેડા જિલ્લાના નારાયણપુર લાટ ગામે 28 ગુજરાત બટાલિયન એનસીસી દ્વારા જવાહર નવોદય વિદ્યાલય કઠલાલ ખાતે પેરાસેલિંગ કેમ્પનું આયોજન કરાયું હતું. જિલ્લા કલેક્ટર એન. વી. ઉપાધ્યાયે આ કેમ્પની મુલાકાત લઈ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. ગામના ઈતિહાસમાં પ્રથમ વખત કોઈ જિલ્લા કલેક્ટરે મુલાકાત લીધી હોવાથી સ્થાનિક ગ્રામજનો અને આગેવાનોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.કેમ્પ દરમિયાન કલેક્ટરે યુવાનો અને એનસીસી કેડેટ્સને



સંબોધતા જણાવ્યું હતું કે એનસીસી શિસ્ત, નેતૃત્વ, સાહસિકતા અને રાષ્ટ્રસેવાના ઉચ્ચ મૂલ્યોનું સિંચન કરતી મહત્વની જીવનશાળા છે. તેમણે કેડેટ્સને ભારતીય સેનાના વિવિધ અંગોમાં જોડાઈને રાષ્ટ્રસેવાનું ગૌરવ પ્રાપ્ત કરવા આહ્વાન કર્યું હતું.આ તાલીમ કેમ્પ 30 મેથી 7 જૂન દરમિયાન યોજાયો હતો, જેમાં અંદાજે 700 જેટલા એનસીસી કેડેટ્સે ભાગ લીધો હતો. ખેડા, આણંદ, મહીસાગર ઉપરાંત સુરત, વડોદરા અને દમણ સહિત દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી આવેલા કેડેટ્સે પેરાસેલિંગ જેવી સાહસિક પ્રવૃત્તિઓની સઘન તાલીમ મેળવી હતી.ખેડા જિલ્લાના ઈતિહાસમાં આ પ્રકારનો પેરાસેલિંગ કેમ્પ પ્રથમ વખત યોજાયો હતો. આ કેમ્પનું તકનીકી સંચાલન અને માર્ગદર્શન ભારતીય વાયુસેનાના નિવૃત્ત પાયલટ ગ્રુપ કેપ્ટન શોકીન દ્વારા કરવામાં આવ્યું હતું.

# જો ભગવાન ભોળાનાથના પોઠિયા એ ભૂલ ન કરી હોત તો...

જો ભગવાન ભોળાનાથ ના પોઠિયા એ ભૂલ ન કરી હોત તો સમગ્ર સૃષ્ટિ એક વાર ભોજન કરતી હોત ને ત્રણ વાર સ્નાન સંધ્યા કરતી હોત. ત્રણ વાર સ્નાન ના નિયમ ને લીધે બધાને એના ભાગ નો રોટલો મળી રહેત.ભગવાન એ સમગ્ર સૃષ્ટિ માટે ઉતમ માં ઉતમ વ્યવસ્થાઓ કરી છે પણ માણસ જાત ને વ્યવસ્થા કરતા સગવડતા વધારે પ્રિય છે એટલે કુદરતી જંગલો કપાઈ રહ્યા છે ને કોંક્રિટ ના જંગલો નો વિસ્તાર થઈ રહ્યો છે.આ કારણોસર જ પર્યાવરણ માં ખલેલ પહોંચતા ત્રણેય ઋતુઓ માં ગડબડ સર્જાય છે.જંગલો કપાતા એના આશ્રય એ રહેતા પક્ષીઓ,પ્રાણીઓ અને જીવ જંતુઓ બેઘર બની રહ્યા છે એટલે તો ગીર ના જંગલ નો રાજા સિંહ વસાહતો માં ફરવા લાગ્યો છે. મને યાદ છે અમે અમરેલી જીલ્લા ના લીલીયા ગામ માં રહેતા હતા ત્યારે સિંહ નો નિયમિત અડ્ડો કાંકરેજ સુધી સીમિત રહેતો હતો,કાંકરેજ એ ગીર પંથક થી નજીક નું ગામ છે.હાલ ની સમસ્યા એ છે કે આજે સિંહ ની વસ્તી ભડી ભંડારિયા ના ટેકરા થી લઈને ને ભાવનગર,ધારી વગેરે વગેરે ગામે શિકાર ની શોધ માં ભટકી રહી છે. આનો મતલબ એ થયો કે ગીર ના જંગલો માં સિંહો ને શિકાર મળતો નથી અથવા ગીર નું જંગલ એ સિંહો માટે ખતરા રૂપ બની રહ્યું છે.દર વર્ષે પ્રશાસન ૫ જૂન એ પર્યાવરણ દિવસ ને ધામ ધૂમ થી વૃક્ષારોપણ કરીને મનાવી ને નાનું મોટું ભાષણ કર્યા બાદ ભૂલી જાય છે કે પર્યાવરણ બચાવવા શું પગલા લેવા જોઈએ? "પર્યાવરણ" પર ખતરો તોળાઈ રહ્યો છે એનું શું? પ્રાણીઓ ની શાંતિપૂર્ણ લાઈફ માં ખલેલ પહોંચાડવા ગીરના જંગલોમાં સિંહ દર્શન માટે પ્રવાસી ઓની સંખ્યા વધી રહી છે. આ જ પ્રાણીઓ માટે ખતરા ની નિશાની કહી શકાય.

સિંહ,સસલા,શિયાળ વગેરે વગેરે પ્રાણીઓ ને નજીક થી નિહાળવા માટે ઝૂ બનાવવા માં આવ્યા છે. જે રીતે મનુષ્ય ને એના ઘર માં પ્રવેશી ને ચોવીસ કલાક નજર કેદ થવું પસંદ નથી હોતું એ જ રીતે પ્રાણીઓને પણ પોતાની પ્રાઈવસી પસંદ હોય છે. સરકારે ગીર ના જંગલ ને પર્યટક સ્થળ બનાવતા પહેલા વિચારવાની જરૂર હતી કે એના લીધે પ્રદૂષણ માણસો ના આવજ થી લઈને વાહનો ના કર્કશ અવાજ નું વધશે. આ ઉપરાંત વ્યવસાયિક ધારાધોરણો અનુસાર હોટેલ,રેસ્ટોરન્ટ અને રિસોર્ટ બન્યા છે એના ફાયદાઓ સામે અસંખ્ય ગેર ફાયદાઓ પણ રહેલા છે.ખાનગી ધોરણે ગીર માં બનેલ હોટેલ,રેસ્ટોરન્ટ અને રિસોર્ટ માં નિત્ય કોર્પોરેશન ની ગાડી આવીને કુડો કચરો લઈ જતી નથી. તો વિચારો ગીર જંગલ માં બનેલ ખાનગી હોટેલ,રેસ્ટોરન્ટ અને રિસોર્ટ એના ગંદા કુડા કચરા નો નિકાલ ક્યાં કરતી હશે? આજ થી પાંચ વર્ષ પહેલા મારા ઘરે પાલતુ ડોગ હતો એનું અમે નિયમિત ચેક અપ કરાવવા પ્રાણીઓ ના ડોક્ટર પાસે જતા ત્યારે એ અમને સૂચન કરતા હતા કે પ્રાણીઓ અને માણસ નું ખોરાક થી લઈને જીવન એકસરખું નથી હોતું. તમારા ડોગ નું આયુષ્ય લાંબુ ઈચ્છતા હો તો એણે વેજ ખોરાક આપવાની જીદ છોડજો અને એ ખુશ ખુશાલ રહે એ મુજબ નું ઘરમાં શાંત વાતાવરણ રહે એનો ખાસ ખ્યાલ રાખજો.



પર્યાવરણ નું મહત્વ.

- રુપાલી દવે

પ્રાણી હિંસક કે શાંત એને અનુકૂળ શાંત વાતાવરણ જ એને પસંદ હોય છે. સવાર થી લઈને સાંજ સુધી વાહનો ની લાંબી ભીડ સિંહ દર્શન ની લાલચ માં ઊભી રહેતી હોય તો પછી સિંહ ની શાંતિ હણાય છે.ઘણા સાહસી પ્રવાસીઓ તો હદ વટાવી ને સિંહ જેવા ખુંખાર પ્રાણીઓ ને પણ પજવી ને આનંદ માણતા હોય છે. ગાડીઓ ફાસ્ટ સ્પીડ એ સિંહો ની પાછળ દોડાવવા માં નામર્દગી સાબિત થાય, હથિયાર વગર સામસામા સિંહ સાથે મુકાબલો કરવાથી જ સાચી બહાદુરી દેખાઈ. અરે!!નામર્દ બહાદુરી દેખાડનારા એક વખત ગીર ના રાજા સામે ઊભા રહીને બાથ તો ભીડી જુવો જોતા જ પરસેવો નીકળી જશે.જંગલો માં થતી આ પ્રકારની ઘટના માટે ફોરેસ્ટ ઓફિસર જવાબદાર ગણાય છે. મને યાદ છે આજ થી પંદર વીસ વર્ષ પહેલા ગીર ના જંગલ ની આસપાસ વસાહત સુદ્ધા નહતી ને જંગલ ની અંદર જવું હોય તો ખાસ મંજૂરી લેવી પડતી હતી. ફેમસ ફોટો જર્નાલિસ્ટ એન.ભાટી કહેતા હતા કે વરસો પહેલાં એ સિંહો ની વસ્તી ગણતરી માટે એના સિનિયર ફોટો ગ્રાફર સાથે ગીર ના જંગલો માં ફરતા હતા ત્યારે એની સાથે ફોરેસ્ટ વિભાગ ના કર્મચારીઓ પણ આવતા હતા.ત્યારે વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી કરવા જવું હોય તો પણ સરકાર શ્રી ની મંજૂરી લેવી પડતી હતી. એ સમય નું વહેલી સવારે ગીર ના જંગલ નું સૌંદર્ય એટલું બધું અદભૂત લાગતું હતું ને કે વાત ન પૂછ.ચારેય બાજુ પશુ પક્ષીઓના અવાજો સાથે જંગલ આળસ મરડી ને જાગી જતું હતું. ગીર ના જંગલ ની આસપાસ દૂર દૂર સુધી લીલાછમ ખેતરો અને માલધારીઓના નેસડા હતા પણ પરમેનન્ટ માનવીય વસાહત તો ગીર પંથકના ગામડાઓમાં વસ્તી હતી.

જો જંગલ કપાતા બંધ થશે તો પ્રાણીઓ,પક્ષીઓ અને જીવજંતુ ઓ સુરક્ષિત રહેશે. આ કારણોસર ફાયદો પર્યાવરણ ને જ થશે. ગ્લોબલ વોર્મિંગ ના નામે બૂમ બરાડા પાડતા લોકો એ સમજવાની જરૂર છે કે ભારત દેશ માં દિવસે દિવસે ગરમી નો પારો ચાલીસ થી વટાવી ને પચાસ ના તરફ વધી રહ્યો છે જે સમગ્ર માનવ જાતિ અને પર્યાવરણ માટે જોખમી સાબિત થશે. પશ્ચિમી દેશો માં આજે પણ ગ્લોબલ વોર્મિંગ ની અસર ખાસ દેખાતી નથી,કેમ? પશ્ચિમી દેશોમાં જંગલો ને નુકશાન પહોંચાડે એના માટે ની સજા ના નિયમો રાજા કે પ્રજા બધા માટે એક સરખી ત્યાં જંગલો અને એમાં વસતા પ્રાણીઓને નુકશાન પહોંચાડવા ની સજા માણસ ની હત્યા કરવા બરોબર ની છે. માન્યું કે ભારતની વસ્તી એ પશ્ચિમી દેશો કરતા વધારે છે એટલે જ વિકાસ ના પ્રોજેક્ટ ને વધારે વેગ આપવો પડતો હોય છે પણ વિકાસ એ પર્યાવરણ ની તંદુરસ્તી કરતા વધારે મહત્વ નો નથી. સરકારે એ એના વિકાસ ના પ્રોજેક્ટ માંથી જંગલો નો વિસ્તાર વધે એ તરફ પ્રયત્ન કરવાની જરૂર છે. ગાંધી નગર ની આસપાસ ના વિસ્તાર માં નીલ ગાય અને વાંદરાઓનો ત્રાસ વધારે છે આવું લોકોને મોઢે થી સાંભળું છું ત્યારે હસવું આવે છે.અરે!!નીલ ગાય અને વાંદરાઓના રહેઠાણનો સત્યાનાશ કરીને તમે ઘર બનાવી ને એને ત્રાસ કહો છો એક્વાર ઘર ગુમાવવાની પીડા તો ભોગવો પછી સમજાશે કે પર્યાવરણ ના આશ્રય એ રહેતા નીલ ગાય અને વાંદરાઓ જેવા અસંખ્ય પ્રાણીઓની દશા જંગલો કપાય છે ત્યારે કેવી થતી હશે?




# મલયાલમ અભિનેતા સલીમ કુમારનું કાર્ડિયાક અરેસ્ટથી નિધન

## રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો હતો; તમિલ-ઓડિયા સહિત 300થી વધુ ફિલ્મોમાં કામ કર્યું

તિરુવનંતપુરમ । રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા મલયાલમ અભિનેતા સલીમ કુમારનું 56 વર્ષની વયે કાર્ડિયાક અરેસ્ટને કારણે શનિવારે રાત્રે નિધન થયું. તેમની તબિયત બગડ્યા બાદ કોચી (કેરળ)ની અમૃતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમણે અંતિમ શ્વાસ લીધા.

રવિવારે પારાવુર ટાઉન હોલમાં તેમના પાર્થિવ દેહને અંતિમ દર્શન માટે રાખવામાં આવ્યો. બપોરે 3 વાગ્યે એર્નાકુલમના નોર્થ પારાવુર સ્થિત તેમના નિવાસસ્થાને અંતિમ સંસ્કાર કરવામાં આવશે. કેરળ સરકારે તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો. સરકારે અંતિમ સંસ્કાર અને તેનાથી સંબંધિત તમામ ખર્ચ ઉઠાવવાનો નિર્ણય કર્યો છે.

સલીમ કુમાર મલયાલમ સિનેમાના સૌથી જાણીતા કલાકારોમાંના એક ગણાતા હતા. તેમણે ત્રણ દાયકાથી વધુ લાંબી કારકિર્દીમાં 300થી વધુ ફિલ્મોમાં કામ કર્યું. તેમણે મુખ્યત્વે મલયાલમ ફિલ્મોમાં અભિનય કર્યો. સાથે જ કેટલીક તમિલ અને ઓડિયા ફિલ્મોમાં પણ જોવા મળ્યા. તેમણે પોતાની કારકિર્દીની શરૂઆત કોમિક રોલથી કરી અને તેમની કોમિક ટાઈમિંગ, એક્સપ્રેશન અને ડાયલોગ ડિલિવરી માટે જાણીતા બન્યા. પાછળથી તેમણે પોતાને કેરેક્ટર એક્ટર તરીકે સ્થાપિત કર્યા.

સલીમ કુમારને 2010માં 'આદામિન્ટે મકન અબુ'માં અબુની ભૂમિકા માટે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર અને કેરળ રાજ્ય ફિલ્મ પુરસ્કારમાં શ્રેષ્ઠ અભિનેતાનું સન્માન મળ્યું. આ ઉપરાંત, તેમને 'અચનુરંગથા વીડુ' (2005) માટે દ્વિતીય શ્રેષ્ઠ અભિનેતા, 'અયાલુમ ન્જાનુમ થમ્મિલ' (2013) માટે શ્રેષ્ઠ હાસ્ય અભિનેતા અને 'કરુથા જૂથન' (2017) માટે શ્રેષ્ઠ કહાનીનો કેરળ રાજ્ય ફિલ્મ પુરસ્કાર પણ મળ્યો. સલીમ કુમારના પરિવારમાં તેમની પત્ની સુનીતા, બે પુત્રો ચંદુ સલીમ કુમાર અને આરોમલ સલીમ કુમાર છે. ચંદુ સલીમ કુમાર પણ અભિનેતા છે. ચંદુ સુપરહિટ ફિલ્મ મંજુમ્મેલ બોયઝ (2024)માં જોવા મળ્યા હતા.

**ડબિંગ આર્ટિસ્ટ તરીકે પણ કામ કર્યું હતું:** સલીમ કુમારે ડબિંગ આર્ટિસ્ટ તરીકે પણ કામ કર્યું હતું. તેમણે ફિલ્મ 'ઓમ શાંતિ ઓશાના'માં નેરેટર તરીકે પોતાનો અવાજ આપ્યો હતો. જ્યારે, 'યુટોપિયાયિલે રાજાઉ'માં તેમણે એક કાગડાના પાત્રને અવાજ આપ્યો. ફિલ્મ 'અલમારા'માં તેમણે લાકડાના કબાટના પાત્ર માટે ડબિંગ કર્યું હતું. આ ઉપરાંત, 'કેશુ ઈ વીડિંટે નાથન'માં તેમણે નેરેટરની ભૂમિકા ભજવી હતી. જ્યારે, 'મુકુંદન ઉન્ની એસોસિએટ્સ'માં તેમણે મુખ્ય પાત્ર મુકુંદનના દાદાનો અવાજ આપ્યો હતો.

# 'મેં નાના પાટેકરને ખરેખરમાં થપ્પડ મારી દીધી હતી'

## અભિનેત્રી મધુ શાહે ફિલ્મ યશવંતના શૂટિંગનો કિસ્સો સંભળાવ્યો



(એજન્સી) મુંબઇ | તા 07

એક્ટ્રેસ મધુ શાહે હાલમાં ફિલ્મ યશવંતના શૂટિંગ સાથે જોડાયેલો એક કિસ્સો શેર કર્યો. તેમણે જણાવ્યું કે ફિલ્મના એક સીનના શૂટિંગ દરમિયાન એક્ટર નાના પાટેકરે તેમને ખરેખર થપ્પડ મારી દીધી હતી, જેના જવાબમાં તેમણે પણ નાનાને રિયલમાં થપ્પડ મારી દીધી હતી.

હિન્દી રશને આપેલા ઈન્ટરવ્યુમાં મધુએ જણાવ્યું કે યશવંતમાં એક સીન દરમિયાન તેમને રડવાનું હતું. સીન માટે તે ગ્લિસરીનનો ઉપયોગ કરવા માંગતી હતી, પરંતુ નાના પાટેકર તેના પક્ષમાં નહોતા. તેમના મતે, નાના ઈચ્છતા હતા કે એક્ટર ભાવનાઓ અનુભવે અને સ્વાભાવિક રીતે એક્ટિંગ કરે.

મધુએ જણાવ્યું, 'તેમણે (નાના પાટેકર) સીન દરમિયાન મને ખરેખર થપ્પડ મારી દીધી. મારી આંખોમાંથી ખરેખર આંસુ નીકળી આવ્યા. હું ખૂબ ગુસ્સે થઈ ગઈ, કારણ કે રિહર્સલમાં તેમણે ક્યારેય આવું કર્યું ન હતું. રિહર્સલના સમયે આવું કંઈ થયું ન હતું. ટેક દરમિયાન તેમણે મને સંપૂર્ણપણે ચોંકાવી દીધી. તેમણે મને ખરેખર થપ્પડ મારી દીધી હતી.

હું તે સમયે ખૂબ ગુસ્સાવાળી છોકરી હતી અને કદાચ આજે પણ છું. એટલે મને ખૂબ ગુસ્સો આવી ગયો અને મેં પણ તેમને ખરેખર થપ્પડ મારી દીધી હતી.' મધુના કહેવા મુજબ, આ ફિલ્મનો એક જરૂરી સીન હતો અને ડિરેક્ટર અનિલ મટ્ટુએ તેના શૂટિંગ માટે આખો દિવસ નક્કી કર્યો હતો, પરંતુ કેટલાક અચાનક થયેલા ફેરફારોને કારણે આ સીન અપેક્ષા કરતાં ખૂબ જ વહેલો પૂરો થઈ ગયો. તેમણે કહ્યું કે આ સીન ખૂબ જ નેચરલ લાગ્યો અને માત્ર અડધા દિવસમાં પૂરો થઈ ગયો.

આ ઘટના છતાં નાના પાટેકરે ક્યારેય તેમનું અપમાન કર્યું નથી. તેમના મતે, નાના માત્ર એક્ટિંગને લઈને સખ્ત હતા અને ઈચ્છતા હતા કે કલાકાર પોતાના પાત્રને સંપૂર્ણપણે અનુભવીને ભજવે. તેમણે કહ્યું કે નાના સાથે કામ કરતી વખતે તેમણે મેથડ એક્ટિંગની ઘણી વાતો શીખી.

### મધુ ટૂંક સમયમાં ફિલ્મ 'ગવર્નર'માં જોવા મળશે

મધુ ટૂંક સમયમાં ફિલ્મ 'ગવર્નર'માં જોવા મળશે. વિપુલ અમૃતલાલ શાહ દ્વારા નિર્મિત આ ફિલ્મ 12 જૂન 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. જણાવી દઈએ કે, પોતાના કરિયરમાં મધુ ફૂલ ઔર કાંટે (1991), રોઝા (1992), અલ્લારી પ્રિયુડુ (1992), યોદ્ધા (1992) અને જેન્ટલમેન (1993) જેવી ફિલ્મોમાં કામ કર્યું છે.



# પ્રાદેશિક ફિલ્મો હવે ઓસ્કરની રેસ સુધી પહોંચી

## 'લાલો' સહિત 41% પ્રાદેશિક ફિલ્મોએ બજેટ કરતાં 10 ગણાથી વધુની કમાણી કરી

મુંબઈ | 'બાહુબલી', 'આરઆરઆર', 'કેજીએફ' અને 'પુષ્પા' જેવી 'પાન-ઈન્ડિયા' ફિલ્મોએ સફળતાના નવા માપદંડો સ્થાપિત કર્યા છે, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી 'મલ્ટી ઈન્ડિયા' સિનેમાનો પણ ઉદય થયો છે. દરેક ભાષાનું સિનેમા સુપરહિટ ફિલ્મો આપી રહ્યું છે.

ઉદાહરણ તરીકે, ગુજરાતી ફિલ્મ 'લાલો: કૃષ્ણ સદા સહાયતે' એ 112 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી, જ્યારે તેને બનાવવામાં માત્ર 50 લાખ રૂપિયા લાગ્યા હતા. જ્યારે, મલયાલમ ફિલ્મ 'લોકાહ ચેપ્ટર 1: ચંદ્રા' એ 30 કરોડ રૂપિયાના બજેટ પર લગભગ 300 કરોડ રૂપિયાનો વ્યવસાય કર્યો. મરાઠી સિનેમા પણ આ બદલાવનું ઉદાહરણ છે. દાખલા તરીકે, 'દશાવતાર' એ 12 કરોડ રૂપિયાના બજેટ પર 28.47 કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું અને રોકાણની સરખામણીમાં 220% થી વધુ વળતર આપ્યું. આ ફિલ્મ ઓસ્કાર 2026 માટે એકેડેમી એવોર્ડ્સની કન્ટેન્શન લિસ્ટમાં સ્થાન મેળવનારી પ્રથમ મરાઠી ફિલ્મ પણ બની હતી.

સેકનીકે 17 સફળ પ્રાદેશિક ફિલ્મોનું વિશ્લેષણ કર્યું છે. તેમાંથી 7 ફિલ્મો એવી હતી, જેમણે 10 ગણો કે તેથી વધુ રિટર્ન આપ્યો... એટલે કે લગભગ 41% ફિલ્મોએ તેમની લાગત કરતાં 10 ગણો કે તેથી વધુ કમાણી કરી.

### બોક્સ ઓફિસ પર વધી રહ્યો છે હિસ્સો

- પીવીઆર આઈનોક્સના આંકડા મુજબ 2024માં કુલ બોક્સ ઓફિસ કલેક્શનમાં પ્રાદેશિક ફિલ્મોનો હિસ્સો 27% હતો, જે 2025માં વધીને 31% થયો. જ્યારે હિન્દી ફિલ્મોનો હિસ્સો 55-56%ની આસપાસ સ્થિર રહ્યો. અંગ્રેજી ફિલ્મોનો હિસ્સો 18%થી ઘટીને 14% થઈ ગયો.
- આજે ભારતીય સિનેમામાં સૌથી મોટો સ્ટાર કન્ટેન્ટ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં આપણે જોયું છે કે પ્રાદેશિક ફિલ્મોએ માત્ર પોતાના રાજ્યોમાં જ નહીં, પરંતુ દેશ અને વિદેશમાં પણ દર્શકો બનાવ્યા છે... કારણ કે ત્યાં કન્ટેન્ટ જ સૌથી મોટો સ્ટાર છે.
- કોઈપણ ભાષાની ફિલ્મ જો સફળ થાય છે, તેનો ફાયદો આખી ઈકોસિસ્ટમને મળે છે. થિયેટરમાં દર્શકો આવશે તો નિર્માતા, વિતરક, પ્રદર્શક અને ફિલ્મ ઉદ્યોગ સાથે જોડાયેલા હજારો લોકોને ફાયદો થશે.
- જ્યાં સુધી સિનેમેટિક યુનિવર્સનો સવાલ છે, તો મારા મતે આ એક વૈશ્વિક ટ્રેન્ડ છે. જો કોઈ ફિલ્મના પાત્ર અને તેની દુનિયા દર્શકોને પસંદ આવે છે, તો તેના આગલા ભાગ અને ફ્રેન્ચાઈઝી બનવું સ્વાભાવિક છે. દર્શકો તે જ કન્ટેન્ટને આગળ જોવા માંગે છે જેનાથી તેઓ જોડાણ અનુભવે છે.

### ભવિષ્ય - હવે યુનિવર્સ ફિલ્મો બનશે

- તેલુગુ સિનેમા - હનુમાન યુનિવર્સ 'હનુમાન'ની સફળતા પછી નિર્દેશક પ્રશાંત વર્મા પૌરાણિક ફિલ્મોનું યુનિવર્સ બનાવી રહ્યા છે. 'જય હનુમાન' સૌથી ચર્ચિત પ્રોજેક્ટ છે.
- તમિલ સિનેમામાં લોકદેવતા પર ભાર - લોકકથાઓ અને પ્રાદેશિક દેવતાઓ પર ફિલ્મો બની રહી છે. શિવકાર્તિકેયનની 'સેયોન' ચર્ચામાં છે.
- મરાઠીમાં મોટા ઐતિહાસિક પ્રોજેક્ટ - 'રાજા શિવાજી'ની સફળતાએ ઐતિહાસિક ફિલ્મોનો માર્ગ ખોલ્યો. 'ઘાબડકુંડ' જેવા અનેક મોટા પ્રોજેક્ટ લાઈનમાં છે.
- મલયાલમમાં લોકાહ યુનિવર્સ - 'લોકાહ ચેપ્ટર 1: ચંદ્રા'ની સફળતા પછી ફ્રેન્ચાઈઝીને આગળ વધારવાની તૈયારી છે.



# અક્ષયે રાજપાલ સાથે કર્યો પ્રેન્ક

## ઘોડો પાછળ આવતા જ કોમેડિયનની ચીસ નીકળી ગઈ

(એજન્સી) મુંબઇ | તા 07

અક્ષય કુમારે પોતાની ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ'ના સેટ પરથી એક બિહાઈન્ડ ધ સીન્સ (BTS) વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. વીડિયોમાં તેનો કો-આર્ટિસ્ટ રાજપાલ યાદવ જોવા મળી રહ્યો છે.

વીડિયોમાં રાજપાલ યાદવ એક વાડ પાસે ઊભેલા દેખાય છે. ત્યારે જ અક્ષય કુમાર તેમની પાછળ એક ઘોડો લઈને પહોંચી જાય છે. ઘોડો રાજપાલ યાદવે પહેરેલી વિગને કોતરવા લાગે છે, જેનાથી તે અચાનક ગભરાઈ જાય છે.

અચાનક બનેલી આ ઘટનાથી રાજપાલ યાદવ ડરીને ચીસો પાડી ઊઠે છે. આ પછી અક્ષય કુમાર અને રાજપાલ યાદવ બંને જોર જોરથી હસવા લાગે છે. વીડિયો શેર કરતા અક્ષય કુમારે લખ્યું, "રાજપાલ યાદવને પોતાની 'હોર્સપાવર' બતાવવામાં ખૂબ મજા આવી. 'વેલકમ ટુ ધ જંગલ' તમારી કલ્પના કરતાં પણ વધુ જંગલી છે. 26 જૂન 2026ના રોજ સિનેમાઘરોમાં મળીએ છીએ." ફિલ્મનું દિગ્દર્શન અહેમદ ખાને કર્યું છે. ફિલ્મમાં અક્ષય કુમાર સાથે સુનીલ શેટ્ટી, જેકી શ્રોફ, રવીના ટંડન, દિશા પટણી, જેકલીન ફર્નાન્ડિસ, અરશદ વારસી, પરેશ રાવલ, રાજપાલ યાદવ, જોની લીવર, આફતાબ શિવદાસાની, લારા દત્તા, શ્રેયસ તલપડે, તુષાર કપૂર, દલેર મહેંદી, ફરીદા જલાલ, કૃષ્ણા અભિષેક, કીકુ શારદા સહિત અનેક કલાકારો મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મનું નિર્માણ ફિરોઝ એ. નાડિયાડવાલાએ બેઝ ઈન્ડસ્ટ્રીઝ ગ્રુપના બેનર હેઠળ કર્યું છે. આ લોકપ્રિય 'વેલકમ' ફ્રેન્ચાઈઝીની ફિલ્મ છે. 'વેલકમ ટુ ધ જંગલ' 26 જૂન 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે

### ગીતમાં અક્ષરા અને અક્ષય સાથે જોવા મળ્યા

ફિલ્મમાં ભોજપુરી અભિનેત્રી અક્ષરા સિંહ અને અક્ષય કુમારનું ગીત પણ છે. ગીતના બોલ ભોજપુરીમાં છે. ગીતમાં અક્ષય કુમાર ભોજપુરી અભિનેતાના અવતારમાં જોવા મળી રહ્યા છે. શૂટિંગનું લોકેશન પણ ગ્રામીણ છે. ગીત સાબુન સાથે ફિલ્માવવામાં આવ્યું છે. તેના બોલ 'ઘિસ-ઘિસ' છે.

# રકુલ પ્રીત સિંઘે ટ્રોલરોની જોરદાર ઝાટકણી કાઢી...

## પતિએ લગ્ન વિશે મજાક કરતા ટ્રોલિંગ થયું : રકુલે પોતે કોસ્મેટીક સર્જરી કરાવી હોવાની અફવા ફગાવી



મુંબઇ : રકુલ પ્રીત સિંઘે ઓનલાઈન ટીકાકારોનો વારંવાર આત્મવિશ્વાસ અને સૌમ્યતાથી સામનો કર્યો છે. તેના પતિ જેકી ભગનાનીએ રમૂજમાં તેમના લગ્નને પરિસ્થિતિજન્ય ગણાવ્યા ત્યારે તેણે ભારે ઓનલાઈન ટ્રોલિંગનો સામનો કરવો પડયો હતો. રકુલે સ્પષ્ટતા કરી કે આ નિવેદનને કોઈપણ સંદર્ભ વિના લેવામાં આવ્યું છે. ત્યાર પછી કપલે એક હળવો વાયરલ વીડિયો શેર કર્યો જેમાં તેણે ભગનાનીની જેન ઝીની જેમ વાત કરવા માટે મજાક કરી. રકુલે ઓનલાઈન નકારાત્મકતા રોકવા સોશિયલ મીડિયા એકાઉન્ટને આધાર સાથે જોડવાની પણ અપીલ કરી. રકુલે પોતે કોસ્મેટીક સર્જરી કરાવતી હોવાની અટકળોનો પણ જવાબ આપ્યો, જ્યારે પોતાને ડોક્ટર ગણાવતા કોઈ વ્યક્તિએ રકુલ તેની પાસે નાકની સર્જરી કરાવતી હોવાનો દાવો કર્યો. રકુલે તુરંત પ્રતિસાદ આપતા ફોલોઅર્સને આવા ગેરમાર્ગે દોરતા મેડિકલ દાવા વિશે સાવધ રહેવાની તાકીદ કરી અને સ્પષ્ટતા કરી કે તેના દેખાવમાં વજન ઘટાડા તેમજ શિસ્તબદ્ધ ફિટનેસને કારણે ફેરફાર થયો હતો. એવી જ રીતે કેટલાક સોશિયલ મીડિયા વપરાશકારોને 'દે દે પ્યાર દે ટુ'માં વય તફાવતની ટીકાનો પણ જવાબ આપતા પ્રોજેક્ટનો બચાવ કર્યો હતો. તેણે જણાવ્યું કે વયનો તફાવત જ ફિલ્મનો મુખ્ય થીમ હતો.

# શિલ્પા શિંદેના ખોટા આરોપ સામે મહારાષ્ટ્ર સરકાર પગલાં લેશે



મુંબઇ : શિલ્પા શિંદેએ પ્રોડયુસર પર જાતીય શોષણ કરવા બદલ ખોટા આરોપ લગાડયા હતા. જે હવે તેને ભારી પડતા જણાઇ રહ્યા છે. હવે એઆઇસીડબલ્યુએને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે અભિનેત્રીના વિરુદ્ધ સખત એકશાન લેવાની માંગણી કરી છે.

ભાભીજી ઘર પર હૈ ની અભિનેત્રી શિલ્પા શિંદે ખોટા આરોપના કબૂલનામા પર ફસાઇ ગઇ છે. તેણે હાલ સ્પષ્ટતા કરી હતી કે, ૨૦૧૬માં ભાભીજી ઘર પર હૈના પ્રોડયુસર પર જાતીય શોષણ કરવાનો ખોટો આરોપ મુકીને કેસ કર્યો હતો. હવે આ બદલ ઓલ ઈન્ડિયન સિને વર્કર્સ એસોસિયેશને અભિનેત્રીના વિરુદ્ધ મહારાષ્ટ્રના મુખ્યમંત્રીને કાર્યવાહીની માંગણી કરી છે. શુક્રવારે એઆસીડબલ્યુએ ઈન્સ્ટાગ્રામ પર સત્તાવાર રીતે જણાવ્યું હતું કે, તેમણે મહારાષ્ટ્રના સીએમ દેવેન્દ્ર ફણણવીસને ટેગ કરીને શિલ્પા શિંદેના મામલે નિષ્પક્ષ અને ઝીણવટભરીને તપાસની અપીલ કરી હતી.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

કાર્લસન કરતા પણ વધુ ખતરનાક ખેલાડી

## મેગ્નસ કાર્લસન કરતા વધુ ખતરનાક પ્રજ્ઞાનંદ: થિપસે



(એજન્સી) નવી દિલ્હી । તા. 07

નોર્વે ચેસ ૨૦૨૬માં ઐતિહાસિક વિજય મેળવીને આર. પ્રજ્ઞાનંદે વિશ્વભરમાં પોતાની પ્રતિભાનો લોખંડી સિક્કો જમાવ્યો છે. દ્રોણાચાર્ય પુરસ્કાર વિજેતા ગ્રાન્ડમાસ્ટર પ્રવીણ થિપસેએ પ્રજ્ઞાનંદના વખાણ કરતા તેમને વિશ્વના નંબર ૧ ખેલાડી મેગ્નસ કાર્લસન કરતા પણ વધુ 'ખતરનાક' અને અત્યારના સમયના સૌથી વધુ સુધારો કરનાર ખેલાડી ગણાવ્યા છે. થિપસેએ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, પ્રજ્ઞાનંદ હાલમાં ભારતનો શ્રેષ્ઠ ચેસ ખેલાડી છે. તેમના મતે, પ્રજ્ઞાનંદ વર્તમાન વિશ્વ ચેમ્પિયન ડી. ગુકેશ અને અર્જુન એરિગાઈસી કરતા પણ એક ડગલું આગળ છે. નોર્વે ચેસમાં પ્રજ્ઞાનંદે અંતિમ ચાર રાઉન્ડમાં ૨૭૫૦થી વધુ રેટિંગ ધરાવતા દિગ્ગજોને હરાવીને જે પુનરાગમન કર્યું છે, તે ભારતીય ચેસ જગત માટે અત્યંત ગૌરવપૂર્ણ છે.

એક સમયે આક્રમક રમત માટે જાણીતા પ્રજ્ઞાનંદે હવે પોતાની રમતમાં વિવિધ પરિમાણો ઉમેર્યા છે. થિપસેના જણાવ્યા અનુસાર, પ્રજ્ઞાનંદે હવે માત્ર ઓપનિંગ પર નિર્ભર રહેવાને બદલે પોઝિશનલ સમજ, રક્ષણાત્મક રમત અને સચોટ વ્યૂહરચના પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તેમની આ બદલાયેલી શૈલીની તુલના ભૂતપૂર્વ વિશ્વ ચેમ્પિયન એનાટોલી કાર્પોવ અને મેગ્નસ કાર્લસન સાથે કરવામાં આવી રહી છે, જેઓ રમત દરમિયાન સતત સાતત્ય જાળવી રાખવા માટે જાણીતા છે.

થિપસે અને ભૂતપૂર્વ ગ્રાન્ડમાસ્ટર દિબ્યેન્દુ બરુઆ બંનેનું માનવું છે કે ભારત પાસે હાલમાં પ્રજ્ઞાનંદ, ગુકેશ અને અર્જુન તરીકે ત્રણ વિશ્વ-સ્તરીય ખેલાડીઓ છે. આ ખેલાડીઓ વચ્ચેની તંદુરસ્ત સ્પર્ધા જ તેમને વધુ મજબૂત બનાવી રહી છે. બરુઆએ કહ્યું કે, "ક્યારેક અર્જુન તો ક્યારેક પ્રજ્ઞાનંદ કે ગુકેશ જીતે છે, જે ભારતીય ચેસના સુવર્ણ યુગની સાબિતી છે." નિષ્ણાતોના મતે, જો આ યુવા ખેલાડીઓ ગેરી કાસ્પારોવની જેમ લાંબા સમય સુધી આ જ સાતત્ય જાળવી રાખશે, તો તે ભારતીય રમતના ઈતિહાસમાં એક સીમાચિહ્નરૂપ બની રહેશે. પ્રજ્ઞાનંદનો આ વિજય માત્ર એક ટાઈટલ નથી, પરંતુ આવનારી પેઢીના ખેલાડીઓ માટે પ્રેરણાનો સ્ત્રોત પણ છે.

ભારતનો aબાંગ્લાદેશ સામે 3-1થી વિજય

## ભારત સાફ મહિલા ફૂટબોલ ચેમ્પિયન બન્યું




(એજન્સી) માર્ગોવા (ગોવા) । તા. 07

ભારતીય મહિલા ફૂટબોલ ટીમે સાત વર્ષની લાંબી રાહ બાદ સાફ મહિલા ફૂટબોલ ચેમ્પિયનશિપનો ખિતાબ પોતાના નામે કર્યો છે. ગોવાના પંડિત જવાહરલાલ નેહરુ સ્ટેડિયમમાં રમાયેલી રોમાંચક ફાઈનલમાં ભારતે ડિફેન્ડિંગ ચેમ્પિયન બાંગ્લાદેશને ૩-૧ થી પરાજય આપી છઠ્ઠી વખત આ ટ્રોફી પર કબજો જમાવ્યો છે. ભારતીય ટીમ માટે મેચની શરૂઆતથી જ આક્રમકતા જોવા મળી હતી. પ્રથમ હાફના ૪૨મી મિનિટે પ્યારી ઝાક્ષાએ ગોલ કરીને ભારતને ૧-૦ ની સરસાઈ અપાવી હતી. જોકે, બાંગ્લાદેશની રીતુ પોર્ણા ચકમાએ પ્રથમ હાફના ઈન્જરી ટાઈમમાં ગોલ કરીને સ્કોર ૧-૧ થી બરાબર કર્યો હતો. બીજા હાફમાં ભારતીય ટીમે શાનદાર વાપસી કરી હતી. બીજા હાફના પ્રારંભની ૪૦ સેકન્ડમાં જ સંફિદા નોંગ્રુમે હેડર દ્વારા ગોલ કરીને ફરીથી ભારતને લીડ અપાવી હતી. ત્યારબાદ મેચની ૮૨મી મિનિટે સબસ્ટિટ્યૂટ લિન્ડા કોમ સેરટોએ ત્રીજો ગોલ કરીને ભારતની જીત પર મહોર મારી દીધી હતી. આ જીત ભારતીય ખેલાડીઓ માટે ખૂબ જ

વિરાટ કોહલી ઈજા બાદ ટીમ બહાર અફઘાનિસ્તાન સામેની વનડે સિરીઝ

# ટીમ ઈન્ડિયામાં યશસ્વી જયસ્વાલની એન્ટ્રી

(એજન્સી) મુંબઈ । તા. 07

ભારતીય ક્રિકેટ ટીમ માટે હાલ એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. આઈપીએલ ૨૦૨૬ના રોમાંચક ફાઈનલ બાદ ટીમના સ્ટાર બેટર વિરાટ કોહલી ઈજાગ્રસ્ત થતા આગામી અફઘાનિસ્તાન સામેની ત્રણ વનડે મેચોની સિરીઝમાંથી બહાર થઈ ગયા છે. તેમની જગ્યાએ યુવા અને વિસ્ફોટક બેટર યશસ્વી જયસ્વાલને ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ ફેરફાર બાદ હવે ભારતીય ચાહકોની નજર ટીમમાં સામેલ થયેલા આ યુવા ખેલાડીના પ્રદર્શન પર ટકેલી છે.

### કોહલીની ઈજા અને ગંભીરતા

વિરાટ કોહલી, જે હાલ માત્ર વનડે ફોર્મેટ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે, તે આઈપીએલ ફાઈનલમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને ચેમ્પિયન બનાવવા માટે મેદાનમાં ઉતર્યા હતા. તેમણે ૭૫ રનની અણનમ ઈનિંગ રમીને પોતાની ટીમને ભવ્ય વિજય અપાવ્યો હતો, પરંતુ આ મેચ દરમિયાન તેમના જમણા હેમસ્ટ્રિંગમાં ગંભીર ઈજા થઈ હતી. બીસીસીઆઈના મુખ્ય પસંદગીકાર અજીત અગરકરે મીડિયા અહેવાલો મુજબ જણાવ્યું હતું કે, હાલ




તેમની ઈજા માટે કોઈ ચોક્કસ સમયમર્યાદા નક્કી કરવામાં આવી નથી, પરંતુ જુલાઈમાં ઈંગ્લેન્ડ સામેની વનડે સિરીઝ સુધીમાં તેઓ સંપૂર્ણ ફિટ થઈ જશે તેવી પૂરેપૂરી આશા છે.

### યશસ્વી જયસ્વાલની શાનદાર વાપસી

વિરાટ કોહલીના સ્થાને ટીમમાં આવેલા યશસ્વી જયસ્વાલ માટે આ એક સુવર્ણ તક છે. યશસ્વીએ છેલ્લે ૬ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ વિશાખાપટ્ટનમ ખાતે દક્ષિણ આફ્રિકા સામે શાનદાર સદી (૧૧૬ રન) ફટકારી હતી. પોતાની કરિયરની પ્રથમ આંતરરાષ્ટ્રીય સદી બાદ, તે હવે ફરી એકવાર વનડે ક્રિકેટમાં પોતાનો દમ બતાવવા માટે તૈયાર છે. આ યુવા ખેલાડીની આક્રમક બેટિંગ શૈલી અફઘાનિસ્તાન સામેની સિરીઝમાં ભારત માટે ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે.

### રોહિત અને હાર્દિકની ફિટનેસ પર સસ્પેન્સ

ટીમ ઈન્ડિયા માટે અત્યારે ખેલાડીઓની ફિટનેસ સૌથી મોટી ચિંતાનો વિષય બની છે. કેપ્ટન રોહિત શર્મા અને ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાની ભાગીદારી અંગે હજુ પણ સસ્પેન્સ છે. રોહિત શર્મા બેંગલુરુના 'બીસીસીઆઈ સેન્ટર ઓફ એક્સેલન્સ' ખાતે આગામી ૨ થી ૩ દિવસમાં ફિટનેસ ક્લિયરન્સ માટે રિપોર્ટ કરશે. જ્યારે હાર્દિક પંડ્યા પીઠની ઈજા બાદ ગત ૨ જૂનથી રિહેબિલિટેશનમાંથી પસાર થઈ રહ્યો છે. પસંદગીકારોએ સ્પષ્ટતા કરી છે કે, જ્યાં સુધી ખેલાડીઓ ફિટનેસ ક્લિયરન્સ નહીં મેળવે ત્યાં સુધી ટીમની ફાઈનલ લાઈનઅપ જાહેર કરવામાં આવશે નહીં.

### અફઘાનિસ્તાન સામેની સિરીઝનું મહત્વ

અફઘાનિસ્તાન સામેની આ ત્રણ વનડે મેચો (૧૩, ૧૭ અને ૨૦ જૂન) ભારતીય ટીમ માટે ઘણી મહત્વની છે. ઈંગ્લેન્ડ સામેની મહત્વની સિરીઝ પહેલાં આ શ્રેણી ટીમનું સંતુલન તપાસવા માટે ઉત્તમ તક પૂરી પાડે છે. જો રોહિત અને હાર્દિક સમયસર ફિટ થઈ જાય, તો ટીમની મજબૂતીમાં નોંધપાત્ર વધારો થશે. યશસ્વી જયસ્વાલનું ટીમમાં હોવું એ સાબિત કરે છે કે ભારત હવે ભવિષ્યના સ્ટાર્સ પર વધુ ભરોસો મૂકી રહ્યું છે.

આ સમગ્ર ઘટનાક્રમ પરથી સ્પષ્ટ થાય છે કે ભારતીય ટીમ ઈજાગ્રસ્ત ખેલાડીઓ હોવા છતાં, નવી ટેલેન્ટને તક આપીને પોતાનું વર્ચસ્વ જાળવી રાખવા માટે કટિબદ્ધ છે.

# ગેબી થોમસે લોન સ્ટાર ગ્રાન્ડ પ્રિકસમાં જીત્યો ખિતાબ, લોન સ્ટાર ગ્રાન્ડ પ્રિકસમાં થોમસનો વિજય

(એજન્સી) કોલેજ સ્ટેશન । તા. 07

અમેરિકાની ઓલિમ્પિક ચેમ્પિયન ગેબી થોમસે શનિવારે લોન સ્ટાર ગ્રાન્ડ પ્રિકસમાં શાનદાર પ્રદર્શન કરતા મહિલાઓની ૨૦૦ મીટર દોડમાં વિજય મેળવ્યો છે. થોમસે આ અંતર ૨૧.૭૦ સેકન્ડમાં પૂરું કરીને આ વર્ષનો વિશ્વનો સૌથી ઝડપી સમય નોંધાવ્યો છે. આ જીત સાથે તેમણે આ ટાઈટલ પોતાના નામે કરી લીધું છે.

### નવો વિશ્વ વિક્રમ અને રેસનો ઘટનાક્રમ

કોલેજ સ્ટેશન, ટેક્સાસ ખાતે યોજાયેલી આ દોડમાં ગેબી થોમસે અગાઉના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. તેમણે સેન્ટ લુસિયાની ઓલિમ્પિક ૧૦૦ મીટર ચેમ્પિયન જુલિયન આલ્ફ્રેડનો ૨૧.૮૬ સેકન્ડનો ૨૦૨૬નો વિશ્વ વિક્રમ તોડ્યો છે, જે તેમણે ૩૦ એપ્રિલે ઓસ્ટિનમાં નોંધાવ્યો હતો. અત્યંત ગરમ અને ભેજવાળા વાતાવરણ વચ્ચે થોમસે ટર્ન પર જ લીડ મેળવી લીધી હતી અને અંત સુધી પોતાની ગતિ જાળવી રાખીને પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેમની સાથે અમેરિકાની કાયલા વ્હાઈટ ૨૨.૦૭ સેકન્ડના સમય સાથે બીજા સ્થાને અને નાઈજીરીયાની ફેવર ઓફિલી ૨૨.૧૫ સેકન્ડ સાથે ત્રીજા સ્થાને રહી હતી.

પોતાના આ શાનદાર સમયથી ખુદ થોમસ પણ આશ્ચર્યચકિત હતા. તેમણે પોતાની જીત બાદ જણાવ્યું કે, "આ સમય જોઈને હું થોડી ચોક્કસપણે આશ્ચર્યમાં હતી, પરંતુ મેં સખત તાલીમ લીધી છે. આફ્રિકાના મારા ટૂર બાદ હું ફરીથી ટ્રેક પર પાછી ફરી હતી અને મારી મહેનત રંગ લાવી રહી છે, તેનો મને આનંદ છે." પેરિસ ૨૦૨૪ ઓલિમ્પિકમાં ૪x૧૦૦ અને ૪x૪૦૦ મીટર રિલેમાં ગોલ્ડ મેડલ જીતનાર થોમસ હાલમાં ખૂબ જ હળવાશથી પોતાની સીઝન માણી રહ્યા છે.

વધુમાં વાત કરતા થોમસે કહ્યું કે, "મને મારી પસંદગીની સ્પર્ધાઓમાં ભાગ લેવાની સ્વતંત્રતા છે અને હું આ રમતનો આનંદ લઈ રહી છું. હું દરરોજ સવારે ટ્રેક પર જવા માટે ઉત્સુક રહું છું."




## ભારતીય જુનિયર હોકી ટીમનો એશિયા કપમાં 4-1થી વિજય

ત્રીજી વખત એશિયા કપ ટાઈટલ જીત્યું



(એજન્સી) કાકામિગાહારા (જાપાન) । તા. 07

ભારતીય અંડર-૧૮ પુરુષ હોકી ટીમે શુક્રવારે કાકામિગાહારા, જાપાન ખાતે રમાયેલી ફાઈનલમાં યજમાન જાપાનને ૪-૧ થી હરાવીને મેન્સ અંડર-૧૮ એશિયા કપ ૨૦૨૬નો ખિતાબ પોતાના નામે કર્યો છે. આ જીત સાથે ભારતે રેકોર્ડ ત્રીજી વખત આ ટૂર્નામેન્ટ જીતીને પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી છે.

### આશિષ તની પૂર્તિની હેટ્રિક

ભારતની આ ભવ્ય જીતના હીરો આશિષ તની પૂર્તિ રહ્યા, જેમણે ફાઈનલ મેચમાં શાનદાર હેટ્રિક નોંધાવી હતી. આશિષે રમતની બીજી, ૨૮મી અને ૩૪મી મિનિટે ગોલ કરીને ભારતને મજબૂત સ્થિતિમાં મૂકી દીધું હતું. આ ઉપરાંત કેપ્ટન કેતન કુશવાહાએ ૩૦મી મિનિટે એક ગોલ કરીને ભારતની સરસાઈ વધારી હતી. જાપાન માટે નુમાડા ગાકુએ ૫૨મી મિનિટે એકમાત્ર ગોલ કર્યો હતો, પરંતુ તે ભારતની આક્રમક રમત સામે નિષ્ફળ રહ્યો હતો.

### વ્યક્તિગત પુરસ્કારો અને પ્રોત્સાહન

આ ટુર્નામેન્ટમાં ભારતીય ખેલાડીઓનું પ્રભુત્વ જોવા મળ્યું હતું. આશિષ તની પૂર્તિ ૧૩ ગોલ સાથે ટુર્નામેન્ટના ટોપ સ્કોરર બન્યા હતા અને ફાઈનલ માટે 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, ગોલકીપર આયુષ રજકને ટુર્નામેન્ટનો 'બેસ્ટ ગોલકીપર'નો પુરસ્કાર મળ્યો હતો. મહિલા હોકીની વાત કરીએ તો, ભારતીય ટીમે દક્ષિણ કોરિયાને ૩-૦ થી હરાવીને કાંસ્ય પદક જીત્યો હતો અને ભારતની નૌશીન નાઝ ૧૨ ગોલ સાથે મહિલા વર્ગમાં ટોપ સ્કોરર બની હતી.

### હોકી ઈન્ડિયા દ્વારા પુરસ્કારની જાહેરાત

ભારતીય ટીમના આ ઐતિહાસિક પ્રદર્શનથી ખુશ થઈને હોકી ઈન્ડિયાએ ગોલ્ડ મેડલ વિજેતા પુરુષ ટીમના દરેક ખેલાડી માટે ૩ લાખ રૂપિયા અને સપોર્ટ સ્ટાફ માટે ૧.૫ લાખ રૂપિયાના રોકડ પુરસ્કારની જાહેરાત કરી છે. તેમજ, કાંસ્ય પદક વિજેતા મહિલા ટીમના દરેક ખેલાડી માટે ૧ લાખ રૂપિયા અને સપોર્ટ સ્ટાફ માટે ૫૦,૦૦૦ રૂપિયાના પુરસ્કારની જાહેરાત કરવામાં આવી છે.

ક્રિકેટ જગત પર રાજ કરવાનો હુંકાર

વૈભવ સૂર્યવંશીનું ત્રણેય ફોર્મેટ રમવાનું સપનું

# 20 વર્ષ સુધી ક્રિકેટ પર રાજ કરવા વૈભવ સૂર્યવંશીની તૈયારી




(એજન્સી) નવી દિલ્હી । તા. 07

આઈપીએલ ૨૦૨૬માં પોતાની બેટિંગથી ધૂમ મચાવનાર અને તાજેતરમાં ભારતીય ટી-૨૦ ટીમમાં સ્થાન મેળવનાર ડાબોડી યુવા ઓપનર વૈભવ સૂર્યવંશીએ સ્પષ્ટ કર્યું છે કે તે લાંબી રેસનો ઘોડો છે. એક ખાનગી ઈન્ટરવ્યૂ દરમિયાન વૈભવે પોતાની રમત વિશે વાત કરતા જણાવ્યું હતું કે, તેનો ઉદ્દેશ્ય મેદાન પર ફક્ત રમવાનો નથી, પરંતુ આગામી બે દાયકા સુધી વિશ્વ ક્રિકેટ પર પોતાનું પ્રભુત્વ જમાવવાનો છે.

### વિરાટ કોહલી સાથેની અવિસ્મરણીય ક્ષણ

આઈપીએલ ૨૦૨૬ બાદ વૈભવ માટે દિગ્ગજ ખેલાડી વિરાટ કોહલી સાથેની મુલાકાત એક સપના જેવી રહી. આ ક્ષણ વિશે વાત કરતા તેણે ખૂબ જ ભાવુક થઈને કહ્યું, "જ્યારે વિરાટ ભૈયાએ મારા ખભા પર હાથ મૂક્યો, ત્યારે મને લાગ્યું કે મારું એક મોટું સપનું સાકાર થઈ ગયું છે. તે પળ મારા માટે હંમેશા યાદગાર બની રહેશે." યુવા ખેલાડી તરીકે કોહલીના આશીર્વાદ અને માર્ગદર્શન તેના માટે અત્યંત પ્રેરણાદાયી રહ્યા છે.

### એવોર્ડ્સની હારમાળા અને સજાગતા

વૈભવે આ સીઝનમાં 'ઓરેન્જ કેપ' જીતવા ઉપરાંત પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ, સુપરસ્ટ્રાઈકર ઓફ ધ સિઝન, ઈમર્જિંગ પ્લેયર અને સૌથી વધુ સિક્સર મારવા જેવા પાંચ મોટા એવોર્ડ્સ પોતાના નામે કર્યા છે. પોતાની આ સફળતા વિશે વૈભવે કહ્યું કે, તેણે કેપ વિશે અગાઉ કોઈ વિચાર કર્યો નહોતો કારણ કે તે પોતાના શ્રેષ્ઠ પ્રદર્શન પર જ ધ્યાન કેન્દ્રિત કરવા માંગતો હતો. રાજસ્થાન રોયલ્સ ફાઈનલમાં ન પહોંચી શકી તેનો તેને અફસોસ છે, પરંતુ આવનારા વર્ષોમાં ટીમ માટે અનેક ટ્રોફી જીતવાનો તેને સંપૂર્ણ આત્મવિશ્વાસ છે. રેડ બોલ ક્રિકેટ પ્રત્યેનો પોતાનો પ્રેમ વ્યક્ત કરતા વૈભવે જણાવ્યું કે, તે ટેસ્ટ ક્રિકેટથી જ પોતાની પ્રેક્ટિસ શરૂ કરે છે. તેનું મુખ્ય સપનું ભારત માટે ટેસ્ટ, વનડે અને ટી-૨૦ એમ ત્રણેય ફોર્મેટમાં નિયમિત રમવાનું છે.

શૂટઆઉટ

ફ્રેન્ચ ઓપન ચેમ્પિયન બની મીરા આન્દ્રેવા, ૧૯૯૨ પછી સૌથી યુવા મહિલા ચેમ્પિયન

# મીરા આન્દ્રેવાએ પ્રથમ ફ્રેન્ચ ઓપન ટાઈટલ જીત્યું

(એજન્સી) પેરિસ । તા. 07

ટેનિસ જગતમાં નવા ઉદયનો સંકેત આપતા, ૧૯ વર્ષીય મીરા આન્દ્રેવાએ શનિવારે પોતાની કારકિર્દીનો પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ખિતાબ જીતીને ઈતિહાસ રચ્યો છે. પેરિસના કોર્ટ ફિલિપ-ચેટ્રિયર ખાતે રમાયેલી ફ્રેન્ચ ઓપન (રોલેન્ડ ગારોસ) મહિલા સિંગલ્સની ફાઈનલમાં આન્દ્રેવાએ ક્વોલિફાયર માયા ચ્વાલિન્સ્કાને ૬-૩, ૬-૨ થી પરાજય આપીને ટ્રોફી પોતાના નામે કરી હતી. આ જીત સાથે જ તે ૧૯૯૨માં મોનિકા સેલેસ બાદ પેરિસમાં ચેમ્પિયન બનનાર સૌથી યુવા ખેલાડી બની ગઈ છે.

### ઐતિહાસિક પ્રદર્શન અને સફર

મીરા આન્દ્રેવા માટે આ વિજય અત્યંત ખાસ છે. માત્ર ૮૨ મિનિટ સુધી ચાલેલી આ ફાઈનલ મેચમાં તેણે પોતાના અનુભવ અને કૌશલ્યનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. આન્દ્રેવાએ ૨૦૨૩માં રોલેન્ડ ગારોસમાં ગ્રાન્ડ સ્લેમમાં પ્રવેશ કર્યો હતો અને ૨૦૨૪માં તે સેમીફાઈનલ સુધી પહોંચી હતી. હવે પોતાની ચોથી જ ભાગીદારીમાં તે ચેમ્પિયન બની છે. ભૂતપૂર્વ વિશ્વની નંબર ૨ ખેલાડી અને કોચ કોન્ચિતા માર્ટિનેઝના માર્ગદર્શન હેઠળ આન્દ્રેવાએ 'કૂપ સુઝાન-લેન્ગલેન' ટ્રોફી જીતીને પોતાના કોચની સિદ્ધિઓને પણ પાછળ છોડી દીધી છે.

### આન્દ્રેવાની ભાવુક પ્રતિક્રિયા

ટાઈટલ જીત્યા બાદ આન્દ્રેવાએ પોતાની લાગણી વ્યક્ત કરતા કહ્યું, "મારા માટે આ ખૂબ જ ખાસ ક્ષણ છે. હું બાળપણથી જ ટીવી પર રોલેન્ડ ગારોસ જોતી આવી છું. આ મારું એક મોટું સપનું હતું અને આજે હું આ ટ્રોફી હાથમાં પકડી રહી છું, તેના પર વિશ્વાસ કરવો મુશ્કેલ છે." વિજય બાદ તેમણે પોતાના પ્રખ્યાત કેચફ્રેઝ સાથે એક કસ્ટમ જેકેટ પણ પહેર્યું હતું, જેમાં લખ્યું હતું, "હું મારો આભાર માનવા માંગુ છું." તેમણે પોતાની જાત પર વિશ્વાસ રાખવા અને દરેક મુશ્કેલ પરિસ્થિતિમાં લડતા રહેવા માટે પોતાની જાતનો આભાર માન્યો હતો.



એલિસન બેકરને મળ્યો ભાઈનો પત્ર

# ફિફા વર્લ્ડ કપ પહેલા ભાવુક ક્ષણો પૂર્વે એલિસન બેકર ભાવુક થયા

(એજન્સી) બ્રાઝિલિયા । તા. 07

ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ના આડે હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે ખેલાડીઓમાં પણ ઉત્સાહ અને લાગણીઓનું મિશ્રણ જોવા મળી રહ્યું છે. બ્રાઝિલના સ્ટાર ગોલકીપર એલિસન બેકર માટે આ તૈયારીઓ વચ્ચે એક અત્યંત ભાવુક ક્ષણ ત્યારે આવી જ્યારે તેમને તેમના મોટા ભાઈ મુરિયલ બેકર તરફથી એક હૃદયસ્પર્શી પત્ર મળ્યો. ફિફાની 'લેટર્સ ધેટ યુનાઈટ' ઝુંબેશના ભાગરૂપે મુરિયલે લખેલા આ પત્રે એલિસનને તેમની બાળપણની યાદોમાં સરી જવા મજબૂર કરી દીધા હતા. પોતે પણ એક વ્યાવસાયિક ગોલકીપર રહી ચૂકેલા મુરિયલે એલિસનને ખૂબ જ સુંદર શબ્દોમાં પ્રોત્સાહન આપ્યું છે. પત્રમાં તેમણે લખ્યું છે કે, "આપણું સપનું જીવો, તેનો આનંદ માણો અને નેતૃત્વ કરો." મુરિયલે એલિસનને યાદ અપાવ્યું કે તેમણે અત્યાર સુધી જે સંઘર્ષ કર્યો છે, તેણે જ તેમને આ વર્લ્ડ કપ જેવા મોટા સ્ટેજ માટે તૈયાર કર્યા છે. પત્રમાં તેમણે એ પણ જણાવ્યું કે તેઓ હજારો માઈલ દૂરથી પણ એલિસનની દરેક મેચ જોશે અને તેમના માટે ગર્વ અનુભવશે. મુરિયલે પત્રમાં વર્ષ ૨૦૦૨ના ફિફા વર્લ્ડ કપનો ઉલ્લેખ કર્યો છે, જ્યારે બ્રાઝિલે છેલ્લી વાર વર્લ્ડ કપ જીત્યો હતો. તે સમયે બંને ભાઈઓ રાત્રિના સમયે જાગીને બ્રાઝિલની મેચો જોતા હતા અને બાદમાં ઘરના આંગણે ખેલાડીઓની નકલ કરતા હતા. એ બાળપણની નિર્દોષ યાદોને તાજી કરતા મુરિયલે એલિસનની સફળતા બદલ ગૌરવ વ્યક્ત કર્યું છે.



### બ્રાઝિલનું લક્ષ્ય: છઠ્ઠો ખિતાબ

પાંચ વખતની વર્લ્ડ ચેમ્પિયન બ્રાઝિલની ટીમ ૨૪ વર્ષના લાંબા અંતરાલ બાદ ફરી એકવાર વિશ્વ વિજેતા બનવા માટે સજ્જ છે. એલિસન બેકરની સાથે ટીમમાં નેમાર જુનિયર, વિનિસિયસ જુનિયર, માર્કવિન્હોસ અને એન્ડ્રિક જેવા દિગ્ગજ તથા ઉભરતા ખેલાડીઓનો સમાવેશ થાય છે. બ્રાઝિલની ટીમ ૧૩ જૂને મોરોક્કો સામે પોતાની ગ્રુપ-સીની સફર શરૂ કરશે.

## વૈશ્વિક ઉર્જા બજારમાં મોટું સંકટ, રશિયન સીઈઓ ઈગોર સેચિનનો દાવો

# અમેરિકી કંપનીઓની કમાણી પર રશિયન પ્રહાર

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

ઈરાન યુદ્ધ અને હોર્મુઝ સ્ટ્રેઈટ્સમાં સર્જાયેલા ગંભીર સંકટ વચ્ચે વૈશ્વિક અર્થતંત્રમાં એક નવો વળાંક આવ્યો છે. રશિયાની અગ્રણી તેલ કંપની રોસનેફ્ટના પ્રમુખ ઈગોર સેચિને અમેરિકાની ભૂમિકા અંગે અત્યંત ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, વર્તમાન તેલ સંકટનો સૌથી મોટો આર્થિક લાભ અમેરિકી ઊર્જા કંપનીઓને મળી રહ્યો છે અને વોશિંગ્ટન અત્યંત કુશળતાપૂર્વક વૈશ્વિક ઉર્જા બજારના નિયમોને પોતાના રાષ્ટ્રીય હિતમાં બદલી રહ્યું છે.

### સેન્ટ પીટર્સબર્ગમાં ગુંજ્યા આકરા શબ્દો

સેન્ટ પીટર્સબર્ગ ઈન્ટરનેશનલ ઈકોનોમિક ફોરમમાં સંબોધન કરતા ઈગોર સેચિને ભારપૂર્વક કહ્યું કે, હોર્મુઝ સ્ટ્રેઈટ્સનું બંધ થવું એ માત્ર ઈરાન વિરુદ્ધની કોઈ વ્યૂહાત્મક કાર્યવાહી ન હતી, પરંતુ તે એક એવી ભૂલ હતી જેણે સમગ્ર વિશ્વને આર્થિક આંચકો આપ્યો છે. તેમણે ઉમેર્યું કે અમેરિકાએ આ સંઘર્ષમાં જોખમોનું યોગ્ય આકલન કરવામાં નિષ્ફળતા મેળવી છે, જેના પરિણામે સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થા આજે અંધકારમય ભવિષ્યનો સામનો કરી રહી છે.

### વૈશ્વિક પુરવઠા શૃંખલા પર અસર

ોર્મુઝ સ્ટ્રેઈટ્સ એ વિશ્વના સૌથી મહત્વપૂર્ણ સમુદ્રી વ્યાપારિક માર્ગોમાંથી એક છે. વિશ્વની ઘણી જરૂરિયાતોનો પુરવઠો આ માર્ગ પર નિર્ભર છે. ઈરાન અને અમેરિકા-ઈઝરાયલ વચ્ચેના વધતા તણાવને કારણે આ મુખ્ય માર્ગ પર ગંભીર સંકટ પેદા થયું છે, જેના કારણે ક્રૂડ ઓઈલના ભાવ વર્ષોના ઉચ્ચતમ સ્તરે પહોંચી ગયા છે. રશિયન સીઈઓએ અમેરિકા પર સીધો પ્રહાર કરતા કહ્યું કે, હોર્મુઝ બંધ કરવાની સ્થિતિ એ માત્ર ઈરાન પર દબાણ લાવવાનો પ્રયાસ નહોતો, પરંતુ વૈશ્વિક ઉર્જા બજારના નિયમોને અમેરિકાના પક્ષમાં વાળવાની એક ગણતરીપૂર્વકની ચાલ હતી.



### સમુદ્રી માર્ગો પર વધતું જોખમ

રોસનેફ્ટના પ્રમુખે આગામી સમય માટે ગંભીર ચેતવણી ઉચ્ચારી છે. તેમણે જણાવ્યું છે કે, જો આ વર્તમાન તંગદીલી યથાવત રહેશે તો વિશ્વના અન્ય મહત્વના સમુદ્રી માર્ગો પણ જોખમમાં આવી શકે છે. આવી રુકાવટો વૈશ્વિક વ્યાપાર અને ઉર્જા સુરક્ષા માટે નવા અને કઠિન પડકારો ઊભા કરશે, જેનો સામનો કરવો કોઈપણ દેશ માટે સરળ નહીં હોય.

### ઓપેક-પ્લસ અને ઉત્પાદનમાં ઘટાડો

પોતાના સંબોધનમાં સેચિને ઓપેક-પ્લસની વર્તમાન સ્થિતિ અંગે પણ ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે આંકડાઓ સાથે સમજાવ્યું કે, ઓપેક દેશોનું તેલ ઉત્પાદન જે પહેલા રોજિંદા ૫૮ મિલિયન બેરલ હતું, તે ઘટીને હવે માત્ર ૩૭ મિલિયન બેરલ પ્રતિદિન થઈ ગયું છે. ઉત્પાદનમાં આવેલો આ મોટો ઘટાડો તેલની કિંમતોમાં થઈ રહેલા વધારાનું મુખ્ય કારણ છે. ઉત્પાદન ક્ષમતા વધારવા માટે આશરે ૧૦ ટ્રિલિયન રૂબલના વિશાળ રોકાણની આવશ્યકતા છે. તેમણે આશા વ્યક્ત કરી કે જો ઓપેક દેશો રશિયા સાથે મળીને આ દિશામાં નક્કર પગલાં ભરશે, તો જ વૈશ્વિક બજારમાં સ્થિરતા લાવી શકાશે. આ નિવેદનો બાદ વૈશ્વિક રાજકારણમાં ગરમાવો આવ્યો છે. રશિયાના આ આક્ષેપોએ સાબિત કર્યું છે કે ઉર્જા સંકટ પાછળ માત્ર લશ્કરી જ નહીં, પરંતુ મોટા આર્થિક હિતો પણ છુપાયેલા છે.

## ભારતીય વિદ્યાર્થી સુરક્ષા પર સવાલ

# અમેરિકામાં ભારતીય યુવકની હત્યાથી ખળભળાટ



(એજન્સી) ફિલાડેલ્ફિયા । તા. 07

અમેરિકાના ફિલાડેલ્ફિયામાં તેલંગાણાના ૨૮ વર્ષીય તેજસ્વી ભારતીય યુવક અંશુલ કુંચાની અત્યંત ક્રૂર અને નિર્મમ હત્યા થતા સમગ્ર ભારતીય સમુદાયમાં શોક અને રોષની લાગણી ફરી વળી છે. એક મલ્ટીનેશનલ કંપનીમાં કાયમી નોકરી કરતો આ યુવાન સપ્તાહના અંતે વધારાની કમાણી માટે પિત્ઝા ડિલિવરીનું કામ કરતો હતો, જે તેના માટે કાળમુખું સાબિત થયું. મીડિયા અહેવાલો મુજબ, અંશુલને એક 'ફેક' એટલે કે નકલી પિત્ઝા ઓર્ડર આપીને સુનશાન વિસ્તારમાં બોલાવવામાં આવ્યો અને ત્યાં અગાઉથી જ ઘાત લગાવીને બેઠેલા હુમલાખોરોએ તેના પર ગોળીબાર કરીને તેની હત્યા કરી નાખી.

ઘટનાના દિવસે અંશુલને એક અજાણ્યા નંબર પરથી પિત્ઝાનો ઓર્ડર મળ્યો હતો. જ્યારે તે નિર્ધારિત સ્થળે પહોંચ્યો, ત્યારે ત્યાં કોઈ ગ્રાહક હાજર નહોતું. અંશુલ કંઈ સમજે તે પહેલા જ બે નકાબપોશ હુમલાખોરો ત્યાં આવી પહોંચ્યા અને અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો. અહેવાલો અનુસાર, અંશુલના માથાના ભાગે એક પછી એક ઘણી ગોળીઓ મારવામાં આવી, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. આ ઘટના કોઈ સામાન્ય લૂંટના ઈરાદે કરવામાં આવેલી હત્યા નથી, કારણ કે હુમલાખોરોએ અંશુલ પાસે રહેલી રોકડ કે અન્ય કિંમતી સામાનને હાથ પણ અડાડ્યો નહોતો. આ બાબત સાબિત કરે છે કે તે એક સુનિયોજિત ષડયંત્ર હતું.

પોતાના પુત્રના ખોવાયેલા અંશુલના પરિવારે ન્યાય માટે પોકાર કર્યો છે. અંશુલની બહેન તન્વીએ મીડિયા સમક્ષ રડતા રડતા આરોપ લગાવ્યો છે કે, "આ કોઈ અકસ્માત કે લૂંટ નથી, આ મારા ભાઈનું આયોજનબદ્ધ ખૂન છે. તે પિત્ઝા ડિલિવરી માત્ર એક મોહરું હતું, જેનો ઉપયોગ તેને ફસાવવા માટે કરવામાં આવ્યો." પરિવાર માટે આ આઘાત સહન કરવો અશક્ય છે. અંશુલ છેલ્લા ચાર વર્ષથી અમેરિકામાં રહેતો હતો અને તેનો સ્વભાવ અત્યંત મિલનસાર હતો. અગાઉ પણ તે લૂંટનો ભોગ બન્યો હતો, પરંતુ ત્યારે તેને જીવલેણ ઈજાઓ પહોંચી નહોતી. આ ઘટના બાદ પરિવારે અન્ય માતા-પિતાને ચેતવણી આપતા જણાવ્યું છે કે, પોતાના બાળકોને અમેરિકા મોકલતા પહેલા હજાર વાર વિચારજો, કારણ કે ત્યાંનું વાતાવરણ હવે સલામત નથી.

### અમેરિકામાં ભારતીય વિદ્યાર્થી સુરક્ષાનો મુદ્દો

આ ઘટનાએ અમેરિકામાં રહેતા ભારતીય યુવાનોની સુરક્ષા અંગે અનેક સવાલો ઉભા કર્યા છે. છેલ્લા કેટલાક સમયથી અમેરિકામાં ભારતીયો પર હુમલાની ઘટનાઓમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે. અંશુલની હત્યાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે વિદેશી ધરતી પર આપણા સંતાનો સુરક્ષિત નથી. શું પિત્ઝા ડિલિવરી જેવી સામાન્ય નોકરી પણ હવે જીવનું જોખમ બની ગઈ છે? આ એક ગંભીર પ્રશ્ન છે જેના પર સરકાર અને વિદેશી એજન્સીઓએ વિચારવું પડશે.

### સૂત્રો દ્વારા મળતી માહિતી અને વહીવટી કાર્યવાહી

ન્યૂયોર્કમાં ભારતીય કોન્સ્યુલેટ જનરલે આ ગંભીર ઘટનાની નોંધ લઈને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, ભારતીય રાજદ્વારીઓ સ્થાનિક અમેરિકન સત્તાવાળાઓ સાથે સતત સંપર્કમાં છે અને આ હત્યા પાછળના મુખ્ય ગુનેગારોને વહેલી તકે જેલના સળિયા પાછળ ધકેલવા માટે દબાણ કરી રહ્યા છે. અધિકારીઓએ આશ્વાસન આપ્યું છે કે અંશુલનો પાર્થિવ દેહ ભારત મોકલવા માટે તમામ પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવામાં આવી રહી છે અને સોમવાર સુધીમાં તે ભારત પહોંચી જશે.

## ન્યૂઝ બ્રીફ

### USમાં ગ્રીન કાર્ડ અને વિઝા નિયમોમાં ફેરફાર થતાં માર્ગ મુશ્કેલ




વોશિંગ્ટન | અમેરિકામાં સ્થાયી થવાનું સપનું જોતા ભારતીયો માટે એક માઠા સમાચાર સામે આવ્યા છે. તાજેતરમાં અમેરિકન વિદેશ મંત્રીએ આપેલા આશ્વાસનો છતાં, હવે રિપબ્લિકન પક્ષના સાંસદે યુએસ કોંગ્રેસમાં એક એવો પ્રસ્તાવ રજૂ કર્યો છે, જે ભારતીયો માટે મોટો આંચકો સાબિત થઈ શકે છે. આ નવા પ્રસ્તાવમાં ગ્રીન કાર્ડ દ્વારા કાયમી વસવાટનો માર્ગ બંધ કરવા અને એચ-૧બી વિઝાની સમયમર્યાદા ઘટાડવાની વાત કરવામાં આવી છે. રિપબ્લિકન સાંસદ ચિપ રોય દ્વારા રજૂ કરવામાં આવેલા આ બિલમાં અનેક કડક જોગવાઈઓ છે. હાલમાં એચ-૧બી વિઝા હેઠળ કામદારો છ વર્ષ સુધી અમેરિકામાં રહી શકે છે, જેને ઘટાડીને માત્ર બે વર્ષ કરવાનો પ્રસ્તાવ છે. આ ઉપરાંત, વિદેશી વિદ્યાર્થીઓને અભ્યાસ બાદ નોકરી કરવા માટે મળતી છૂટ પણ નાબૂદ કરવા રજૂઆત કરવામાં આવી છે. આ પ્રસ્તાવ મુજબ, એચ-૧બી અરજદારે એવું દર્શાવવું પડશે કે તેઓ તેમના મૂળ દેશનું નાગરિકત્વ જાળવી રાખશે અને અમેરિકામાં કાયમી સ્થાયી થવાનો તેમનો કોઈ ઈરાદો નથી. સાંસદ ચિપ રોયે તર્ક આપતા જણાવ્યું હતું કે, છેલ્લા ૪૦ વર્ષથી એચ-૧બી વિઝાનો દુરુપયોગ થઈ રહ્યો છે. કંપનીઓ સસ્તા વિદેશી કામદારોને પસંદ કરીને અમેરિકન નાગરિકોની નોકરીઓ છીનવી રહી છે.

### તાઈવાનની આસપાસ ચીની સેનાની વધતી હિલચાલ



તાઈપેઈ | તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે રવિવારે અહેવાલ આપ્યો છે કે ટાપુ દેશની આસપાસ ચીની સેનાની પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર વધારો થયો છે. મંત્રાલય દ્વારા કરવામાં આવેલા નિરીક્ષણ અનુસાર, તાઈવાનની સીમા નજીક પીપલ્સ લિબરેશન આર્મી (PLA) ના ૪ વિમાનો અને ૧૬ વિવિધ પ્રકારના નૌકાદળના જહાજો અને અધિકૃત જહાજો કાર્યરત જોવા મળ્યા હતા. તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, રવિવારે સવારે ૬ વાગ્યા સુધીમાં આ હિલચાલ નોંધાઈ હતી. તાઈવાનની સશસ્ત્ર દળોએ સમગ્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી છે અને જરૂર જણાયે યોગ્ય વળતો પ્રતિભાવ આપવા માટે તત્પર છે. નોંધનીય છે કે, શનિવારે પણ આવી જ રીતે ૨૨ ચીની લશ્કરી વિમાનો અને ૧૦ જહાજોની હાજરી નોંધવામાં આવી હતી, જેમાંથી ૨ વિમાનોએ તાઈવાનની મધ્ય રેખા ઓળંગીને તેના હવાઈ સંરક્ષણ ઓળખ વિસ્તાર (ADIZ) માં પ્રવેશ કર્યો હતો.

## ઓપરેશન સિંદૂર અને પાકિસ્તાની દંભનો અંત

# બ્રહ્મોસ મિસાઈલની માંગથી ચીન-પાક હચમચ્યા, ચીની ફાઈટર જેટ જે-૧૦ સી નિષ્ફળ

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

વૈશ્વિક સુરક્ષા મંચ પર હાલ ભારતીય બનાવટની બ્રહ્મોસ મિસાઈલ્સનો દબદબો જોવા મળી રહ્યો છે. ચીન અને પાકિસ્તાન દ્વારા કરવામાં આવતા ખોટા પ્રચારના વાદળો વચ્ચે, વાસ્તવિકતા સામે આવતા હવે દુનિયાભરના દેશો ભારતની શક્તિશાળી મિસાઈલ સિસ્ટમ ખરીદવા માટે કતારમાં ઉભા છે. ખાસ કરીને પાકિસ્તાન દ્વારા તેમના ચીની નિર્મિત ફાઈટર જેટ જે-૧૦ સી અંગે કરવામાં આવેલો પ્રોપેગેન્ડા સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થયો છે, જેણે ચીન અને પાકિસ્તાન બંનેની ઊંઘ ઉડાવી દીધી છે.

ગત વર્ષે ભારતે આતંકી સફાયા માટે હાથ ધરેલા 'ઓપરેશન સિંદૂર' બાદ સમગ્ર ભૂ-રાજકીય સમીકરણો બદલાઈ ગયા છે. આ ઓપરેશન દરમિયાન ભારતે પાકિસ્તાનના નૂર ખાન, જેકબાબાદ અને સરગોધા જેવા મહત્વના હવાઈ મથકો અને આતંકી અડ્ડાઓને નિશાન બનાવીને મલ્ટી-ડોમેઈન સ્ટ્રાઈક કરી હતી.

આ નિર્ણાયક કાર્યવાહીમાં ભારતે બ્રહ્મોસ, સ્કાલ્પ, ક્રૂઝ મિસાઈલ્સ અને રાફેલ જેટ્સનું જે અદભૂત સંકલન કર્યું હતું, તેણે દુનિયાને ભારતીય સેનાની તાકાતનો અહેસાસ કરાવી દીધો હતો. પાકિસ્તાન જે જે-૧૦ સી જેટ્સના ગુણગાન ગાતું હતું, તે આ આક્રમણ સામે સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થયા.

### ચીની એન્જિનિયરોએ પણ સ્વીકારી હકીકત

મીડિયા અહેવાલ મુજબ, ચીનની સરકારી મીડિયા પર ચેંગડુ એરક્રાફ્ટ ડિઝાઈન ઈન્સ્ટિટ્યૂટના એન્જિનિયરોએ પણ પરોક્ષ રીતે એ વાતની કબૂલાત કરી હતી કે ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનના એર બેઝ પર હાજર રહેલા તેમના જે-૧૦ સી જેટ્સ માત્ર સપોર્ટ આપવાની ભૂમિકામાં હતા, પરંતુ તેઓ ભારતીય મિસાઈલ હુમલાને રોકવામાં નિષ્ફળ રહ્યા હતા. આ કબૂલાતે પાકિસ્તાનના જૂઠાણાનો પર્દાફાશ કરી દીધો છે.




### દુનિયાભરમાં બ્રહ્મોસની ધૂમ

બ્રહ્મોસ મિસાઈલની ચોકસાઈ અને પ્રહાર કરવાની ક્ષમતાએ વિયેતનામ અને ફિલિપાઈન્સ જેવા દેશોને પ્રભાવિત કર્યા છે, જેના કારણે આ દેશોએ મિસાઈલ્સનો મોટો ઓર્ડર આપ્યો છે. માત્ર આ બે દેશો જ નહીં, પરંતુ ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ અને મલેશિયા જેવા આસિયાન દેશોએ પણ ભારત સાથે બ્રહ્મોસ ખરીદવા માટે સંપર્ક સાધ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રહ્મોસ મિસાઈલની વધતી જતી માંગ ચીન માટે ચિંતાનો વિષય બની ગઈ છે, કારણ કે પાડોશી દેશો હવે ચીની ટેકનોલોજીને બદલે ભારતીય ડિફેન્સ સિસ્ટમ પર વધુ ભરોસો કરી રહ્યા છે.

### વ્યૂહાત્મક મહત્વ અને ભવિષ્ય

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, જૂન ૨૦૨૫ના અહેવાલોમાં સ્પષ્ટ થયું હતું કે પાકિસ્તાને જે રીતે તેના હવાઈ મથકોને સજ્જ કરવાનો પ્રયાસ કર્યો હતો, તેને ભારતની મિસાઈલ ટેકનોલોજીએ માત્ર થોડા કલાકોમાં તોડી પાડ્યા હતા. આ ઘટના બાદ રક્ષણ ક્ષેત્રમાં ભારતની આત્મનિર્ભરતા અને તેની નિકાસ ક્ષમતામાં અનેકગણો વધારો થયો છે.

નિષ્ણાતો માને છે કે, બ્રહ્મોસ માત્ર એક હથિયાર નથી, પરંતુ તે ભારતીય વિદેશ નીતિ અને લશ્કરી કુશળતાનું પ્રતીક બની ગયું છે. જે દેશો પહેલા ચીની શસ્ત્રો પર નિર્ભર હતા, તેઓ હવે ભારત તરફ વળી રહ્યા છે. આ પરિવર્તન એ વાતની સાબિતી છે કે ભારતીય ટેકનોલોજી હવે વૈશ્વિક સ્તરે ઉત્કૃષ્ટતાના માપદંડો સ્થાપિત કરી રહી છે.

ચીન અને પાકિસ્તાન હવે આ વધતા પ્રભાવને રોકવા માટે અસમર્થ જણાય છે. બ્રહ્મોસની આ સફળતા ભારતને 'વૈશ્વિક સંરક્ષણ હબ' બનાવવાની દિશામાં એક મોટું ડગલું છે.

# અફઘાનિસ્તાનમાં ચારની તીવ્રતાનો ભૂકંપ 160 કિમી ઊંડે નોંધાયું કેન્દ્રબિંદુ

(એજન્સી) કાબુલ । તા. 07

અફઘાનિસ્તાનમાં રવિવારે વહેલી સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્ર (NCS) ના અહેવાલ મુજબ, આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૦ નોંધવામાં આવી છે. ધરતીકંપના આ આંચકા ભારતીય સમય અનુસાર રાત્રે ૨:૫૪ વાગ્યે અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્રબિંદુ ૧૬૦ કિમીની ઊંડાઈએ હોવાનું જાણવા મળ્યું છે.આ ભૂકંપના આંચકા ૩૬.૭૪૧ ઉત્તર અક્ષાંશ અને ૭૧.૫૨૫ પૂર્વ રેખાંશ પર નોંધાયા હતા. અફઘાનિસ્તાનનો હિન્દુકુશ પર્વતમાળાનો વિસ્તાર ભૌગોલિક રીતે અત્યંત સક્રિય ભૂકંપ ઝોનમાં આવેલો હોવાથી અહીં વારંવાર ધરતીકંપના આંચકા અનુભવાય છે. રેડ ક્રોસના જણાવ્યા અનુસાર, ભારત અને યુરેશિયન ટેક્ટોનિક પ્લેટોના સંગમ સ્થાને આવેલું હોવાથી અફઘાનિસ્તાન ભૂકંપ પ્રત્યે અત્યંત સંવેદનશીલ છે. યુનાઈટેડ નેશન્સ ઓફિસ ફોર ધ કોઓર્ડિનેશન ઓફ હ્યુમ્યુનિટેરિયન અફેર્સ (UNOCHA) ના અહેવાલ મુજબ, અફઘાનિસ્તાન ભૂકંપ, ભૂસ્ખલન અને મોસમી પૂર જેવી કુદરતી આપત્તિઓ માટે હંમેશા જોખમી સ્થિતિમાં રહે છે. વર્ષોના સંઘર્ષ અને મર્યાદિત વિકાસના કારણે ત્યાંના સમુદાયો કુદરતી આફતોનો સામનો કરવા માટે સક્ષમ નથી. વારંવાર આવતા આવા ભૂકંપના આંચકાઓને લીધે સામાન્ય જનજીવન અને માળખાકીય સુવિધાઓ પર ગંભીર અસર પડે છે.અફઘાનિસ્તાનનો હેરાત પ્રદેશ પણ એક મોટી ફોલ્ટ લાઈન પર આવેલો છે, જેના કારણે ભૂકંપની દ્રષ્ટિએ આખો દેશ જોખમમાં રહે છે. રવિવારે આવેલા આ ભૂકંપના આંચકાથી કોઈ જાન-માલના મોટા નુકસાનના અહેવાલ હાલમાં પ્રાપ્ત થયા નથી, પરંતુ સ્થાનિક તંત્ર પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે.

# ભારતીય વસ્તી ઘટાડાનો ખતરો વધતા મસ્ક ચિંતિત, પ્રજનન દરનો આંકડો બે પોઈન્ટ એકથી નીચે

### દિલ્હીનો દર એક પોઈન્ટ બે પર પહોંચતા ચિંતા

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

વિશ્વના સૌથી વધુ વસ્તી ધરાવતા દેશ ભારતમાં ઘટી રહેલા જન્મ દરને લઈને વૈશ્વિક સ્તરે ચિંતાનું મોજું ફરી વળ્યું છે. દુનિયાના દિગ્ગજ કારોબારી અને અંતરિક્ષ કંપનીના મુખ્ય વડા ઈલોન મસ્કે ભારતની ઘટતી વસ્તીના આંકડા પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. મીડિયા અહેવાલોનો હવાલો આપતા મસ્કે જણાવ્યું છે કે, ભારતમાં જન્મ દર હવે વસ્તીને સ્થિર રાખવા માટે જરૂરી સ્તર કરતાં પણ નીચે સરકી ગયો છે.

દેશના વસ્તી વિજ્ઞાનના આંકડા પર નજર કરીએ તો, પહેલીવાર પ્રજનન દરમાં આટલી ઝડપથી ઘટાડો નોંધાયો છે. માત્ર એક જ દાયકામાં દેશનો કુલ પ્રજનન દર ૨.૩ થી ઘટીને ૧.૯ પર આવી ગયો છે. સૌથી વધુ ચોંકાવનારી બાબત એ છે કે રાજધાની દિલ્હીનો પ્રજનન દર ઘટીને માત્ર ૧.૨ રહ્યો છે, જે યુરોપના ફિનલેન્ડ દેશ કરતાં પણ નીચે છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષિત વર્ગમાં તો આ દર ઘણો સમય પહેલાં જ ચિંતાજનક સ્તરે પહોંચી ગયો હતો.

તાજેતરના અહેવાલો મુજબ, વસ્તીને સ્થિર રાખવા માટે પ્રજનન દર ૨.૧ હોવો અત્યંત અનિવાર્ય છે. આ આંકડાનો સીધો અર્થ એ છે કે સરેરાશ ભારતીય મહિલાઓ હવે એટલી સંખ્યામાં બાળકોને જન્મ નથી આપી રહી, જે એક પેઢીથી બીજી પેઢી સુધી વસ્તીનું કદ જાળવી રાખવા માટે પૂરતું હોય. વર્ષ ૨૦૨૩માં ચીનને પાછળ છોડીને ભારત વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બન્યો હતો, પરંતુ ૧.૪૬ અબજની વસ્તી હોવા છતાં, હવે ઘટતો જન્મ દર દેશ માટે લાંબા ગાળાના પડકારો ઊભા કરી રહ્યો છે.

### ભવિષ્યમાં આર્થિક વિકાસ પર અસર

નિષ્ણાતોના મતે, આ ઘટતો ગ્રાફ આવનારા સમય માટે ખતરનાક સંકેત છે. જો આ જ સ્થિતિ યથાવત રહી તો ભવિષ્યમાં ભારતમાં યુવાનોની સંખ્યામાં ઘટાડો થશે અને વૃદ્ધોની વસ્તી નોંધપાત્ર રીતે વધી જશે. આવી સ્થિતિમાં દેશના આર્થિક વિકાસ પર માઠી અસર પડશે, કારણ કે કામ કરનારા યુવા હાથોની અછત સર્જાશે. સાથોસાથ, વૃદ્ધોની સંભાળ રાખવા માટે તબીબી માળખા પર ભારે દબાણ ઊભું થશે. સ્વાસ્થ્ય અને શિક્ષણમાં સુધારો થયો હોવા છતાં, ૨૪ વર્ષથી ઓછી ઉંમરની મહિલાઓના વહેલા લગ્ન અને ડિલિવરી દરમિયાન થતા મૃત્યુદર જેવી સમસ્યાઓ હજુ પણ ચિંતાનો વિષય છે. હવે જોવાનું એ રહે છે કે સરકાર આ વસ્તી સંતુલન માટે કયા નક્કર પગલાં ભરે છે.

**યોગ** | 12માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની તૈયારી, અમેરિકાના મુખ્ય સ્થળોએ યોગના આયોજન

# અમેરિકામાં ૧૨માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની તૈયારી

(એજન્સી) વોશિંગ્ટન । તા. 07

અમેરિકામાં આ વર્ષે ૧૨માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ન્યૂયોર્કના ટાઈમ્સ સ્ક્વેરથી લઈને વોશિંગ્ટનના ઐતિહાસિક લિંકન મેમોરિયલ સુધીના વિવિધ સ્થળોએ યોગના વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ફિટનેસ અને સ્વાસ્થ્યના ચાહકો શારીરિક ચપળતા અને માનસિક શાંતિ માટે આ પ્રાચીન ભારતીય પદ્ધતિને અપનાવવા ઉત્સુક જોવા મળી રહ્યા છે.

### ઐતિહાસિક સ્થળોએ યોગનો મહિમા

આગામી ૧૯ જૂનના રોજ વોશિંગ્ટન સ્થિત લિંકન મેમોરિયલ ખાતે મુખ્ય કાર્યક્રમ યોજાશે, જેમાં મોટી સંખ્યામાં નાગરિકો અને યોગાભ્યાસીઓ એકત્રિત થશે. તાજેતરમાં ભારતીય દૂતાવાસ દ્વારા ડુપોન્ટ સર્કલ ખાતે એક આઉટડોર યોગ સત્રનું આયોજન કરીને ઉત્સવનો પૂર્વ સંકેત આપવામાં આવ્યો હતો, જેને સ્થાનિક લોકોનો અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો.



ઐતિહાસિક સ્મારકોની આસપાસ આ આયોજન ભારત અને અમેરિકા વચ્ચેના સાંસ્કૃતિક સેતુને વધુ મજબૂત બનાવે છે.

### ન્યૂયોર્ક અને શિકાગોમાં વિશેષ આયોજન

ન્યૂયોર્કના પ્રખ્યાત ટાઈમ્સ સ્ક્વેર ખાતે ૨૧ જૂને આયોજિત વિશાળ કાર્યક્રમમાં યોગ ગુરુ એચ. આર. નાગેન્દ્ર હાજર રહેશે, જેઓ સહભાગીઓને યોગના સૂક્ષ્મ તત્વોથી માહિતગાર કરશે. આ કાર્યક્રમ પહેલા મોન્ટિસેલોમાં ૧૨ થી ૧૪ જૂન દરમિયાન એક ખાસ વેલનેસ રીટ્રીટનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં હોલિસ્ટિક હેલ્થ અને તણાવ મુક્તિ પર ચર્ચા-વિચારણા થશે. બીજી તરફ, શિકાગોના નેવી પિયર ખાતે પણ યોગ દ્વારા આધ્યાત્મિક શાંતિ અને સંતુલિત જીવનશૈલીનો સંદેશ આપવામાં આવશે.

### યોગા ફોર હેલ્ધી એજિંગનો મુખ્ય ઉદ્દેશ્ય

આ વર્ષના આંતરરાષ્ટ્રીય યોગ દિવસની થીમ 'યોગા ફોર હેલ્ધી એજિંગ' રાખવામાં આવી છે. વધતી જતી ઉંમર સાથે શારીરિક ગતિશીલતા જાળવી રાખવા અને લાંબુ સ્વસ્થ જીવન જીવવા માટે યોગ કેટલા અસરકારક છે, તે અંગે જનજાગૃતિ ફેલાવવાનો આ અભિયાનનો મુખ્ય હેતુ છે. વર્ષ ૨૦૧૫માં શરૂ થયેલી આ વૈશ્વિક પરંપરા આજે કરોડો લોકોના જીવનનો એક અભિન્ન ભાગ બની ગઈ છે. ભારતીય દૂતાવાસ અને સ્થાનિક સંગઠનોના સંયુક્ત પ્રયાસોથી અમેરિકાના વિવિધ શહેરોમાં આ વર્ષની ઉજવણી યાદગાર બની રહેશે તેવી અપેક્ષા છે.

# હોર્મુઝ સંકટમાં અમેરિકન કંપનીઓની ધરખમ કમાણી

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

હોર્મુઝની ખાડીમાં સર્જાયેલા અવરોધ અને તંગદિલીથી યુરોપ અને એશિયન દેશો ભલે મુશ્કેલીમાં મુકાયા હોય, પરંતુ આ પરિસ્થિતિનો સૌથી મોટો આર્થિક લાભ અમેરિકાને થઈ રહ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, રશિયન ઓઈલ કંપની રોસનેફ્ટના મુખ્ય કાર્યકારી અધિકારી ઈગોર સેચિને દાવો કર્યો છે કે હોર્મુઝની ખાડી બંધ રહેવાના કારણે અમેરિકન કંપનીઓ ધરખમ કમાણી કરી રહી છે અને વૈશ્વિક ઉર્જા બજારના નિયમોને પોતાની તરફેણમાં વાળી રહી છે.

જાણકાર વર્તુળોનું માનવું છે કે, અમેરિકા હોર્મુઝની ખાડીમાં ચાલી રહેલા સંઘર્ષનો ફાયદો ઉઠાવીને પોતાને મધ્યપૂર્વ અને ઓપેક દેશોના એક મજબૂત વિકલ્પ તરીકે સ્થાપવા પ્રયાસ કરી રહ્યું છે. અમેરિકા પાસે વેનેઝુએલાના ક્રૂડ ઓઈલનો વિશાળ ભંડાર છે અને હવે તે આરબ દેશોની ઈજારાશાહીને ખતમ કરવા માટે આતુર છે. ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા ઈરાન પર લાદવામાં આવેલી આકરી શરતો પાછળનું એક મુખ્ય કારણ અમેરિકન ઓઈલ કંપનીઓની નફાખોરી હોવાનું પણ નિષ્ણાતો જણાવી રહ્યા છે. વર્ષોથી મંદીનો માર વેઠી રહેલી અમેરિકન રિફાઈનરીઓ માટે આ યુદ્ધ એક વરદાન સમાન સાબિત થયું છે.

સેન્ટ પીટર્સબર્ગ ઈન્ટરનેશનલ ઈકોનોમિક ફોરમમાં બોલતાં સેચિને સ્પષ્ટ કર્યું હતું કે, હોર્મુઝની ખાડી બંધ થવી એ માત્ર ઈરાન વિરુદ્ધની કાર્યવાહી નથી, પરંતુ તેણે સમગ્ર વિશ્વને આંચકો આપ્યો છે. આ સમુદ્રી માર્ગ વિશ્વના મહત્વના વ્યાપારિક માર્ગો પૈકીનો એક છે અને તેલના પુરવઠામાં અવરોધ આવતા કિંમતો વર્ષોના ઉચ્ચ સ્તરે પહોંચી ગઈ છે.

## ભારત-બાંગ્લાદેશ સરહદે તંગદીલી

# ભારત-બાંગ્લાદેશ સરહદે ઘૂસણખોરીનો પ્રયાસ બીએસએફ દ્વારા નિષ્ફળ



કોલકાતા: ભારત-બાંગ્લાદેશ સરહદ પર તાજેતરમાં તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ હતી, જ્યારે મોટી સંખ્યામાં બાંગ્લાદેશીઓએ સરહદ ઓળંગીને ભારતમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. કૂચવિહાર જિલ્લાના મેખલીગંજ બ્લોકમાં બનેલી આ ઘટના બાદ બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ) ના જવાનોએ તાત્કાલિક એલર્ટ થઈને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી.

સરહદ નજીક અચાનક મોટી સંખ્યામાં બાંગ્લાદેશી નાગરિકો એકઠા થઈ ગયા હતા. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી તસવીરો અને વીડિયોમાં આ ભીડ સ્પષ્ટપણે જોઈ શકાય છે. આ લોકો ઘૂસણખોરીના ઈરાદે આવ્યા હતા કે કેમ તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન, ૧૦ બાંગ્લાદેશી ઘૂસણખોરોએ ભારતીય સરહદમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ બીએસએફના જવાનોએ તેમની ચપળતા દાખવી આ પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. સરહદ પર વધતા જતા જોખમને જોતા જવાનોની તૈનાતી વધારી દેવામાં આવી છે.

બીજી તરફ, આ પરિસ્થિતિમાં બાંગ્લાદેશ તરફથી પણ ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ (બીજીબી) એ દાવો કર્યો છે કે ભારત દ્વારા તેમના નાગરિકોને બળજબરીથી બાંગ્લાદેશમાં ઘૂસાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. લાલમોનિરહાટ, પંચગઢ અને નૌગાંવ જેવા ક્ષેત્રોમાં ભારતીય સુરક્ષા દળો દ્વારા લોકોને મોકલવાનો પ્રયાસ થયો હોવાનો બાંગ્લાદેશનો આરોપ છે. જોકે, ભારતીય સુરક્ષા એજન્સીઓ અને બીએસએફ દ્વારા આ તમામ દાવાઓને સદંતર પાયાવિહોણા અને ખોટા ગણાવીને ફગાવી દેવામાં આવ્યા છે.હાલમાં પશ્ચિમ બંગાળના સરહદી વિસ્તારોમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ રહ્યા છે, જેઓ પરત બાંગ્લાદેશમાં પ્રવેશવા માટે મથામણ કરી રહ્યા છે. બાંગ્લાદેશ સરકાર હવે પોતાના જ નાગરિકોને સ્વીકારવા માટે તૈયાર નથી, જેના કારણે સરહદ પર માનવીય અને સુરક્ષા સંબંધિત પ્રશ્નો જટિલ બની રહ્યા છે. નિષ્ણાતોના મતે, આ ઘટનાક્રમ પાછળ કોઈ સુનિયોજિત રાજકીય વ્યૂહરચના પણ હોઈ શકે છે. બીએસએફ સતત સરહદ પર નજર રાખી રહ્યું છે અને કોઈપણ અપ્રિય ઘટનાને ટાળવા માટે સખત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. દેશની સુરક્ષા સાથે બાંધછોડ ન થાય તે માટે સુરક્ષા દળો હાઈ-એલર્ટ પર છે. સરહદી ગામડાઓમાં પણ લોકોમાં ફેલાયેલી ચિંતાને દૂર કરવા માટે વહીવટીતંત્ર દ્વારા સતત સમજાવટ કરવામાં આવી રહી છે.

# સીબીએસઈના ત્રીજી ભાષાના નિર્ણય સામે કોંગ્રેસનો વિરોધ

(એજન્સી) નવી દિલ્હી | તા.07

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા ધોરણ ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ માટે ત્રીજી ભાષા ફરજિયાત બનાવતા શિક્ષણ જગતમાં નવો વિવાદ સર્જાયો છે. આ નિર્ણયને કોંગ્રેસે "મનસ્વી અને અણઘડ" ગણાવીને તત્કાળ પાછો ખેંચવા માટે સરકારને રજૂઆત કરી છે. સીબીએસઈ દ્વારા ૧૫ મેના રોજ જાહેર કરવામાં આવેલા નોટિફિકેશન મુજબ, ૧ જુલાઈ ૨૦૨૬થી ધોરણ ૯ના વિદ્યાર્થીઓ માટે ત્રણ ભાષાઓ (R1, R2, R3) ભણવી ફરજિયાત રહેશે, જેમાં ઓછામાં ઓછી બે ભાષાઓ ભારતીય મૂળની હોવી જરૂરી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે દાવો કર્યો છે કે આ નિર્ણય સીબીએસઈની ગવર્નિંગ બોડીના પોતાના જ અગાઉના નિર્ણયથી વિપરિત છે. તેમના મતે, ડિસેમ્બર ૨૦૨૫ની બેઠકમાં નક્કી કરવામાં આવ્યું હતું કે જ્યાં સુધી એનસીઈઆરટી (NCERT) દ્વારા ગ્રેડેડ પાઠ્યપુસ્તકો બહાર ન પડે ત્યાં સુધી અગાઉની શિક્ષણ યોજના ચાલુ રાખવી. કોંગ્રેસના નેતા દિગ્વિજય સિંહે આ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને વાલીઓની ચિંતા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું છે કે, ચાલુ શૈક્ષણિક સત્રની વચ્ચે આ રીતે અચાનક નવી ભાષાનો બોજ લાદવો વિદ્યાર્થીઓ માટે અયોગ્ય છે. વિશેષ કરીને દક્ષિણ અને ઉત્તર-પૂર્વના રાજ્યો માટે આ સ્થિતિ વધુ કઠિન છે, કારણ કે ત્યાં હિન્દી ભાષાનું પ્રચલન ઓછું છે અને ઘણા સ્થાનિક આદિવાસી જૂથોની ભાષાઓ સીબીએસઈની માન્ય યાદીમાં નથી.



સીબીએસઈએ સ્પષ્ટ કર્યું છે કે વિદ્યાર્થીઓ પર માનસિક તાણ ન વધે તે માટે ત્રીજી ભાષાની કોઈ બોર્ડ પરીક્ષા લેવામાં આવશે નહીં. આ વિષયનું સંપૂર્ણ મૂલ્યાંકન શાળા સ્તરે જ આંતરિક રીતે કરવામાં આવશે. જો કે, કોંગ્રેસે આ દલીલને નકારી કાઢી છે અને માંગ કરી છે કે શૈક્ષણિક આયોજનના તમામ નિયમોને ધ્યાનમાં રાખીને જ કોઈ પણ મોટા ફેરફારો કરવામાં આવે.

આ મુદ્દે હવે રાજકીય ગરમાવો વધવાની શક્યતા છે, કારણ કે વિરોધ પક્ષે આ નિર્ણયને શૈક્ષણિક માળખા સાથેની ચેડા ગણાવ્યા છે.

## News Brief

### બિહારમાં સુરક્ષા વ્યવસ્થા અને બંગલો મુદ્દે રાજકીય વિવાદ

પટના: બિહારના રાજકીય માહોલમાં હાલ ખૂબ જ તણાવ જોવા મળી રહ્યો છે. પૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવીના નિવાસસ્થાન ૧૦ સર્ક્યુલર રોડ ખાતે આરજેડીના કાર્યકરોએ ૨૪ કલાક પહેરો શરૂ કર્યો છે. આ વિવાદ ત્યારે વકર્યો જ્યારે બિહાર સરકારે લાલુ પ્રસાદ યાદવ અને રાબડી દેવીની ઝેડ-પ્લસ સુરક્ષા પાછી ખેંચવાનો નિર્ણય લીધો અને તેમને સરકારી બંગલો ખાલી કરવા માટે ૧૫ દિવસની અંતિમ નોટિસ ફટકારી.

સરકારના સુરક્ષા અંગેના નવા પ્રોટોકોલના વિરોધમાં લાલુ પ્રસાદ યાદવ અને રાબડી દેવીએ તેમની સુરક્ષામાં તૈનાત બાકીના સુરક્ષાકર્મીઓને પણ પરત મોકલી દીધા છે. આ પગલાને પગલે તેજસ્વી યાદવે પણ પોતાની સંપૂર્ણ સુરક્ષા વ્યવસ્થા પરત કરવાનો નિર્ણય લીધો છે. આરજેડી નેતા શક્તિ યાદવે બિહાર સરકાર પર ગંભીર આરોપ લગાવતા કહ્યું કે, સરકાર જાણીજોઈને યાદવ પરિવારને નિશાન બનાવી રહી છે અને રાજ્યના દિગ્ગજ નેતાઓને અપમાનિત કરવાનો પ્રયાસ કરી રહી છે.

બિહાર સરકારે ૧૦ સર્ક્યુલર રોડનો આ બંગલો બિહારના મંત્રી નંદ કિશોર રામને ફાળવ્યો છે. સરકારનું કહેવું છે કે રાબડી દેવીને વિરોધ પક્ષના નેતા તરીકે હાર્ડિંગ રોડ પર વૈકલ્પિક નિવાસસ્થાન ફાળવવામાં આવ્યું હતું, પરંતુ તેમણે હજુ સુધી તે ખાલી કર્યું નથી. સામે પક્ષે, રાબડી દેવીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે કે, "તેઓ પોલીસ ફોર્સ બોલાવીને બંગલો ખાલી કરાવી શકે છે, પરંતુ હું જાતે આ ઘર ખાલી નહીં કરું."

## શ્રધ્ધાળુઓનું આગમન : દર્શન માટે નવો રેકોર્ડ બનવાની શક્યતા

# ચારધામ યાત્રામાં ૫૫ દિવસમાં ૩૧ લાખ શ્રધ્ધાળુઓએ દર્શન કર્યા

(એજન્સી) નવી દિલ્હી | તા.07

ઉત્તરાખંડમાં ૧૯ એપ્રિલથી શરૂ થયેલી પવિત્ર ચારધામ યાત્રા ૨૦૨૬ સફળતાના નવા સોપાન સર કરી રહી છે. યાત્રાના માત્ર ૫૫ દિવસના ટૂંકા ગાળામાં ૩૧ લાખથી વધુ શ્રધ્ધાળુઓએ ચારધામના દર્શન કરી એક નવો રેકોર્ડ સ્થાપિત કર્યો છે. ગત વર્ષે કુલ ૫૧ લાખ શ્રધ્ધાળુઓએ દર્શન કર્યા હતા, જે આંકડાને આ વર્ષે તોડવાની પ્રબળ સંભાવના છે.આંકડાકીય માહિતી મુજબ, કેદારનાથ ધામમાં સૌથી વધુ ૧૧ લાખ ૫ હજાર ૬૭૬ શ્રધ્ધાળુઓએ દર્શનનો લાભ લીધો છે. ત્યારબાદ બદ્રીનાથ ધામમાં ૯ લાખ ૮ હજાર ૬૧૯, ગંગોત્રીમાં ૫ લાખ ૨૮ હજાર ૪૦૬ અને યમુનોત્રીમાં ૫ લાખ ૭ હજાર ૪૨૧ ભક્તોએ દર્શન પૂર્ણ કર્યા છે. મોટી સંખ્યામાં ઉમટી રહેલા શ્રધ્ધાળુઓ ઉત્તરાખંડની આધ્યાત્મિક ઓળખ અને યાત્રા પ્રત્યેનો તેમનો અતૂટ વિશ્વાસ દર્શાવે છે.પ્રવાસીઓની સતત વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને ઉત્તરાખંડ પ્રશાસન દ્વારા સુરક્ષાની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. સમગ્ર યાત્રા માર્ગ પર સીસીટીવી



કેમેરા અને ડ્રોન દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. કેદારનાથ અને બદ્રીનાથ જેવા મુખ્ય માર્ગો પર ટ્રાફિકની સમસ્યા સર્જાતી હોવાથી, પ્રશાસન દ્વારા વાહન વ્યવહારનું યોગ્ય સંચાલન કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે જેથી શ્રધ્ધાળુઓને કોઈ મુશ્કેલી ન પડે.

ચારધામ યાત્રામાં લાખોની સંખ્યામાં શ્રધ્ધાળુઓનું આગમન સ્થાનિક લોકો માટે આર્થિક સમૃદ્ધિ લઈને આવ્યું છે. હોટલ, રેસ્ટોરન્ટ, ધાબા અને ખાણીપીણીના વેપારીઓ તથા ઘોડા-ખચ્ચર ચલાવતા સ્થાનિકો માટે આ સમય કમાણીનો મોટો સ્ત્રોત બન્યો છે. આ ઉપરાંત, ટેક્સી, બસ અને ટૂર ટ્રાવેલ્સના વ્યવસાયમાં પણ અનેકગણો વધારો થયો છે. યાત્રિકોની વધતી સંખ્યાને કારણે માળખાગત સુવિધાઓના વિકાસમાં પણ વેગ મળ્યો છે, જે સ્થાનિક રોજગારીમાં મહત્વનું યોગદાન આપી રહ્યો છે.યાત્રાની આ જ ગતિ જળવાઈ રહેશે તો ૨૦૨૬નું વર્ષ રેકોર્ડબ્રેક પ્રવાસીઓ માટે જાણીતું બની રહેશે. પ્રશાસન અને સ્થાનિક તંત્ર શ્રધ્ધાળુઓને સુખદ અને સુરક્ષિત દર્શન કરાવવા માટે કટિબદ્ધ છે.

## સીબીએસઈમાં ગેરરીતિનો પર્દાફાશ: ૧૮ વર્ષના સાર્થકને રાહુલ ગાંધીએ બિરદાવ્યા



નવી દિલ્હી: સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) ની પરીક્ષાઓમાં ઓન-સ્ક્રીન માર્કિંગ (OSM) સિસ્ટમને લઈને સર્જાયેલા વિવાદમાં હવે ૧૮ વર્ષના સાર્થક સિદ્ધાંત અને તેમના સાથી નિસર્ગની ભૂમિકા ચર્ચાના કેન્દ્રમાં છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આ વિદ્યાર્થીઓના પ્રયાસોની પ્રશંસા કરતા તેને "યુવાશક્તિની જીત" ગણાવી છે. સાર્થક અને નિસર્ગે સીબીએસઈ અને સર્વિસ પ્રોવાઈડર કંપની 'કોમ્પટ' (COEMPT) વચ્ચે કથિત મિલીભગતને ખુલ્લી પાડી હતી. તેમણે ધોરણ ૧૨ની પરીક્ષાઓમાં ઉપયોગમાં લેવાતી OSM સિસ્ટમમાં રહેલી ખામીઓ અને વિસંગતતાઓને પુરાવા સાથે રજૂ કરી હતી. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર લખ્યું કે, "આ કામ દેશના મોટા મીડિયા હાઉસ અને તપાસકર્તા પત્રકારો ન કરી શક્યા, જે આ ૧૮ વર્ષના બાળકોએ કરી બતાવ્યું છે." તેમણે કટાક્ષ કરતા કહ્યું કે, મોદી સરકાર ઈચ્છે છે કે યુવાનો માત્ર 'રીલ' બનાવે, પણ આ વિદ્યાર્થીઓએ પ્રશ્નો ઉઠાવીને સિસ્ટમને પડકારી છે.સંસદીય સ્થાયી સમિતિ સમક્ષ સાર્થકના પ્રેઝન્ટેશન બાદ મામલો ગંભીર બનતા સરકારે તાત્કાલિક એક સભ્યની તપાસ સમિતિ બનાવી છે. એસ. રાધા ચૌહાણની અધ્યક્ષતામાં આ સમિતિ સીબીએસઈની OSM સિસ્ટમની ખરીદી સંબંધિત બાબતોની તપાસ કરશે અને એક મહિનામાં પોતાનો અહેવાલ સોંપશે. આ વિવાદ બાદ સીબીએસઈના ચેરમેન રાહુલ સિંહ અને સેક્રેટરી હિમાંશુ ગુપ્તાની બદલી કરી દેવામાં આવી છે. સાયબર સુરક્ષા એજન્સીઓ પણ હવે રી-ઈવેલ્યુએશન પોર્ટલ પર નજર રાખી રહી છે.સંસદીય પેનલના અધ્યક્ષ દિગ્વિજય સિંહે જણાવ્યું હતું કે તમામ સભ્યો પરીક્ષા પદ્ધતિમાં સુધારાની માંગ કરી રહ્યા છે. તેમણે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની પણ માંગ કરી છે. દરમિયાન, સીબીએસઈનું રી-ઈવેલ્યુએશન પોર્ટલ વિદ્યાર્થીઓ માટે ખુલ્લું છે, જ્યાં તેઓ ડિજિટલ પેમેન્ટના માધ્યમથી અરજી કરી શકે છે.

## ભાજપના મહિલા નેતાનું પિસ્તોલમાંથી આકસ્મિક ફાયરિંગ થતા મોત

જબલપુર: મધ્યપ્રદેશના જબલપુર જિલ્લાના રાંઝી પોલીસ સ્ટેશન હેઠળના ન્યૂ શોભાપુર વિસ્તારમાં શનિવારે મોડી રાત્રે એક સનસનાટીભરી અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીં ભાજપના મહિલા નેતા સંગીતા રજકનું પોતાની જ લાયસન્સવાળી પિસ્તોલમાંથી આકસ્મિક રીતે ગોળી છૂટી જતાં કરૂણ મોત નીપજ્યું છે. આ અકસ્માત બાદ સ્થાનિક રાજકીય વર્તુળોમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. શનિવારે મોડી રાત્રે આશરે ૧ થી ૨ વાગ્યાની વચ્ચે સંગીતા રજકના ઘરની બહાર કેટલાક અજાણ્યા લોકો દ્વારા ગાળાગાળી અને શોરબકોર કરવામાં આવી રહ્યો હતો. અવાજ સાંભળીને સંગીતા રજક તેમના પતિ બંટી રજક સાથે ઘરની બહાર આવ્યા હતા. પતિ-પત્નીએ હંગામો મચાવતા લોકોને ઠપકો આપતા માહોલ વધુ તંગ બન્યો હતો. પરિસ્થિતિની ગંભીરતાને જોઈ સંગીતા રજક ગુસ્સામાં ઘરની અંદર ગયા અને પોતાની લાયસન્સવાળી પિસ્તોલ લઈને બહાર આવ્યા હતા.



તણાવપૂર્ણ માહોલ અને અફરાતફરીની સ્થિતિમાં અચાનક પિસ્તોલનું ટ્રિગર દબાઈ ગયું હતું. ગોળી સીધી સંગીતા રજકના પેટમાં વાગી હતી, જેના કારણે તેઓ લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યા હતા. પરિવારજનો તેમને તાત્કાલિક હોસ્પિટલ લઈ ગયા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમણે દમ તોડી દીધો હતો. ઘટનાની જાણ થતા જ પોલીસના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે.સંગીતા રજક ભાજપના સક્રિય નેતા હતા. તેમણે ગત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ગોકલપુર વોર્ડમાંથી કાઉન્સિલરની ચૂંટણી લડી હતી અને આગામી ચૂંટણી માટે પણ તૈયારી કરી રહ્યા હતા. તેમના પતિ બંટી રજક પણ રાજકીય રીતે સક્રિય છે અને ધારાસભ્યના પ્રતિનિધિ રહી ચૂક્યા છે. થોડા દિવસો પહેલા જ તેમના ઘર પર અજાણ્યા બદમાશો દ્વારા બોમ્બ ફેંકવાની અને કાર તોડફોડની ઘટના બની હતી, જેની ફરિયાદ અગાઉ નોંધાવવામાં આવી હતી.

રાંઝી પોલીસના જણાવ્યા અનુસાર, પ્રાથમિક દ્રષ્ટિએ આ મામલો આકસ્મિક ફાયરિંગ (Accidental Firing) હોવાનું જણાય છે, પરંતુ પોલીસ તમામ પાસાઓ પર બારીકાઈથી તપાસ કરી રહી છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે મોડી રાત્રે વિવાદ કયા કારણોસર થયો હતો અને તે લોકો કોણ હતા. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચર્ચા જગાવી છે.

## મોદી સરકાર સામે કોંગ્રેસનું હલ્લાબોલ દેશભરમાં જનઆંદોલનનું એલાન

(એજન્સી) નવી દિલ્હી | તા.07

કોંગ્રેસ પાર્ટીએ દેશમાં દલિતો, આદિવાસીઓ, પછાત વર્ગો અને લઘુમતીઓ પર વધી રહેલા અત્યાચારોને મુદ્દો બનાવી મોદી સરકાર વિરુદ્ધ આક્રમક રણનીતિ અપનાવી છે. પાર્ટીએ આ વર્ગોના હિતોનું રક્ષણ કરવા માટે દેશભરમાં જનઆંદોલનનું એલાન કર્યું છે. એક તરફ ભારતીય યુવા કોંગ્રેસ NEET પેપર લીકને લઈને રસ્તા પર છે, ત્યારે હવે મુખ્ય કોંગ્રેસના વિભાગો પણ ભાજપ સરકાર સામે એકસાથે મેદાનમાં ઉતરી રહ્યા છે.દિલ્હીમાં યોજાયેલી કોંગ્રેસના અનુસૂચિત જાતિ વિભાગ અને લઘુમતી વિભાગની સંયુક્ત બેઠકમાં આંદોલનની રૂપરેખા નક્કી કરવામાં આવી છે. આગામી ૨૦ જુલાઈના રોજ દિલ્હીના જંતર-મંતર ખાતે એક વિશાળ વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં દેશભરમાંથી દલિત અને લઘુમતી સમુદાયના સાંસદો, ધારાસભ્યો



અને અન્ય પ્રતિનિધિઓ સહભાગી થશે. જૂન મહિનાના ત્રીજા સપ્તાહમાં લખનઉમાં મોટી સંયુક્ત બેઠક યોજીને આ અભિયાનને જિલ્લા અને પાયાના સ્તરે લઈ જવાની યોજના છે. કોંગ્રેસના નેતા ઈમરાન પ્રતાપગઢી અને રાજેન્દ્ર પાલ ગૌતમે જણાવ્યું હતું કે, આ આંદોલનનો મુખ્ય હેતુ બંધારણ દ્વારા આપવામાં આવેલા સમાન અધિકારો અને ન્યાયની ખાતરી આપવાનો છે. પાર્ટીએ વચન આપ્યું છે કે દેશમાં જ્યાં પણ કોઈ સંવેદનશીલ વ્યક્તિ પર અત્યાચાર થશે, ત્યાં કોંગ્રેસના નેતાઓ તેમની સાથે ઊભા રહેશે. જરૂર પડ્યે પીડિતોને કાનૂની, વહીવટી અને સામાજિક સહાય પૂરી પાડવામાં આવશે. રાજેન્દ્ર પાલ ગૌતમે ઉમેર્યું કે આ અભિયાનમાં આદિવાસી, ઓબીસી અને ગરીબ સામાન્ય વર્ગના લોકોને પણ જોડવામાં આવશે, જેથી સમાજના તમામ નબળા વર્ગોનો અવાજ બુલંદ બને.

યુવા કોંગ્રેસ દ્વારા દેશભરમાં NEET પેપર લીક મુદ્દે પહેલેથી જ વિરોધ પ્રદર્શનો ચાલી રહ્યા છે. ૨૯ મેથી શરૂ થયેલા આ વિરોધ કાર્યક્રમો હવે ૧૩ જૂનના રોજ ગુજરાત, ૧૪ જૂનના રોજ ચંદીગઢ, ૧૫-૧૬-૧૭ જૂનના રોજ મધ્યપ્રદેશ સહિત ૨૨ જૂન સુધી દેશના વિવિધ રાજ્યોમાં વિસ્તૃત થશે. સરકાર પર ગંભીર સવાલો ઉઠાવતા કોંગ્રેસ નેતાઓએ સ્પષ્ટ કર્યું છે કે, તેઓ વર્તમાન સરકારની નીતિઓ સામે મૌન રહેવાના નથી. રાજકીય વિશ્લેષકો આને આવનારી ચૂંટણીઓ પહેલા વોટબેંકને સક્રિય કરવાની અને જમીની સ્તરે પકડ મજબૂત કરવાની કોંગ્રેસની મોટી કવાયત તરીકે જોઈ રહ્યા છે.

# નાણાકીય વર્ષ 2026-27 ની શરૂઆત દરમિયાન NFR એ સતત નૂર કામગીરી નોંધાવી, મે મહિનામાં 1034 રેક અનલોડ કર્યા

માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) એ મે 2026 માં તેનું મજબૂત નૂર પ્રદર્શન ચાલુ રાખ્યું, અનલોડિંગ પ્રવૃત્તિમાં નોંધપાત્ર સિદ્ધિ નોંધાવી. મહિના દરમિયાન, સમગ્ર ઝોનમાં 1034 નૂર રેક અનલોડ કરવામાં આવ્યા, જે નાણાકીય વર્ષ 2026-27 દરમિયાન ઝોન માટે સ્થિર શરૂઆત દર્શાવે છે.સમગ્ર મહિના દરમિયાન, NFR એ ખાદ્ય અનાજ, ખાદ્ય ગ્રેડ વસ્તુઓ, ખાતરો, ખાંડ, SNTP-કોલસો, મીઠું, ટાંકી અને અન્ય માલ સહિત આવશ્યક અને ઔદ્યોગિક ચીજવસ્તુઓનું સરળ પરિવહન સુનિશ્ચિત કર્યું. આ માલસામાનને તેના અધિકારક્ષેત્રમાં વિવિધ માલસામાન શેડ પર કાર્યક્ષમ રીતે હેન્ડલ કરવામાં આવ્યા હતા, જે સમયસર પુરવઠો અને કાર્યકારી વિશ્વસનીયતા સુનિશ્ચિત કરે છે.માલસામાન ટ્રાફિકનો નોંધપાત્ર હિસ્સો ઉત્તરપૂર્વીય રાજ્યોની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે સમર્પિત



હતો. આસામમાં સૌથી વધુ ૫૫૭ રેક અનલોડિંગ થયું હતું, જેમાં ૨૭૧ રેક આવશ્યક ચીજવસ્તુઓ અને ૨૮૬ રેક બિન-આવશ્યક ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે, જે જાહેર વિતરણ પ્રણાલી, ઔદ્યોગિક પ્રવૃત્તિઓ અને દૈનિક ગ્રાહકોની જરૂરિયાતોને ટેકો આપવામાં રેલવેની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂકે છે. આ જ સમયગાળા દરમિયાન, ત્રિપુરામાં ૭૪ રેક, નાગાલેન્ડમાં ૩૪ રેક, મણિપુરમાં ૨૦ રેક, અરુણાચલ પ્રદેશમાં ૧૦ રેક, મિઝોરમમાં ૮ રેક અને મેઘાલયમાં ૧ રેક અનલોડ કરવામાં આવ્યા હતા.આ ઉપરાંત, પશ્ચિમ બંગાળમાં ૧૯૬ રેક અનલોડિંગ નોંધાયું હતું, જ્યારે બિહારમાં ૧૩૪ રેક અનલોડિંગ થયું હતું જેમાં આવશ્યક અને બિન-આવશ્યક બંને પ્રકારની ચીજવસ્તુઓનો સમાવેશ થતો હતો, જે સમગ્ર પ્રદેશમાં પ્રાદેશિક પુરવઠા શૃંખલાઓ, વેપાર જોડાણ અને આર્થિક પ્રવૃત્તિઓને વધુ મજબૂત બનાવે છે.આવશ્યક ચીજવસ્તુઓ અને ઔદ્યોગિક ચીજવસ્તુઓની હિલચાલ જાહેર જરૂરિયાતોને પહોંચી વળવા અને સમગ્ર પ્રદેશમાં આર્થિક પ્રવૃત્તિઓને ટેકો આપવા માટે મહત્વપૂર્ણ રહે છે.

## ૧૬ રાજ્યોમાં તોફાની વરસાદનું એલર્ટ

### મહારાષ્ટ્ર સહિત ૭ રાજ્યોમાં ચોમાસાનું આગમન

નવી દિલ્હી: દેશમાં દક્ષિણ-પશ્ચિમ મોનસૂને હવે પોતાની ગતિ પકડી લીધી છે. હવામાન વિભાગ (IMD) ના તાજા અહેવાલ મુજબ, ચોમાસું મહારાષ્ટ્રમાં પ્રવેશ કરી ચૂક્યું છે. ૪ જૂનના રોજ કેરળના દરિયાકાંઠે દસ્તક આપ્યા બાદ માત્ર ૪૮ કલાકમાં જ તે દેશના સાત રાજ્યોમાં પહોંચી ગયું છે. હાલમાં કેરળ, કર્ણાટક, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, મણિપુર અને મિઝોરમમાં ચોમાસાના વાદળો છવાઈ ગયા છે. આ સાથે જ ગોવા અને આંધ્રપ્રદેશમાં પણ ચોમાસાની વ્યાપક અસર જોવા મળી રહી છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી એક અઠવાડિયા દરમિયાન કેરળ, કર્ણાટક, તમિલનાડુ અને પૂર્વોત્તરના રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે. આ વિસ્તારોમાં ૭ થી ૨૦ સેમી સુધીનો વરસાદ ખાબકી શકે છે. આ વર્ષે ચોમાસું સામાન્ય સમય કરતા ત્રણ દિવસ મોડું પહોંચ્યું છે. આગામી ૨ થી ૫ દિવસમાં મોનસૂન મહારાષ્ટ્રના બાકીના ભાગો, તેલંગાણા, છત્તીસગઢ, ઓડિશા અને પૂર્વોત્તરમાં આગળ વધશે તેવી પ્રબળ શક્યતા છે.

હવામાન વિભાગે ૭ જૂનના રોજ દેશના ૧૬ રાજ્યોમાં તેજ પવન અને વાવાઝોડા સાથે વરસાદનું એલર્ટ જારી કર્યું છે. આ રાજ્યોમાં ઉત્તર પ્રદેશ, ઝારખંડ, કર્ણાટક, લદ્દાખ, ઓડિશા, કેરળ, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, આંદામાન અને નિકોબાર, ઉત્તરાખંડ, ગોવા, હિમાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર, પુડુચેરી, મણિપુર અને ત્રિપુરાનો સમાવેશ થાય છે. અહીં આકાશી વીજળી પડવાનો પણ મોટો ખતરો છે. બીજી તરફ, બિહારના પટના, ગયા, જમશેદપુર સહિતના અનેક જિલ્લાઓમાં ૭ જૂન માટે વરસાદનું 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે.એક તરફ જ્યાં દેશના અડધા ભાગમાં મેઘરાજાની એન્ટ્રી થઈ છે, તો બીજી તરફ ઉત્તર ભારતના રાજ્યો હજુ પણ કાળઝાળ ગરમીમાં શેકાઈ રહ્યા છે. હરિયાણા, પંજાબ, પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને ઓડિશાના મોટા ભાગોમાં ૮ થી ૧૨ જૂન દરમિયાન તીવ્ર લૂ (હીટવેવ) ચાલવાની આશંકા છે. પશ્ચિમ યુપીમાં ૧૨ જૂન સુધી લૂનું એલર્ટ છે, જ્યારે પૂર્વી યુપીના કેટલાક જિલ્લાઓમાં આંધી-તોફાન સાથે વરસાદની સંભાવના છે.

## કાશ્મીર-હિમાચલમાં કુદરતી આપત્તિનો માહોલ | ભૂકંપના આંચકા અને વાદળ ફાટતા ભય

# કાશ્મીરમાં ૪ દિવસમાં ૪ વાર વાદળ ફાટ્યા હિમાચલમાં ભૂકંપ

(એજન્સી) જમ્મુ-કાશ્મીર/હિમાચલ પ્રદેશ | તા.07

દેશના પહાડી રાજ્યોમાં કુદરતી આફતોનો સિલસિલો યથાવત છે. જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડમાં છેલ્લા ચાર દિવસમાં ચાર અલગ-અલગ જગ્યાએ વાદળ ફાટવાની ઘટનાઓ સામે આવી છે, જેનાથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. બીજી તરફ, હિમાચલ પ્રદેશમાં રાત્રિ દરમિયાન ભૂકંપના ત્રણ આંચકા અનુભવાતા લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

હિમાચલ પ્રદેશમાં રાત્રિના સમયે એક પછી એક ભૂકંપના ત્રણ આંચકા અનુભવાયા હતા. પ્રથમ આંચકો રાત્રે ૧૦ વાગ્યે ૫.૦ ની તીવ્રતાનો હતો, ત્યારબાદ ૧૧ વાગ્યે ૨.૮ અને ૧૧:૫૨ કલાકે ૩.૦ ની તીવ્રતાના આંચકા અનુભવાયા હતા. આ ભૂકંપને કારણે રાજ્યના કેટલાક વિસ્તારોમાં મકાનો ધરાશાયી થયાના અહેવાલ છે, જેનાથી લોકોને ભારે નુકસાન વેઠવું પડ્યું છે. આ



આંચકાઓને પગલે સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ છે અને પ્રશાસન નુકસાનનો અંદાજ મેળવી રહ્યું છે.

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ, ડોડા અને રિયાસી જેવા પહાડી વિસ્તારોમાં ભારે વરસાદ અને વાદળ ફાટવાની ઘટનાઓ ચિંતાનો વિષય બની છે. ચાર દિવસમાં ચાર વાર વાદળ ફાટવાથી પહાડી વિસ્તારોમાં જમીન ધસી પડવાની (ભુસ્ખલન) ગંભીર ભીતિ સર્જાઈ છે. સતત થઈ રહેલા ભારે વરસાદને કારણે નદીઓના જળસ્તરમાં પણ વધારો જોવા મળી રહ્યો છે.

આપત્તિજનક સ્થિતિને ધ્યાનમાં રાખીને, કિશ્તવાડ પ્રશાસને સાવચેતીના પગલાં રૂપે મચૈલ માતા અને મિંધલ માતાની ધાર્મિક યાત્રાને હાલ પૂરતી સ્થગિત કરી દીધી છે. શ્રદ્ધાળુઓને હાલ યાત્રા પર ન નીકળવાની અને પહાડી વિસ્તારોમાં નદીઓના કિનારેથી દૂર રહેવાની કડક સૂચના આપવામાં આવી છે. બીજી તરફ, જમ્મુના મેદાની વિસ્તારોમાં ગરમીનો કહેર હજુ પણ યથાવત છે, જેના કારણે સામાન્ય જનતા બેવડી મુશ્કેલીનો સામનો કરી રહી છે.

પ્રશાસન દ્વારા લોકોને સતર્ક રહેવા અને કોઈપણ પ્રકારની અફવાઓથી બચવા અપીલ કરવામાં આવી છે. રેસ્ક્યુ ટીમ અને સ્થાનિક વહીવટીતંત્ર પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે જેથી કોઈ જાનહાનિ ન થાય. પહાડી વિસ્તારોમાં રહેતા લોકોને સલામત સ્થળે સ્થળાંતર કરવા માટે પણ સૂચનાઓ આપવામાં આવી છે.

સિટી એક્સપ્રેસ

MONDAY 08 JUNE-2026

AHMEDABAD

## ગાંધીનગરમાં આંગડિયા પેઢીના કર્મચારીને લૂંટનારી મહેસાણાની ત્રિપુટી ઝડપાઈ

ગાંધીનગર | ગાંધીનગરના પેથાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગત 2 જૂનના રોજ આંગડિયા પેઢીના કર્મચારીને નિશાન બનાવીને 1.10 લાખની લૂંટને અંજામ આપનારી મહેસાણાની ત્રિપુટીને લોકલ ક્રાઈમ બ્રાન્ચે ગણતરીના દિવસોમાં દબોચી લીધી છે. પોલીસે આરોપીઓ પાસેથી લૂંટની રોકડ રકમ, બાઈક અને મોબાઈલ સહિત કુલ 1.82 લાખનો મુદ્દામાલ જપ્ત કરી ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો છે. આ દરમિયાન વાવોલ-કોલવડા રોડ પર પાછળથી આવેલા ત્રણ અજાણ્યા શખ્સોએ તેમની બાઈકને આંતરી, ઝપાઝપી કરી 1.10 લાખની રોકડ ભરેલી બેગ ઝૂંટવીને ફરાર થઈ ગયા હતા.

## ઈકો અને ટ્રકની ટક્કરે 4નાં મોત, 4ને ઈજા : એક્સપ્રેસ વે પર અકસ્માત

વડોદરા | વડોદરા પાસેથી પસાર થતો દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર ગત(6 જૂન) મોડી રાત્રે એક અકસ્માત સર્જાયો હતો. સમિયાલા નજીક એક ઈકો કાર અને ટ્રક વચ્ચે થયેલી ટક્કરમાં ચાર લોકોના મોત નીપજ્યા 4 લોકો સારવાર હેઠળ છે. પરિવાર મહેસાણા તરફ જઈ રહ્યો હતો અને કાળ ભેટ્યો હતો.પ્રાથમિક માહિતી અનુસાર, આ પરિવાર મહેસાણા તરફ જઈ રહ્યો હતો, પરંતુ રસ્તો ભૂલી જવાને કારણે તેઓ અમદાવાદ તરફના રસ્તે નીકળી ગયા હતા. પાદરા રોડ તરફ જતી વખતે અકસ્માત સર્જાયો હતો. જેમાં ઈકો કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો.



# અમદાવાદની સ્કૂલોમાં ફાયર સેફ્ટીનું થશે સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરાયું

## જગ્યા નથી ક્યાં ભણું, બેઘર કરી દીધા, રોડ પર ભણું?; મહિલાએ ફિનાઈલ પીધું : પોલીસને સ્થાનિકોના ભારે આક્રોશનો સામનો કરવો પડ્યો હતો

### DEOની ટીમ ગ્રાઉન્ડ પર ઉતરી રિપોર્ટ તૈયાર કરશે, બેદરકારી દાખવનાર સ્કૂલો સામે થશે કડક કાર્યવાહી



અમદાવાદ | અસહ્ય ગરમીના કારણે આગ લાગવાની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે. તેમજ થોડા દિવસ પહેલા દિલ્હીમાં હોટેલમાં આગ લાગવાથી અનેક લોકોના મોત થયા હતા. જેથી અમદાવાદ શહેરને શાળાઓમાં આગ લાગવાની ઘટના ન બને તે માટે અગમચેતી રાખવા અને સતર્ક રહેવા શાળાઓને સૂચના આપવામાં આવી છે. તેમજ શાળાઓ શરૂ થતા જ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીની ટીમ દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ પણ કરવામાં આવશે. શહેરની શાળાઓમાં ફાયર સેફ્ટી ના સાધનો ચાલુ છે કે બંધ તેની તપાસ કરી રિપોર્ટ તૈયાર કરવા સૂચના આપવામાં આવે છે. જો કોઈ શાળા ફાયર સેફ્ટીની બાબતમાં બેદરકારી દાખવશે તો તેની સામે કડક કાર્યવાહી પણ થઈ શકે છે.

છેલ્લા કેટલાક દિવસમાં અમદાવાદ શહેરમાં આગ લાગવાની અનેક ઘટનાઓ સામે આવી છે. મોટાભાગે ઈલેક્ટ્રીક ઉપકરણમાં શોર્ટ સર્કિટના કારણે અથવા અસહ્ય ગરમીના કારણે એસી સહિતના ઈલેક્ટ્રિક ઉપકરણોમાં આગ લાગી હોવાનું સામે આવ્યું છે. તેમજ આવતીકાલથી (8 જૂન) અમદાવાદ શહેરની તમામ શાળાઓ શરૂ થવા જઈ રહી છે. શાળાઓમાં એસી અને કોમ્પ્યુટર સહિતના ઈલેક્ટ્રિક ઉપકરણનો ઉપયોગ વધારે થતો હોય છે. જેથી શાળાઓમાં આગ લાગવાની કોઈ ઘટના ન બને અને વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખીને શાળાઓને એલર્ટ રહેવા માટે સૂચના આપવામાં આવી છે.

તેમજ શાળાઓ શરૂ થયા જ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ તેમની ટીમને સરપ્રાઈઝ ચેકિંગ કરવાની સૂચના આપી છે. શહેરની તમામ શાળાઓ પાસે ફાયર NOC તો છે. પરંતુ ફાયર સેફ્ટીના સાધનો ચાલુ હાલતમાં છે કે પછી બંધ હાલતમાં તેની ચકાસણી કરવામાં આવશે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીની ટીમ દ્વારા તમામ શાળાઓમાં ફાયર સેફ્ટીના સાધનોની ચકાસણી કરી રિપોર્ટ તૈયાર કરી DEOને સોંપવામાં આવશે. સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન જો કોઈ શાળાની બેદરકારી સામે આવશે અથવા ફાયર સેફ્ટીના ઉપકરણો બંધ હાલતમાં હશે તો તેના સામે કડક કાર્યવાહી પણ થઈ શકે છે.

અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, શહેરની તમામ શાળાઓ પાસેથી દર મહિને ફાયર સેફ્ટીને લઈને રિપોર્ટ માંગવામાં આવે છે. અત્યારે એક પણ શાળા એવી નથી કે જેના પાસે ફાયર NOC ન હોય. પરંતુ ખાલી ફાયર NOC હોય તેનાથી વિદ્યાર્થીઓની સુરક્ષા પૂર્ણ થાય. તેમજ આગામી સમયમાં શાળાઓ અને નવું સત્ર શરૂ થવાનું છે, જેથી અમારી ટીમને સૂચના આપવામાં આવી છે કે શાળાઓમાં ફાયર સેફ્ટીના સાધનો ચાલુ છે કે બંધ તેની પૂરેપૂરી ચકાસણી કરવામાં આવે. તેમજ પ્રિ-મોન્સૂન એક્ટિવિટીના ભાગરૂપે શાળાઓમાં ગરમીના કારણે કોમ્પ્યુટર રૂમમાં અને એસી સહિતના ઈલેક્ટ્રિક ઉપકરણમાં આગ ન લાગે તેની તકેદારી રાખવા સૂચના અપાઈ છે.

વધુમાં રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, અસહ્ય ગરમીના કારણે ઈલેક્ટ્રીક ઉપકરણમાં આગ લાગવાની ઘટના વધારે બનતી હોય છે. દિલ્હીમાં પણ આગની ઘટનામાં અનેક લોકોના મોત થતા શાળાઓમાં વિદ્યાર્થીઓની સલામતીને પ્રાથમિકતા આપવા માટે સૂચના આપવામાં આવી છે. તેમજ એલર્ટ રહેવા માટે પણ શાળાઓને આદેશ આપવામાં આવ્યા છે. જેથી શાળાઓ શરૂ થાય ત્યારે ફાયર સેફ્ટીના સાધનોની ચકાસણી કરવામાં આવશે. ઓવરકોન્ફિડન્સ રાખવાના બદલે વિદ્યાર્થીઓની સલામતીના કારણે ફાયરના પૂરતા સાધનો પણ શાળાઓમાં રાખવા સૂચના અપાઈ છે. તેમજ સ્ટાફને પણ ફાયર સેફ્ટીમાં સાધનોની તાલીમ આપવામાં આવશે. ફાયરની બાબતોમાં કોઈપણ પ્રકારની શાળાની બેદરકારી ચલાવી શકાય નહીં. જેથી કોઈ શાળા બેદરકારી રાખશે તો કડક કાર્યવાહી પણ કરવામાં આવશે.

## 400 CCTV ફંફોળી પોલીસે જોડીયા ભાઈ સહિત ત્રણને શોધી કાઢ્યા:વટવા રેલવે સ્ટેશનથી ટ્રેનમાં બેસી મુંબઈ ફરવા નીકળ્યા હતા, સાયકલ પર જુહુ અને બાંદ્રા ફર્યા

અમદાવાદ | અમદાવાદના વટવા વિસ્તારમાં રહેતા બે જોડીયા ભાઈ અને એક યુવક ઘરેથી કોઈને કહ્યા વગર સાયકલ સાથે ટ્રેનમાં બેસી નીકળી જતા પરિવારજનો ચિંતામાં મૂકાયા હતા. બંને ભાઈઓ અને યુવક અમદાવાદથી મુંબઈ ગયા હોવાનું સામે આવ્યું છે. પોલીસે ત્રણેયને શોધવા માટે 400 જેટલા સીસીટીવી ફંફોળ્યા હતા. ત્રણેય મુંબઈના જુહુ અને બાંદ્રામાં સાયકલ લઈ ફર્યા હતા. મુંબઈથી પરત વડોદરા આવ્યા હતા. વડોદરા સ્ટેશન પર જ્યારે હતા ત્યારે જ પોલીસે ત્યાં પહોંચી ત્રણેયને કબજો લીધો હતો. જ્યારે બંને જોડીયા ભાઈનું તેના માતાપિતા સાથે મિલન કરાવાયું ત્યારે પોલીસ સ્ટેશન પર ભાવુક દૃશ્યો સર્જાયા હતા.



આ અંગેની વિગત એવી છે કે વટવા વિસ્તારમાં 12 વર્ષના બે સગા જોડીયા ભાઈઓ અને 18 વર્ષનો યુવક રહે છે. ત્રણેય 29 મેના રોજ તેમના મિત્રના જન્મદિવસની ઉજવણીમાં ભેગા થયા હતા. બર્થ ડે પાર્ટી દરમિયાન આ ત્રણેય મિત્રોએ બહાર ફરવા જવાનો પ્લાન બનાવ્યો હતો. 31 મેના રોજ બપોરે વટવા વિસ્તારમાંથી આ ત્રણેય ભેગા મળીને નીકળી ગયા હતા. બે ભાઈઓ અને યુવક ઘરે ન હોવાની જાણ માતા-પિતાને થતા તેઓ પોલીસ પાસે પહોંચ્યા હતા ને પોલીસ દ્વારા શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

ત્રણેય મિત્રો પોતાની સાયકલો લઈને વટવા રેલ્વે સ્ટેશન પહોંચ્યા હતા. ત્યાંથી સાયકલ સાથે જ ટ્રેનમાં બેસીને તેઓ પહેલા વડોદરા (બાજવા) સ્ટેશને ગયા હતા. રાતનો સમય થયો હોવાથી તેઓ રાત્રે જ રેલવે સ્ટેશન પર સુઈ ગયા હતા અને પછી મુંબઈ જવાની ટ્રેનમાં તેઓ બેસી ગયા હતા. ટ્રેનમાં સાયકલ પોતાની સાથે જ રાખી હતી.મુંબઈમાં બે દિવસ રોકાયા હતા. સાયકલ પોતાની સાથે જ હતી અને સાયકલ ઉપર તેઓ જુહુ ચોપાટી, બાંદ્રા અને અન્ય જોવાલાયક સ્થળોએ ગયા હતા.

વટવા પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા બાળકો પોતાના ઘરેથી નીકળ્યા ત્યારબાદ રોડ પરના અને અલગ અલગ જગ્યાના સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવ્યા હતા. રેલવે સ્ટેશન પરના સીસીટીવી ફૂટેજ જ્યારે તપાસવામાં આવ્યા ત્યારે પોલીસને રેલવે સ્ટેશન પર સાયકલ લઈને જતા જોવા મળ્યા હતા. જેથી ટ્રેનમાં બેસી અને ગયા હોવાની શંકા ગઈ હતી અને પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. વટવા પોલીસે ઘટનાની ગંભીરતા જોઈ અલગ-અલગ ટીમો બનાવી હતી. મુંબઈ સુધીના રેલ્વે સ્ટેશનો અને મોટા શહેરોમાં બાળકોના ફોટા સોશિયલ મીડિયા અને લોકલ પોલીસમાં વહેતા કરી ટેકનિકલ સર્વેલન્સની મદદથી તપાસ શરૂ કરી હતી.

ત્રણેય મિત્રો 4 જૂનના રોજ મુંબઈથી ટ્રેન પકડીને તેઓ પરત વડોદરા રેલવે સ્ટેશન આવ્યા હતા અને ત્યાં રાત્રે સ્ટેશન નજીક સુતા હતા ત્યારે જ અલગ અલગ સીસીટીવી ફૂટેજ અને માહિતીના આધારે તપાસ કરતાં વડોદરા રેલવે સ્ટેશન પર પરત આવ્યા હોવાથી પ્લેટફોર્મ ઉપર તપાસ કરતા બીજા લોકો સુતા હતા ત્યાં ત્રણેય સૂતેલી હાલતમાં વટવા પોલીસની ટીમને મળી આવ્યા હતા. વટવા પોલીસ દ્વારા ત્રણેયને અમદાવાદ પરત લાવવામાં આવ્યા હતા અને તેમના માતા પિતાને સહી સલામત સોંપવામાં આવ્યા હતા.

વટવા પોલીસ સ્ટેશનના પીઆઈ એ.એ.વછેટાએ જણાવ્યું હતું કે 12 વર્ષના બે જોડીયા ભાઈઓ અને 18 વર્ષીય યુવક ફરવા માટે ઘરેથી નીકળીને વટવા રેલવે સ્ટેશનથી સાયકલ લઈને ટ્રેનમાં બેસી વડોદરા ગયા હતા. વડોદરાથી ટ્રેનમાં મુંબઈ ગયા હતા મુંબઈમાં ત્રણ દિવસ અલગ અલગ જગ્યાઓએ ફર્યા હતા અને મંદિર તેમજ મસ્જિદમાં રોકાયા હતા. દરેક જગ્યાએ સાયકલ લઈને તેઓ ગયા હતા. પોલીસની અલગ અલગ ટીમો બનાવીને રોડ પરથી લઈને રેલ્વે સ્ટેશન સહિતના અલગ અલગ જગ્યાના 400 જેટલા સીસીટીવી ફૂટે તપાસ કર્યા બાદ વડોદરા રેલવે સ્ટેશન પર સુતેલી હાલતમાં મળી આવ્યા હતા. બે બાળકો અને યુવકને સહી સલામત તેમના માતા-પિતાને સોંપવામાં આવ્યા છે 18 વર્ષીય યુવકની માનસિક સ્થિતિ નબળી છે અને તેની સારવાર પણ હાલ ચાલી રહી છે. અગાઉ પણ એક વખત ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગયો તો આવ.

## કોમનવેલ્થના યજમાન અમદાવાદના અંડરબ્રિજમાં ડુબીને મર્યા તો જવાબદારી તમારી!

### ચોમાસામાં 25 અંડરબ્રિજ જોખમી; મ્યુ. કમિશનર ચેતવણી આપી છટક્યાં



અમદાવાદ | એક તરફ અમદાવાદ શહેર કોમનવેલ્થ ગેમ્સ અને ઓલિમ્પિક્સ જેવા વૈશ્વિક આયોજનોના યજમાન બનવા માટે દાવેદારી કરી રહ્યું છે, ત્યારે બીજી તરફ ચોમાસાની શરૂઆતમાં જ તંત્રની લાચારી સામે આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની દ્વારા શહેરીજનોને એક ચેતવણી આપવામાં આવી છે કે, આગામી ચોમાસા દરમિયાન શહેરમાં આવેલા તમામ 25 અંડરબ્રિજમાં પાણી ભરાશે અને જો કોઈ નાગરિક ત્યાંથી પસાર થતાં અકસ્માતનો ભોગ બનશે કે ડૂબશે, તો તેની સંપૂર્ણ જવાબદારી મનપાની નહીં પરંતુ નાગરિકની પોતાની રહેશે. મ્યુનિસિપલ કમિશનરે આ સત્તાવાર જાહેરાત કરીને જવાબદારીમાંથી હાથ ઊંચા કરી લીધા હોય તેવું લાગી રહ્યું છે.

ચોમાસાની સિઝન દરમિયાન અમદાવાદના તમામ 25 જેટલા અંડરબ્રિજોમાં 1 ઈંચથી વધુ વરસાદ પડતાની સાથે જ પાણી ભરાઈ જાય છે. મનપા તંત્ર દ્વારા વાહનચાલકોને અગાઉથી જ કડક ચેતવણી આપી દેવાઈ છે કે પાણી ભરાયેલા અંડરપાસમાંથી પસાર થવું અત્યંત જોખમી છે. જો કોઈ વાહનચાલક જોખમ ખેડીને અંદર જશે, તો તેની કોઈ જવાબદારી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની રહેશે નહીં. તંત્રની આ નીતિ સામે નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે, કારણ કે વેરો વસૂલતું તંત્ર સુવિધા આપવાના બદલે મોતના કૂવા સમાન બનેલા અંડરબ્રિજની જવાબદારી નાગરિકો પર ઢોળી રહ્યું છે.

સામાન્ય રીતે અંડરબ્રિજમાં પાણી ભરાયા બાદ તંત્ર તેને તાત્કાલિક બંધ કરવામાં અને પાણીના નિકાલ માટે પંપ ગોઠવવામાં આવે છે. ઘણી વખત વાહનો ફસાઈ ગયા બાદ જ બ્રિજ બંધ કરવામાં આવે છે. વધુમાં, અંડરબ્રિજોમાં ભરાયેલા પાણીનો નિકાલ થતાં 2 કલાકથી વધુનો સમય લાગી જાય છે. આ સ્થિતિમાં વાહનચાલકોએ ઓવરબ્રિજ જેવા વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરવો પડશે. પરંતુ આ વૈકલ્પિક રૂટો ખૂબ જ લાંબા હોવાના કારણે અને વરસાદી માહોલમાં હજારો વાહનો એકસાથે ત્યાં ડાયવર્ટ થતાં આખા શહેરમાં ટ્રાફિકજામની ભયાવહ સ્થિતિ સર્જાશે.

## ઈસનપુરના વૃદ્ધને શેર બજારમાં રોકાણ કરાવી 90 લાખથી વધુ પડાવ્યા

(એજન્સી) અમદાવાદ | તા. 07

અમદાવાદ શહેરના એક વૃદ્ધે યુટ્યુબમાં રોકાણની જાહેરાત જોઈને એપ્લિકેશન ડાઉનલોડ કરી હતી. જે બાદ ગઠિયાઓએ વૃદ્ધને અલગ અલગ શેરમાં રોકાણ કરવાનું કહીને એપ્લિકેશનમાં ટુકડે ટુકડે 90 લાખથી વધુ રકમ ભરાવડાવી હતી. વૃદ્ધને માત્ર નફાના 22 હજાર રૂપિયા પરત આપ્યા હતા. વૃદ્ધે સાયબર ક્રાઈમમાં અજાણ્યા શખસ સામે ફરિયાદ નોંધાવી છે. તો અન્ય એક બનાવમાં બેન્ક ઓફ ઈન્ડિયાનો ફેક KYC લેટર અને APK ફાઈલ ઈન્સ્ટોલ કરતા નિકોલની મહિલાના ખાતામાંથી 7.46 લાખ સાફ થઈ ગયા છે. ઈસનપુરમાં રહેતા 73 વર્ષીય વૃદ્ધ નિવૃત જીવન ગુજારે છે. યુટ્યુબમાં ઈન્વેસ્ટમેન્ટની જાહેરાત જોઈને તેમણે એક લિંકમાં ક્લિક કર્યું હતું જેમાં ફોર્મ ખુલ્યું હતું તે ભરીને તેમણે વિગતો ભરી એક એપ્લિકેશન ડાઉનલોડ કરી ખાતું ખોલાવ્યું હતુ. ખાતું ખોલાવતા તેમનો એક પોર્ટફોલિયો મેનેજર સાથે સંપર્ક થયો હતો.જે વૃદ્ધને અવારનવાર રોકાણ માટેની ટીપ્સ આપતો હતો.આ એપ્લિકેશનમાં પોર્ટફોલિયો મેનેજર કહેતો તે મુજબ વૃદ્ધ અલગ અલગ રોકાણ કરતા હતા. વૃદ્ધે 14 નવેમ્બરથી 9 એપ્રિલ 2026 સુધી કુલ 90.97 લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું. એપ્લિકેશનમાં રોકાણની સામે વૃદ્ધને મોટી રકમનો નફો પણ બતાવતા હતા જે નફો જોઈને જ વૃદ્ધ લાલચમાં આવી ગયા અને તેમણે 90 લાખથી વધુનું રોકાણ કરી દીધું હતું. રોકાણ કર્યા બાદ શરૂઆતમાં નફો બતાવીને 22 હજાર રૂપિયા ઉપાડવા પણ દીધા હતા.જેથી વૃદ્ધને વિશ્વાસ આવી ગયો હતો. વૃદ્ધે પાંચ મહિનામાં કુલ 90 લાખથી વધુનું રોકાણ કર્યું જેની સામે કરોડો રૂપિયાનો નફો બતાવતા હતા. વૃદ્ધ જ્યારે એપ્લિકેશનમાંથી પૈસા ઉપાડવા ગયા ત્યારે તેમનું એકાઉન્ટ ફ્રીજ થઈ ગયું હતું અને મેસેજ આવ્યો હતો કે જેમાં તેમણે પોર્ટફોલિયો મેનેજર અને અન્ય લોકોને મેસેજ અને કોલ કર્યા પરંતુ સામેથી કોઈ જવાબ આવતો ન હતો..

## હવે સરપંચો પોલીસના બાતમીદાર બનશે? : દહેગામમાં યુવકના શંકાસ્પદ મોત બાદ પોલીસની ઊંઘ હરામ

(એજન્સી) ગાંધીનગર | તા. 07

દહેગામ તાલુકાના વાસણા સોગઠી ગામે તાજેતરમાં બુટલેગરના ત્યાં દારૂ પીવા ગયા પછી એક યુવકના રહસ્યમય રીતે મોતની ઘટનાએ સમગ્ર પંથકમાં દારૂના દૂષણ સામે ભારે આક્રોશ જગાવ્યો છે. આ મામલે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોધી મૃતકનું પેનલ ડોકટરો થકી પોસ્ટમોર્ટમ કરાવી રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. આ ઘટના પછી પણ દહેગામ પોલીસે બૂટલેગરો પર સીધો જ અંકુશ મેળવવાને બદલે હવે સરપંચોનું વૉટ્સએપ ગ્રુપ બનાવી તેમને જ બાતમીદાર બનાવવાની સ્કીમ તરતી મુકતા સરપંચો મુઝવણમાં મુકાવાની સાથે પોલીસ બેડામાં પણ આ મુદ્દો ચર્ચાનો વિષય બની ગયો છે.

દહેગામ તાલુકાના વાસણા સોગઠીના મોટાવાસમાં રહેતા સુરેશભાઈ દિલીપસિંહ ચૌહાણનું ગત 4 જૂનના રોજ શંકાસ્પદ સંજોગોમાં મોત નિપજ્યું હતું. મૃતકના પરિજનોનો આક્ષેપ છે કે, 4 જૂનની રાત્રે પોણા નવ વાગ્યે ગામમાં દેશી દારૂ વેચતા એક બુટલેગરે ફોન કરીને સુરેશભાઈને તેમના ઘરે આવ્યા હોવાથી તેમને લઈ જવા કહ્યું હતું. જેની દસ મિનિટ બાદ બુટલેગરે ફરી ફોન કરી સુરેશભાઈ નીકળી ગયા હોવાની જાણ કરી હતી. જોકે પરિવાર અડ્ડા પર પહોંચતા બુટલેગર કે સુરેશ ચૌહાણ બંનેમાંથી કોઈ હાજર મળ્યુ નહોતુ.

ત્યારબાદ સુરેશભાઈ રહસ્યમય સંજોગોમાં ગૂમ થઈ જતા પરિવારે શોધખોળ કરી હતી. દરમિયાન બે કિમી દૂર રાત્રે સાડા દસ વાગ્યે શિયાવાડા કુઈ ચોકડીથી ભાટઈ ગામ તરફ જવાના રસ્તે ખાત્રીબાના ગરનાળા પાસે સુરેશભાઈની રોડની સાઈડથી લાશ મળી આવી હતી. આ ઘટનાના પગલે હોબાળો મચી જતા દહેગામ પોલીસ દોડતી થઈ ગઈ હતી. બાદમાં મામલો મોટુ ચકચારી સ્વરૂપ ધારણ કરે એ પહેલા જ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોધી મૃતકનું પેનલ ડોકટરો મારફતે પોસ્ટમોર્ટમ કરાવી લાશ પરિવારને સોંપી હતી.

## મહેસાણાથી ગાંધીનગર સુધીના દારૂ નેટવર્કનો પર્દાફાશ

ગાંધીનગર | કલોલ તાલુકા પોલીસે પૂર્વ બાતમીના આધારે ફિલ્મી ઢબે પીછો કરી બાલવા ગાંધીનગર રોડ પર બાપુ કોલેજથી આગળ રાંધેજા ફાટક પાસે ટાટા સફારી ગાડીને આંતરી લઈ રૂ.11.19 લાખના મુદ્દામાલ સાથે પેથાપુરના બુટલેગરને ઝડપી લેવાયો છે. આ કાર્યવાહીમાં મહેસાણાના ખેરાલુથી ગાંધીનગરના પેથાપુર સુધી વિદેશી દારૂનો મોટો જથ્થો ઘુસાડવાના નેટવર્કનો પર્દાફાશ થયો છે. પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, કલોલ તાલુકા પોલીસની ટીમ નારદીપુર આઉટપોસ્ટ વિસ્તારમાં નાઈટ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન PI જે. જે. ગઢવીને ચોક્કસ બાતમી મળી હતી કે, એક સફેદ કલરની ટાટા સફારી ગાડીમાં માણસા તરફથી વિદેશી દારૂનો જથ્થો ભરીને બાલવા થઈ ગાંધીનગર તરફ જનાર છે. આ બાતમીના પગલે પોલીસે બાલવા ચોકડી પાસે નાકાબંધી કરી હતી. જેના થોડા સમય બાદ બાતમી મુજબની ગાડી આવતા પોલીસે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે કાર ચાલકે પોલીસને જોઈને ગાડી ઉભી રાખવાને બદલે હંકારી મૂકી હતી. જેના પગલે પોલીસે કારનો ફિલ્મી ઢબે પીછો કરી બાલવા-ગાંધીનગર રોડ પર બાપુ કોલેજથી આગળ રાંધેજા ફાટક પાસે આખરે ગાડીને કોર્ડન કરી ઝડપી લીધી હતી. બાદમાં ગાડીની તલાશી લેતા તેમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની 720 બોટલ અને બીયરના 72 ટીન મળી આવતા ગાડીના ચાલક સુરેશ શનાજી ઠાકોર (રહે. પેથાપુર, ગાંધીનગર)ની ધરપકડ કરી હતી. જેણે પ્રાથમિક પૂછપરછમાં કબૂલાત કરી હતી.

## દૂષિત પાણી મુદ્દે દિલ્હી સુધી પડઘા પડતા AMC તંત્ર જાગ્યું : SOP બનાવવામાં આવી




અમદાવાદ | અમદાવાદમાં મુખ્યમંત્રીના મતવિસ્તારમાં દૂષિત પાણીના કારણે માંદગીના કેસ સામે આવ્યા બાદ મામલો દિલ્હી સુધી પહોંચતા AMC તંત્ર સફાળુ જાગ્યું છે. મ્યુનિસિપલ કમિશનર દ્વારા દૂષિત પાણીની ફરિયાદ મામલે એક SOP બનાવવામાં આવી છે. હવેથી શહેરના કોઈ વિસ્તારમાં દૂષિત પાણીની 5 ફરિયાદ આવે તો 6 કલાકમાં તે ફરિયાદનું નિવારણ લાવવાનું રહેશે.

મ્યુનિસિપલ કમિશનર દ્વારા પ્રદૂષિત પાણીને લઈને SOP જાહેર કરતા ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર થી લઈને, વોટર વિભાગના સીટી ઈજનેર, એડીશનલ સીટી ઈજનેર, ડેપ્યુટી હેલ્થ ઓફિસર અને હેલ્થ ઓફિસરને પ્રદૂષિત પાણી આવવાના કિસ્સામાં જવાબદારી સોંપી છે. જો કોઈ વિસ્તારમાં પ્રદૂષિત પાણી હોવા અંગેની ફરિયાદ મળે ત્યારે નાગરીકોનાં હિતમાં અસરગ્રસ્ત પાણીની લાઈનનો પુરવઠો સપ્લાય તાત્કાલીક અસરથી બંધ કરાવી વૈકલ્પીક પાણીની ટેન્કરો દ્વારા સુવિધા પુરી પાડવા કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

પ્રદૂષિત પાણી અંગેની સમસ્યાના નિવારણ માટે યુધ્ધનાં ધોરણે ઉદભવસ્થાન આઈડેન્ટીફાય કરી તેના રીપેરીંગ/રીપ્લેસમેન્ટની કામગીરી અર્થે તાકીદે મશીનરી સ્ટાફ ડિપ્લોય કરી કામગીરી પુર્ણ કરાવવાની રહેશે જેનું એડી.સીટી ઈજનેર (ઝોન) દ્વારા મોનીટરીંગ કરી દર 12 કલાકે ડે. મ્યુનિ. કમિશનર (ઝોન)ને રીપોર્ટ કરવાનો રહેશે.પાણીનાં પોલ્યુશન દુર કરવાની કામગીરી અને અસરગ્રસ્ત વિસ્તારની પાણીની લાઈનનાં વોશઆઉટની પ્રક્રિયા હાથ ધર્યા બાદ પાણીના પુરવઠામાં સંતોષકારક રેસીડયુઅલ ક્લોરીન પ્રાપ્ત થયા બાદ જ પુનઃ સપ્લાય શરૂ કરવાનો રહેશે.

એક જ વિસ્તારમાં બહોળા પ્રમાણમાં પ્રદુષિત પાણીની ફરીયાદોનાં કિસ્સામાં સીટી ઈજનેર (વો. રી.મે.) સાથે સંકલન કરી કાયમી ઉકેલ માટે ઝોન ખાતેથી કાર્યવાહી કરવાની રહેશે. શહેરનાં કોઈપણ વિસ્તારમાં પાંચથી ઓછી પ્રદુષિત પાણીની ફરીયાદનાં કિસ્સામાં ઝોનનાં ડેપ્યુટી સીટી ઈજનેર અને ડેપ્યુટી હેલ્થ ઓફીસર દ્વારા તમામ કામગીરી કાર્યવાહી હાથ ધરી એડી.સીટી ઈજનેરને દૈનીક રિપોર્ટ કરવાનો રહેશે.

ડેપ્યુટી હેલ્થ ઓફિસર દ્વારા અસરગ્રસ્ત વિસ્તાર/ સોસાયટી/ચાલીઓની અંડરગ્રાઉન્ડ ટાંકીમાં અગાઉથી ઉપલબ્ધ પાણીની સાથે પ્રદુષીત પાણી મિશ્ર થયેલ હોય તે કિસ્સામાં સંગ્રહ કરેલ પાણીનો તાકીદે નિકાલ કરવા તથા પાણીની ટાંકીની સફાઈ કરાવવા અંગે અસરગ્રસ્ત વિસ્તાર/સોસાયટી/ ચાલીઓ ને માર્ગદર્શન પુરૂ પાડવાનું રહેશે. અસરગ્રસ્ત વિસ્તાર તથા તેની આજુબાજુના

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...